ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 5 • ISSUE : 12 • MARCH 2018 • PAGES 52 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૫ (કુલ વર્ષ ૬૫) અંક-૧૨ • માર્ચ ૨૦૧૮ • પાનાં - ૫૨ • કિંમત રૂા. ૩૦/-



## જિન-વચન

माणविजएणं भन्ते। जीवे किं जणयइ ?

माणविजएणं मद्दवं जणयइ। माणवेयणिज्जं

कम्मं न बंधइ, पूव्वबद्धं च निज्जरेइ।।

O Bhagavan ! What does the soul acquire by conquering ego?

By conquering ego the soul acquires the quality of tenderness. He does not do any Karma caused by ego and becomes free from the past Karmas.

भन्ते। मान-विजय से जीव क्या प्राप्त करता है ?

मान-विजय से वह मृदुता को प्राप्त करता है। वह मान से उत्पन्न होने वाला कर्मबंधन नहीं करता और पूर्वबद्ध कर्मों को क्षीण करता है।

હે ભગવાન ! માનને જીતવાથી જીવ શું પામે છે ?

માનને જીતવાથી જીવ મૃદુતા પામે છે. માનથી ઉત્પન્ન થતાં કર્મોને તે બાંધતો નથી અને પૂર્વે જે કર્મ બાંધ્યાં હોય તેનો ક્ષય કરે છે.

**ડૉ. રમણલાલ ચી. શાહ 'જિન વચન' ગ્રંથિત માંથી**

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## આચમન

### નરકનો ભય અને સ્વર્ગનું પ્રલોભન

એક પોતાની જાતને જ્ઞાની માનતો સંન્યાસી ઠેકઠેકાણે પ્રવચનો આપવા જતો. એક વખત શરાબીઓ વચ્ચે પ્રવચન આપવા ગયો. પોતાના પ્રવચનમાં મદ્યપાનની ખરાબ અસરો વિષે ઘણું બધું સમજાવ્યું અને કહ્યું કે તેના સેવનથી પ્રચુર પાપોનો બંધ થઈ નરકની યાતના સહન કરવી પડે છે.

શરાબીઓને લાગ્યું કે નરકની યાતનાઓ વિષે જણાવીને સંન્યાસી આપણને ડરાવી રહ્યા છે. શરાબીઓમાં એક દોઢડાહ્યા શરાબીએ સંન્યાસીને સ્હામો સવાલ કર્યો, ''આપને મદ્યપાનના અંજામ વિષે કેવી રીતે જાણ થઈ ? આપે કદિ મદ્યપાન કર્યું છે અને નરકનો અનુભવ લીધો છે ?''

સંન્યાસીએ ત્યારબાદ કહ્યું ''મદ્યપાન છોડવાથી પુણ્યબંધ થઈ અસંખ્ય વર્ષો સુધી સ્વર્ગમાં રહેવાનું સૌભાગ્ય મળે છે.''

આ શરાબીઓ પર સંન્યાસીના પ્રવચનની ખાસ કોઈ અસર ન થઈ. એક વાર એજ શરાબી બોધિસત્ત્વને મળ્યા અને સ્વર્ગ અને નરકની વાતો ન કરતાં એટલુંજ કહ્યું ''હાનિકારક વસ્તુથી જરૂર બચવું જોઈએ. આપ જ વિચાર કરો કે મદ્યપાનથી સ્વાસ્થ્ય અને મન પર અસર થાય છે કે નહીં ? મદ્યપાનથી આર્થિક બરબાદી પણ થાય છે કે નહીં ? દુનિયાની દૃષ્ટિએ પણ આપનું સ્થાન નીચું થતું જાય છે.''

આવી સમજવાળી વાત કહેવાથી શરાબીના મન પર સારી અસર થઈ અને ત્યાર બાદ મદ્યપાન જેવી બુરાઈઓથી દૂર રહી આદર્શ નાગરિક બનવાનો પ્રયત્ન કરવાનું વચન આપ્યું.

હિંદી : સંત અમિતાભ
અનુ. : પુષ્પાબેન પરીખ

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | વ્યક્ત-અવ્યક્ત : મન (તંત્રી સ્થાનેથી...) | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | આવતીકાલનું એ સ્વપ્ન આંખોમાં આંજીએ જૈન ડાયસ્પોરા | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૬ |
| ૩. | સમયની સાથે સાથે | શ્રી રમણ સોની | ૯ |
| ૪. | ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૬ | કિશોરસિંહ સોલંકી | ૧૧ |
| ૫. | સાધનશુદ્ધિના પ્રયોગવીર | ગુણવંત બરવાળિયા | ૧૩ |
| ૬. | ખાલી જગ્યા પૂરો | શ્રી ગુલાબ દેઢિયા | ૧૬ |
| ૭. | એક ધ્યાનાકર્ષક પ્રયોગ ! | શ્રી હરેશ ધોળકિયા | ૧૭ |
| ૮. | તારી લીલા અપરંપાર તેનો કોઈ નવ પામે પાર | શ્રી નટવરભાઈ દેસાઈ | ૧૯ |
| ૯. | શ્રીમદ્ રાજચંદ્રજી - એક બહુઆયામી વ્યક્તિત્વ | આત્માર્પિત દેવાંગભાઈ | ૨૦ |
| ૧૦. | જીવનમાં હળવાશ અનુભવો !!! | જાદવજી કાનજી વોરા | ૨૩ |
| ૧૧. | અભ્યંતરતપ - સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૨૪ |
| ૧૨. | વાચન : જીવન ઘડતરનો કીમિયાગર | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૨૮ |
| ૧૩. | ગાંધીજીનાં અનેક રૂપ : 'બહુરૂપી ગાંધી' | સોનલ પરીખ | ૨૯ |
| ૧૪. | ભરૂચના અનુપચંદ મલુકચંદ : આત્માર્થી શ્રાવક અને શાસ્ત્રજ્ઞ વિદ્વાન | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૩૧ |
| ૧૫. | સરળતાનું સૌંદર્ય - સંતશિશુનું જીવન | ગુણવંત બરવાળિયા | ૩૨ |
| ૧૬. | શ્રીમતી ફાલ્ગુની શાહનો અધ્યાત્મપ્રધાન ચિત્રાંકિત કાવ્યસંગ્રહ અંતર્નાદ | પ્રા. ડૉ. મધુસૂદન એમ. વ્યાસ | ૩૪ |
| ૧૭. | ભેટોની દુનિયા માણો | ફાધર વર્ગીસ પૉલ | ૩૫ |
| ૧૮. | જ્ઞાન-સંવાદ | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૩૬ |
| ૧૯. | ભાવ-પ્રતિભાવ | - | ૩૮ |
| ૨૦. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૪૩ |
| ૨૧. | Fate, Circumstance, Destiny!! | Prachi Dhanvant Shah | ૪૬ |
| ૨૨. | JAINISM THROUGH AGES | Dr. Kamini Gogri | ૪૮ |
| ૨૩. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-વર્તમાન કાર્યવાહક સમિતિ - ૨૦૧૭-૧૯ | - | ૫૦ |
| ૨૪. | અતીતની બારીએથી આજ | શ્રી બકુલ ગાંધી | ૫૧ |
| ૨૫. | જો હોય મારો અંતિમ પત્ર તો.... | નરોત્તમ પલાણ | ૫૨ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯ થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

વિક્રમ સંવત ૨૦૭૪ • વીર સંવત ૨૫૪૪ • ફાગણ વદ -૧૪

માનદ તંત્રી : સેજલ શાહ

## તંત્રી સ્થાનેથી...

## વ્યક્ત - અવ્યક્ત : મન

*જિંદગીના રસને પીવામાં જલ્દી કરો મરીઝ,*
*એક તો ઓછી મદિરા ઓછી ને ગળતું જામ છે.*

**રો**જ સવારે પાંચ વાગે પોટલી લઈને જતો માણસ, પોતાની પોટલીમાં શું લઈ જાય છે? સ્વપ્નો, જીવનનો ભાર, નવું જીવન કે સંકલ્પની ચાવી.

મહાનગરની જિંદગીમાં પોતાના અઢળક સ્વપ્નો સાથે જીવતો માણસ, જાત સાથે તો સંવાદ કરવાનું ભૂલી જ ગયો છે. પણ ક્યારેક યાદ આવતાં જાતને પૂછી પણ લે છે, 'મારે આમ જ અને આજ દિશામાં જવાનું હતું ને? જવાબ મળે ન મળે, ત્યાં તો મહાનગર ફરી એને દોડાવે છે!

સફળતા એટલે શું? સુખની પ્રાપ્તિ કે સમૃદ્ધિ?

અત્યંત રચ્યોપચ્યો માણસ, સુખને - પોતાના, ભ્રમિત ઊભા કરેલાં જાળાઓમાં શોધે છે. ક્યારેક એનું સુખ, મનોરંજનમાં કે ક્યારેક એનું સુખ સત્તા/લોકપ્રિયતા સાથે, તો ક્યારેક ભૌતિક ઉપલબ્ધિમાં જોડાયેલું હોય છે.

મનુષ્ય સંબંધ તો બટકણા હોઈ શકે, બાહ્ય સંબંધો- સમયાધીન હોય છે. જેની સાથે મનનો અતુટ સંબંધ જોડાયેલો છે, તેની સાથે વાત કરવાનો સમય જ નથી. તેને સમજવાનો, તેના અંતરના અતલ ઊંડાણમાં જવાનો સમય નથી, કેવી કરુણ પરિસ્થિતિ!!

ભૌતિક સત્તા સામે ન ઝૂકતો માણસ પોતાના સ્વમાનને જાળવી લે છે, તો બીજી તરફ સંવેદના તેને નબળો પાડે છે. જીવન પોતે જ, પોતાની જાતે સંતુલિત થઈ જતું હોત તો કેટલું સારૂં થાત!

> **આ અંકના સૌજન્યદાતા**
> **શ્રીમતિ ઈન્દિરા ટી. પટેલ**
> **(વાંકાનેર) તથા તેમના**
> **કુટુંબીજનો તરફથી**
> **સ્વ. શ્રી ત્રિલોકચંદ્ર ડી. પટેલના**
> **સ્મરણાર્થે**

જિંદગી, તને હું જ ચાહું છું અને તને રંગીન બનવવા માટે રોજે રોજ અનેક સ્વપ્ન જોઉં છું. તું ક્યારેક શેરી નાકે મળી જાય છે, તો ક્યારેક મોટા હાય વે પર મળી જાય છે, તું મળે ત્યારે અનેક રંગો મને ઘેરી વળે છે. અને ક્યારેક મન સાવ નિર્લેપ બનીને તને જોયાં કરે છે. જીવન એ શું છે અને આપણે એ જીવનમાં શું કરીએ છીએ અને છેવટે જિંદગી પાસેથી આપણી શું અપેક્ષા છે?

★★★

મુંબઈના દરિયા કિનારે ચાલતાં માણસ પાસે અઢળક સ્વપ્નો છે પણ તે સ્વપ્નોને પૂરી કરવાની ચાવી પેલાં દરિયામાં ખોવાઈ ગઈ છે. હવે આ દરિયો એટલો ખારો છે કે તેમાં ડૂબકી મારીને અંદર જવું અઘરું છે. ખારા પાણીમાં ડૂબીને ચાવીને શોધીને બહાર કાઢવી કે પછી બીજે ચાવીને શોધવા નીકળી પડવું કે પછી પોતાની નવી ચાવી બનાવતાં સાહસવીરો બનવું. એ નિર્ણય જાતે કરવાનો છે.

★★★

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટેલિફોન :૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

કેસુડો ડાળીએ ડાળીએ ખીલ્યો છે અને આંબા પર મહોર પણ બેસી ગયા છે. વહેલી સવારનું અંધારું જલ્દી ઓસરી જાય છે અને આકાશ વહેલું સાફ થઈ જાય છે, કાળના ક્રમ મુજબ ઋતુ બદલાય છે, સમય સતત વહ્યા કરે છે. કોઈ આમ જ પૂછે કે કઈ બાજુ જવું છે? ત્યારે મન એક સ્વપ્નસ્થ જગ્યાનું નામ બોલી દે છે. દિવસ આથમતાં ફરી પાછા ઉગનારા નવા દિવસની અપેક્ષામાં નવું ભાથું બાંધી લે છે. આમ રોજ દિવસો પસાર થાય અને મન પૂછે છે કે તારી પ્રાપ્તિની સિદ્ધિ ગણાવ? કેટલા જમા થયા અને કેટલાં સંબંધોને અલંકાર સજ્યા?

ગણતરી કરવા બેસું છું. હથેળીમાં અનેક પ્રસંગો ઊભરાઈ આવે છે, એકબીજાને ધક્કા મારી પ્રસંગો આગળ ધસી રહ્યાં છે, પરંતુ હું સ્થિતપ્રજ્ઞ થઈ જોઉં છું, હવે આ પ્રવાહ પાછો ફરે તો સારું, પરંતુ એમ નથી બનતું. કેટલાંક પ્રસંગો પોતાની સત્તા જમાવી, પોતાને અનુરૂપ પરિસ્થિતિ સર્જે છે.

હું એમાં ક્ષણિક વહી જાઉં છું અને ફરી પાછી સ્થિર થાઉં છું. સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ અમુક પરિસ્થિતિમાં ન જ સમજાય. ત્યારે અનુરૂપ નિર્ણય જરૂર બને છે.

જીંદગીના ચોસલા ગોઠવવામાં દરેકને ખુશ નથી રાખી શકાતું અને દરેકને દુઃખી નથી કરી શકાતું. કેટલાંક નિર્ણયોનો કોઈ તાર્કિક ઉકેલ નથી અને કેટલીક તાર્કિકતા અસંગત લાગે છે. આ બધા જ આડા-અવળાં છેદતા, વીંધતા અવસરોમાંથી બહાર આવેલ આ 'નગરનો૦ માણસ'.

તેની પાસે કયા સમય છે આ રોજીંદી જિંદગીના હિસાબોને સમજવાનો?

શું પામ્યું અને શું ગુમાવ્યું? **આ ભૌતિકતાના અપાર આંકડાઓની વચ્ચે ચેતનાના આંકડાઓને પરવા કોને પડી છે?**

એક તરફ લોકપ્રિયતા અને સ્વીકારના મહેલમાં પ્રવેશવા માટે મન તલપાપડ થઈ રહ્યું છે, તો બીજી તરફ પેલી આંતરિક ચેતના એકાંત ભણી ધકેલે છે.

**સમુહનું ખેંચાણ અને એકાંતની તરસ વચ્ચેનો સંઘર્ષ નગરના સંઘર્ષ કરતાં મોટો છે.**

શું આ જ છે પ્રાપ્તિ?

આ જ છે સિધ્ધિ?

જીવનનો ફેરો ફળ્યો ખરો? આવા સવાલ સાથે સંબંધ બાંધવાનો સમય નથી. **'હું શું છું?'** એવાં કોઈ કુતુહલ સાથે આપણને કોઈ સંબંધ છે ખરો?

**'રોજે રોજ ઘરેથી નીકળતો અને ઘરે પહોંચતો માણસ કેટલો વપરાઈને ખવાઈ ગયો છે,** તેની, તેને ખબર છે ખરી? **રોજે રોજ તેમાંથી જે ખરી જાય છે, તે છે તેની સાહજિકતા, જીવનનો અમૂલ્ય સમય અને તેનું બાળપણ.**

જે તેને નથી સાચવ્યું તે છે તેની નિર્દોષતા, ભોળપણ અને નિસ્વાર્થપ્રેમ.

પત્તાનો ખડખડાટ મનને હરી લે છે અને મન અહીંથી ત્યાં ભટક્યા કરે છે. સંતોષ, સુખ અને તૃપ્તિ વચ્ચેનો ભેદ સમજી લેવાની જરૂર છે. પ્રાપ્તિની સમજ સાથે છીછરા/ભૌતિક અર્થો જોડાયેલા છે. 'મને મળી ગયું' એક નાનકડી આ લાઈન જાણે આખા જગતને પામવાની આપણી શક્તિ પર રોક લગાવી દે છે, મળી ગયું સાથે સંતોષ ને ભૌતિકતામાં અટકી જતું મન! હવે આ પ્રાપ્તિનું ક્ષણિક સુખ 'મન'ને, ભરમાવી દે છે. હું માનું છું કે મને મળી ગયું એટલે ખુશ પણ થઈ જાઉં છે અને હવે મૂળ સત્ય સુધી જવાની મારી ઈચ્છાશક્તિને અહીં રોક લાગી જાય છે. અહીં એક પ્રાપ્તિ, બીજી પ્રાપ્તિને પામતાં રોકે છે, કારણ મન સુખ શોધે છે, મનને ખબર નથી કે તેને તો તૃપ્તિને પ્રાપ્ત કરવાની છે. રણની અનુભૂતિ તરસનો અર્થ સમજાવે, પણ પાણીનું મૂલ્ય તો આંતરિક તરસથી જ જન્મે.

આ ગમા-અણગમા, પસંદ-નાપસંદના આવરણો દરેકે પોતાની આજુબાજુ રચ્યા છે. આ આવરણને પોતાના ગૌરવ સાથે જોડે છે, ખરેખર તો જેનાથી મુક્ત થવાનું છે, તેને જ પોતાનું ગૌરવ ગણી બેસેલા આ માનવીને શું કહેવું? પત્તાનો ખડખડાટ એ આપણી એષણા, સ્વપ્નો, ઝંખના છે. મનને સ્થિર રાખતી વખતે આ બાબત ખલેલ પહોંચાડે છે, પરંતુ આ ખલેલને દુર નથી કરી શકાતી કારણ આ અવરોધ છે-તેવું સમજવાનું હજી બાકી છે કેવી છે આ અવસ્થા? **જ્યાં પ્રાપ્તિ છે તેને સમજવાની બાકી છે અને જે મેળવવા માટેની હાયવોય છે તે જ તૃપ્તિની ક્ષણોથી દુર રાખે છે.**

વાત થોડીક અટપટી લાગે છે. કારણ આપણને બધીજ ગળચટ્ટી વાતોની આદત પડી ગઈ છે. ઉપરનું શાબ્દિક ચિત્ર જોઈને બધા જ આનંદિત થઈ જાય છે, પણ એમાં પ્રવેશ કરી, એનાં તારેતારને છૂટા કરી, એને સમગ્રતયા પામવાની, સમજવાની ધીરજ કયાં છે? સમુદ્રના મોજાંના ઉછળાટ સાથે ઉછાળા મારવા કોને ન ગમે? રોમાંચક ક્ષણોનો આવેગ, ગૌરવને પોષે, બધાની જ નજર હોય એ જગ્યા બહુ પ્રિય લાગે. પણ એ જ સમુદ્રના અતલ ઊંડાણમાં, સાવ નિર્લેપ બની પોતાના આનંદની મોજ કરવી, બધી ભાજગડથી છૂટીને! કેટલું સરસ! **અભાવથી મુક્ત થવાનો ભાવ કેળવવો, સ્વભાવને પારદર્શી કરવાની આ ગતિ.**

અધ્યાત્મ શાંતિ એ જરૂરિયાત છે, પણ ભૂખ નથી, માટે નથી પામી શકાતી. જ્યાં સુધી સમજને, અનુભવમાં પરાવર્તીત નથી કરી શકાતી, ત્યાં સુધી અંતિમ પ્રાપ્તિનું શિખર દૂર ભાસે છે.

ઈશ્વર-પ્રાપ્તિ એ માનવજીવનનું સર્વોચ્ચ લક્ષ્ય છે એવું રામકૃષ્ણ પરમહંસ માનતા હતા. એમના મતે, 'કામ' તેમ જ 'અર્થ' મનુષ્યને, ઈશ્વરમાર્ગ પરથી ચલિત કરે છે; એમના વિચાર મુજબ

''કામ-કાંચન'' અથવા ''કામિની-કાંચન''નો ત્યાગ કરવાથી ઈશ્વરમાર્ગ પ્રગટ થાય છે. તેઓ 'માયા' શબ્દ માટે દર્શાવતા કે જગતમાં 'અવિદ્યા માયા' (અર્થાત કામના, વાસના, લોભ, મોહ નિષ્ઠુરતા ઈત્યાદિ) મનુષ્યને ચેતનાના સૌથી નિમ્નતમ સ્તરે લઈ જાય છે. આ જ માયા મનુષ્યને કર્મના બંધનમાં તેમ જ જન્મ-મૃત્યુના ફેરામાં જકડી રાખે છે. બીજી બાજુ જગતમાં 'વિદ્યા માયા' (અર્થાત આધ્યાત્મિક ગુણ, જ્ઞાન, દયા, શુદ્ધતા, પ્રેમ, ભક્તિ ઈત્યાદિ) મનુષ્યને ચેતનાના સર્વોચ્ચ સ્તરે લઈ જાય છે, અને મનુષ્યને મોક્ષ તરફ દોરી જાય છે.

આ વાતથી આપણે પરિચિત છીએ, પણ વ્યવહારમાં લાવવામાં મુશ્કેલી નડે છે, મારું સતત વાંચન કદાચ મને એ તરફ પ્રવૃત્ત કરશે.

*પૂર્ણ રુપે વ્યક્ત થા, સાકાર બન;*
*એ રીતે અવ્યક્તનો અણસાર બન.*
*વૃક્ષ જેમ જ ઊભવાનું છે નિયત,*
*કોઈ કુમળી વેલનો આધાર બન.*

*પિંડ પાર્થિવ પણ પછી પુષ્પિત થશે,*
*તું અલૌકિક સુરભિનું આગાર બન.*
*ચિત્તને જો ક્યાંય સંચરવું નથી-*
*સ્થિર રહીને સર્વનો સંચાર બન.*

*કૈં ન બનવું એ ય તે બંધન બને,*
*તો બધું બન, એ ય વારંવાર બન.*
*આદ્ય જેવું જો નથી તો અંત કયાં,*
*એના જેવું તું ય અપરંપાર બન.*

**- રાજેન્દ્ર શુક્લ**

***જાનામી ધર્મમ ન ચ મે પ્રવૃત્તિ***
***જાનામી અધર્મમ ન ચ મે નિવૃત્તિ***

ધર્મ શું છે, એ હું જાણું છું પણ પ્રવૃત્ત થઈ શકતો નથી અને અધર્મ શું છે, તે પણ જાણું છું, પણ તેમાંથી નિવૃત થઈ શકતો નથી. આ મૂંઝવણ ગજબની છે. મોહનું પ્રિય આવરણ છૂટી શકતું નથી, જાગૃતિ સાથેનો અભિન્ન સંબંધ બાંધ્યા છતાં, જ્યાં સુધી એ પ્રવૃત નથી થઈ, ત્યાં સુધી હાથમાંથી સરી જતા પાણી જેવી સ્થિતિ છે.

આ વહી જતું પાણી, રેતાળ પ્રદેશમાં વહે છે અને તે વ્યર્થ બની જાય છે, હે મનુષ્ય, હવે તો જાગ.

❑ **સેજલ શાહ**
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના માનવંતા મંત્રીશ્રી નીરૂબેન શાહનું તાજેતરમાં શ્રી કોટ હિન્દુ સ્ત્રી મંડળના કોકિલાબેન અંબાણીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.** નીરૂબેન આ સંસ્થામાં છેલ્લા ૩૮ જેટલા વર્ષથી સેવા આપી રહ્યાં છે, ત્યાં ચાલતાં એક્યુપ્રેશર કેન્દ્રમાં તેઓ દર અઠવાડિયે બે વાર પોતાની સેવા આપતાં. મહિલાઓના કૌશલ્યનો સમાજના સેવા કાર્યમાં ઉપયોગ કરવાથી સમાજ અને સ્ત્રી બંનેનો વિકાસ થાય છે. આટલાં વર્ષોથી એક્યુપ્રેશરના પોઈન્ટ આપતાં અને અન્ય બહેનોને તેની ટ્રેનીંગ પણ આપતાં, આના કારણે અનેક દર્દીઓને ફાયદો થયો છે. આદરણીય નીરૂબેન શાહને મળેલા આ સન્માન બદલ ખૂબ અભિનંદન અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ગૌરવ અનુભવે છે.

**પ્રબુદ્ધ જીવનનો આગામી**

## એપ્રિલ ૧૮ વિશેષાંક 'ગ્રંથ વિશેષાંક' રહેશે.

જૈન આચાર્યો-મહારાજસાહેબોએ જૈન શાસ્ત્રપરંપરાના વિકાસ અને ભાવવિસ્ફોરણમાં અનન્ય પ્રદાન કર્યું છે.

આ વિશેષાંકમાં જૈન જ્ઞાનપરંપરાના કેટલાક શિખરગ્રંથો વિશે વર્તમાન જૈન આચાર્યો-મહારાજસાહેબોના લખાણો પ્રકાશિત થશે. વર્તમાન અને ભાવિ અભ્યાસી-સંશોધકોને આ અંક ઘણો જ ઉપયોગી નીવડશે. આનું સંપાદન કરી રહ્યાં છે :

**શ્રી હર્ષવદન ત્રિવેદી અને ડૉ પાર્વતીબેન ખીરાણી**

આપની આગોતરી નકલ ઓફિસમાં નોંધાવશો.

**ફોન નંબર : ૦૨૨-૨૩૮૨૦૨૯૮**

# આવતીકાલનું એ સ્વપ્ન આંખોમાં આંજીએ - જૈન ડાયસ્પોરા

**કુમારપાળ દેસાઈ**

કેટલાય વર્ષોથી મનમાં એક સ્વપ્ન સાકાર થાય એવી તીવ્ર ઝંખના રહ્યા કરે છે. જે દેશના વતનીઓ વ્યવસાય કે ઉચ્ચ અભ્યાસ માટે વિદેશમાં વસવાટ કરે તેનો પોતાના 'માદરેવતન' સાથે સતત સંપર્ક-સેતુ જળવાયેલો રહે એવું કંઈક કરવું જોઈએ. ભારતની બહાર આશરે ચાલીસ જેટલા દેશોમાં વસતા જૈનસમાજ સાથે ભારતના જૈનસમાજનો કૌટુંબિક કે સામાજિક સંબંધ હશે, પરંતુ જૈન ધર્મદર્શનના પરસ્પર આદાન-પ્રદાનનો સંબંધ કેટલો? હિટલરના જુલમથી પરેશાન યહૂદી પ્રજા વિશ્વના અનેક દેશોમાં આશરો લેવા ગઈ અને આજે યહૂદી ડાયસ્પોરા જગતના યહૂદી ધર્મ પાળતા લોકોને પોતીકા ધર્મ, સમાજ અને સંસ્કૃતિની ભાવનાથી એકસૂત્રે બાંધે છે. ગુજરાતી ભાષામાં પણ ગુજરાત છોડીને બીજા દેશોમાં ગયેલા સર્જકો સાહિત્યરચના કરીને ગુજરાતી ડાયસ્પોરાને ધબકતું રાખવા પ્રયત્ન કરે છે.

આ સમયે એ સ્મરણ જાગે છે કે ૨૦૦૭માં જુલાઈ મહિનામાં યોજાયેલા જૈના કન્વેન્શનમાં ડૉ. એલ. એમ. સિંઘવીએ જૈન ડાયસ્પોરા કૉન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સમયે ગુરુદેવ શ્રી ચિત્રભાનુ, આચાર્યશ્રી ચંદનાજી, યૂનોના પૂર્વ રાજદૂત ડૉ. એન.પી. જૈન અને કુમારપાળ દેસાઈના વક્તવ્ય સાથે એક ઐતિહાસિક ઘટનાનું આરંભબીજ રોપાયું હતું. આને માટે શ્રી દિલીપભાઈ શાહે ભારે જહેમત ઊઠાવી હતી, બીજ હજી અંકુરિત થવાનું બાકી છે. આજના જૈન સમાજની આ ધાર્મિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક આવશ્યકતા લગભગ વણપૂરી રહી છે.

સાહસ અને વ્યાપારી સૂઝ ધરાવતી પ્રજા કોઈ એક ક્ષેત્રમાં સીમિત રહેતી નથી. વેપારી સાહસ અને ખંત ધરાવનારા જૈન સમાજે ગુજરાત, રાજસ્થાન, બિહાર ઉપરાંત ભારતનાં અનેકવિધ રાજ્યોમાં પોતાનું આગવું પ્રદાન કર્યું છે. એમણે 'અંધારિયા ખંડ' કહેવાતા આફ્રિકાના અજાણ્યા પ્રદેશમાં સાહસભેર પગ મૂક્યો અને એ પછી આજે વેપાર, ઉદ્યોગ, મૅનેજમેન્ટ, કમ્પ્યૂટર જેવાં ક્ષેત્રોમાં કાર્ય કર્યું છે. પ્રત્યેક દેશના જૈન સમાજને જુઓ એટલે ખ્યાલ આવશે કે તેઓ અહિંસા, જીવદયા, તપશ્ચર્યા, ક્ષમાપના, સમન્વય, પર્યુષણ, અનેકાંત જેવાં ધર્મના મૂળભૂત સિદ્ધાંતોનું યથાશક્તિ પોતીકી રીતે પાલન કરી રહ્યું છે.

જૈન પરંપરા એ તત્ત્વજ્ઞાનની પરંપરા છે, માત્ર કોઈ વૈશ્વિક પરંપરા નથી, પણ એ વિચારની, આચારની અને આહારની આગવી શૈલી છે, આથી આ પરંપરાના મર્મને સમજવો, એને અપનાવવી અને એને પરિભાષિત કરવી એ અત્યંત મહત્ત્વની બાબત છે. આધુનિક સમાજમાં જૈન પોતાની પ્રતીતિ, પોતાની અસ્મિતા અને પહેચાન ઊભી કરે તે જરૂરી છે. આ સમાજમાં દૂરદર્શિતા છે, આજે પર્યાવરણની વાત કરવામાં આવે છે. પ્રદૂષણ દૂર કરવાની વાત થાય છે. તરસ લાગે એટલે કૂવો ખોદવાની શરૂઆત થાય છે, જ્યારે જૈન ધર્મમાં હજારો વર્ષ પૂર્વે પ્રકૃતિ સંરક્ષણ, પ્રાણીરક્ષા અને પર્યાવરણની વાત કરવામાં આવી છે. ભગવાન મહાવીરસ્વામીએ 'एक्को हु माणुस्स जाई' (સમગ્ર મનુષ્યજાતિ એક બને) એવો મહાન સંદેશ આપ્યો, ત્યારે આજે જૈન સમાજે એક બનીને અહિંસામય વિશ્વની રચનામાં પોતાનું યોગદાન આપે, તેનો સમય આવી ગયો છે. હિંસા, આતંક, વેરભાવ, ધાર્મિક વિદ્વેષ, પર્યાવરણની અસમતુલા, માનવીની વ્યથિત જીવનશૈલી - એ બધી બાબતોમાં નવી રાહ ચીંધી શકે તેમ છે.

જૈન ધર્મ એ વિશ્વનો એક પ્રાચીન ધર્મ છે. એની પાસે એનાં આગવાં મૂલ્યો, સિદ્ધાંતો અને પરંપરા છે, જેને પરિણામે આજ સુધી એ સતત ચાલુ રહ્યો છે, ભગવાન મહાવીરસ્વામીના સમયમાં અનેક તત્ત્વપરંપરાઓ હતી, પરંતુ એમાંના મોટા ભાગના ધર્મો કે વિચાર પરંપરા આજે અસ્તિત્વમાં નથી, આવી ભારતીય સંસ્કૃતિમાં મહત્ત્વનું પ્રદાન કરનારા ધર્મને અત્યાર સુધી સાદ્યંત જીવંત રાખનારી એની શક્તિને માધ્યમ બનાવીને સંગઠિત સમાજની રચના કરવી જોઈએ.

જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન આગવું હોવાથી એનો સર્વત્ર પ્રસાર થાય તે જરૂરી છે, જેમ કે આ ધર્મ ધર્માંતર (Conversion) માં માનતો નથી. બીજા રાજ્યો કે દેશો પર આક્રમણમાં સહેજે વિશ્વાસ રાખતો નથી, પરંતુ ભાવનાપૂર્ણ જીવનશૈલી, આત્માનુભૂતિ અને અહિંસામાં માને છે. એવા જીવનદર્શનને સહયોગ, સંસ્કાર, સહમતિ, સેવા અને સમર્પણ દ્વારા કાર્યાન્વિત કરવાનો સમય આવી ચૂક્યો છે. આને અભિયાનનું રૂપ આપવાની જરૂર છે. અહિંસાથી અભયની યાત્રા થાય, મૈત્રીથી મનુષ્યતાની યાત્રા થાય, કરુણાથી સંવેદનાની યાત્રા થાય, ત્યારે જૈન સંસ્કૃતિ સાર્થક થાય. આ સમાજ વૈશ્વિક રીતે વાણિજ્યની દૃષ્ટિએ, આચારશાસ્ત્રની દૃષ્ટિએ, પર્યાવરણ, અહિંસા અને જીવનના સંબંધોની દૃષ્ટિએ જોડાયેલો રહે તે જરૂરી છે. જૈનોની સ્વતંત્રતા એ અંગ્રેજ શાસનમાંથી ભારતને મુક્ત કરનારી સ્વતંત્રતા નથી. આ તો એ સ્વતંત્રતા છે કે જેમાં મનુષ્ય સ્વયં આત્માનુશાસનથી જીવી શકે. આજના મૂલ્યવિહીનતા તરફ જતા સમાજમાં, જીવનના સત્યોની ઉપેક્ષા કરતી પરિસ્થિતિમાં અને હિંસા અને આક્રમણનો મહિમા કરતા પરિબળોની વચ્ચે જૈન ધર્મ એની વિશિષ્ટ દૃષ્ટિને કારણે જગતને ઘણું આપી શકે છે અને તે આપવાની જવાબદારી ગમે તે સ્થળ, દેશ કે કાળમાં વસતા પ્રત્યેક જૈનની છે.

જૈન સમાજ પ્રગતિશીલ હોવાને કારણે એ ભારતની બહાર અનેક દેશોમાં ફેલાયો છે. આ સમાજ સંપ્રદાય, ગચ્છ વગેરે ધરાવે છે. આ બધા જ સંપ્રદાયો જૈનત્વની બાબતમાં એક થાય તે જરૂરી છે. कलियुगे संघशक्ति એટલે કે કળિયુગમાં સંઘશક્તિનું મહત્ત્વ છે. આવી સંઘશક્તિ એટલે કે એકતાને ખંડિત કરનારી કેટલીક પરિસ્થિતિઓ હોય છે. જુદા જુદા પંથના લોકો વચ્ચે તીર્થની બાબતમાં, ધર્મગ્રંથની બાબતમાં કે ધર્મના આચારની બાબતમાં મતભેદો જોવા મળે છે. આવા મતભેદો અન્ય ધર્મોમાં પણ પ્રવર્તે છે, પરંતુ ક્યારેક આ મતભેદ મનભેદ અને ઘર્ષણમાં પરિણમે છે. અને એને પરિણામે એક જ સંપ્રદાયમાં માનનારાઓ વચ્ચે અંદરોઅંદર અથવા તો અન્ય સંપ્રદાયો સાથે ઘર્ષણ થાય છે, કોર્ટના કેસ થાય છે. ક્યારેક મારામારી પણ થાય છે. આપણો દૃષ્ટિકોણ સંકુચિત થતો જોવા મળે છે.

હકીકતમાં આપણો દૃષ્ટિકોણ એ વિસ્તારનો છે જેમણે 'वसुधैव कुटुंबकम्' કહ્યું. તે કઈ રીતે સંકુચિત રીતે વિચારી શકે? આ સમયે સૌથી મોટી બાબત ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને લક્ષ્યમાં રાખીને વ્યાપક દૃષ્ટિ કેળવવાની છે. અનેકાંત દૃષ્ટિનું વ્યવહારમાં અમલીકરણ કરવાની છે. 'જૈન ડાયસ્પોરા' આવા વિવિધ ગ્રુપોને એકઠાં કરીને એમની વચ્ચે સંવાદિતા સાધી શકે છે. કોઈ યોગ્ય ઉકેલ શોધી આપે. અમેરિકાની 'જૈના' સંસ્થા, 'અણુવિભા' કે ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી જેવી સંસ્થાઓ જે તે દેશ સાથે ભારતનું અનુસંધાન સાધે છે. આવી એક વિશ્વવ્યાપી સંસ્થાની રચના થવી જોઈએ, જે વિશ્વના પ્રશ્નો વિશે અને વિવિધ દેશોમાં વસતા જૈન સમાજની સમસ્યાઓને વાચા આપી શકે અને જૈન ધર્મ-દેશનાના પ્રસારમાં અગ્રણી ભૂમિકા ભજવી.

જૈન સમાજ એકતામાં દૃઢ શ્રદ્ધા રાખનારો સમાજ છે. મહાવીરની અહિંસા એ માત્ર મનુષ્ય પૂરતી જ મર્યાદિત નથી, પરંતુ-પ્રકૃતિ-પ્રાણીમાત્રને આવરી લે છે. જીવનની એકતા (Unity of Life) માં માને છે, તેથી જૈનસમાજ વચ્ચેની એકતા એ તો પ્રાથમિક વાત છે, એની બુનિયાદ પર જ **'પરસ્પરોપગ્રહો જીવાનામ્'**ની ભાવના સેવતા આ ધર્મની સૃષ્ટિના જડ-ચેતન સમગ્ર સાથેની એકતા સાધી શકાય.

એક એવી સંસ્થાની સ્થાપના કરવી કે જે જૈન ધર્મ વિશે વિશ્વસ્તરે એક અવાજે વાત કરી શકે અને જૈન દર્શનની દૃષ્ટિએ બાહ્ય સંજોગો સામે પોતાનું આગવું વલણ અને અભિગમ દાખવી શકે. અત્યારે પાટીદાર સમાજ અને ઓસવાળ સમાજ આવા વિશ્વવ્યાપી સંગઠનો ધરાવે છે, એવી જ રીતે 'વિશ્વ ગુજરાતી સમાજ' દ્વારા પણ જગતભરનાં વિશ્વનાં જુદાં જુદાં દેશોમાં વસતાં ગુજરાતી સમાજને એકસૂત્રે બાંધવાનો પ્રયાસ ચાલે છે. આવું થાય, તો જૈન ડાયસ્પોરાની વિશ્વવ્યાપી સંગઠન શક્તિનો લાભ મળે.

આ સંદર્ભમાં આ અધિકરણના લેખકે ૨૦૧૭ની ૩જી જુલાઈએ ન્યૂજર્સીમાં યોજાયેલા ઓગણીસમા દ્વિમાસિક જૈના કન્વેન્શનમાં આયોજિત જૈન ડાયસ્પોરા કોન્ફરન્સમાં એક વિશેષ વિચાર વ્યક્ત કરતાં કહ્યું કે જૈન ડાયસ્પોરાને જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ દૃષ્ટિએ જુદી જુદી શાખાઓમાં વિભાજિત કરવો જોઈએ. એની **જ્ઞાન-શાખા**માં જૈન ધર્મના ધાર્મિક, ઐતિહાસિક, આધ્યાત્મિક અને સમગ્ર પરંપરાને અનુલક્ષીને અભ્યાસ થવો જોઈએ, જેમ કે ભારતના જ્ઞાનભંડારોમાં વિપુલ સંખ્યામાં જૈન ધર્મની હસ્તપ્રતો રહેલી છે, પરંતુ એ જ રીતે વર્ષો પૂર્વે જૈન ધર્મની ઘણી મહત્ત્વની હસ્તપ્રતો વિદેશના ગ્રંથાલયોમાં ગઈ હતી અને તે આજે જળવાઈ પણ છે. જર્મની, બ્રિટન, અમેરિકા, ફ્રાંસ, ઈટાલી જેવા દેશોમાં રહેલી જૈન ધર્મની કિમતી હસ્તપ્રતોનું કૅટલોગ કરવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. ભારતના એ સમૃદ્ધ જ્ઞાનવારસાને આપણે અહીં લાવવો રહ્યો. એવી જ રીતે એની જ્ઞાનશાખા દ્વારા દેશ અને વિદેશમાં ચાલતી પાઠશાળાઓ માટે નવા અભ્યાસક્રમો, ધાર્મિક શિક્ષકોને તાલીમ અને પાઠ્યપુસ્તકો તૈયાર કરવાની આવશ્યકતા છે. જેથી સંસ્કારોના મૂળનું સિંચન કરતી આ પ્રવૃત્તિ જળવાઈ રહે. એવી જ રીતે વિશ્વભરની લાયબ્રેરીઓમાં અને ભારતના ગ્રંથભંડારોમાં જુદાં જુદાં જૈન ગ્રંથો ઉપલબ્ધ થાય તેને ઓન-લાઈન કરીને વિશ્વભરનાં અભ્યાસીઓને ઉપલબ્ધ કરાવવા જોઈએ. શ્રી પ્રવીણ શાહના માર્ગદર્શન હેઠળ 'જૈના ઈ-લાયબ્રેરી' આજે સુંદર રીતે આ કાર્ય કરે છે.

જૈન ડાયસ્પોરાની બીજી શાખા તે દર્શન-શાખા. જૈન ધર્મના જ્ઞાનના પ્રસાર માટે પુસ્તકો, પેમ્ફલેટ, વિડિયો વગેરે માધ્યમો દ્વારા કાર્યો કરશે. કેટલાંક માધ્યમો, પુસ્તકો અને મંડળો જૈન ધર્મ વિશે અપપ્રચાર કરતાં હોય તેનો તાર્કિક વિરોધ કરશે. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતના અમલ માટે વ્યાવહારિક, રાજકીય કે આર્થિક દૃષ્ટિએ વિશ્વભરમાં થઈ રહેલાં જુદાં જુદાં પ્રયાસોને વેગ આપશે તેમજ જૈન યોગ જેવી બાબતો અંગે તાલીમ આપશે.

આજે વિશ્વમાં ઈન્ટરફેઈથની પ્રવૃત્તિ દ્વારા ધર્મો એકબીજાની વિચારસરણીને સમજવા અને આદર આપવા પ્રયત્ન કરે છે. આને માટે જૈન ધર્મની પ્રવૃત્તિઓને ઉદાહરણરૂપ ગણી શકાય. જૈનોએ ક્યારેય પોતાના આગવા પ્રદેશની કે રાજ્યની માગણી કરી નથી. ભારતમાં ગોરખાલેંડ, બોડાલેન્ડ જેવી ઘટનાઓથી આપણે વાકેફ છીએ. જૈન પ્રજા જે કોઈ સ્થળે રહી છે ત્યાં ઓતપ્રોત બનીને રહી છે. એણે ક્યારેય ધર્મઝનૂનનો આશરો લીધો નથી, બલ્કે અન્ય ધર્મો સાથે ઉદારપણે હાથ લંબાવ્યો છે. એનું કારણ કે આ ધર્મમાં જાતિ, કુળ કે વર્ણથી મનુષ્ય ઓળખાતો નથી, માત્ર એના કર્મથી અને એના ગુણોથી ઓળખાય છે. પરિણામે ઘણા જૈન આચાર્યોએ અન્ય ધર્મો વિશે ગ્રંથરચના કરી છે. જૈન સાધુને એની પદવી મેળવવા માટે માત્ર પોતાના ધર્મના જ ગ્રંથો નહીં, પણ અન્ય ધર્મના ગ્રંથોનો અભ્યાસ કરવો પડે છે.

કળિયુગમાં સર્વજ્ઞ તરીકે ઓળખાયેલા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે સોમનાથના મંદિરમાં શિવસ્તુતિ કરી હતી, વસ્તુપાળ અને તેજપાળે મસ્જિદને માટે જમીનનું દાન આપ્યું હતું. ત્રણ ત્રણ વર્ષ સુધી વિ. સં. ૧૩૧૩, ૧૩૧૪ અને ૧૩૧૫માં ભારતમાં આવેલા દુષ્કાળ સમયે જગડૂશાએ ખાલી ૧૧૫ અન્નશાળાઓ ખોલાવી હતી, જેમાં કોઈ પણ જાતિ, જ્ઞાતિના ભેદ વગર સહુને અનાજ આપ્યું હતું. આચાર્ય વિજયવલ્લભસૂરિજીએ શીખ ગુરુદ્વારાના મકાન માટે મહત્ત્વનું યોગદાન કર્યું હતું. આચાર્ય બુદ્ધિસાગરસૂરિજીએ હરિજનો માટે છાત્રાલયો ખોલ્યાં હતાં. ઝારખંડ પેટરબાર વિસ્તારમાં આદિવાસી સમાજમાં પરમ દાર્શનિક શ્રી જયંતમુનિજીએ આદિવાસીઓના કલ્યાણ માટે 'જ્ઞાનજ્યોતિ' અને 'નેત્રજ્યોતિ' દ્વારા મહાન સેવાયજ્ઞ કર્યો. વિરાયતનનો જીવંત દાખલો આપણી પાસે છે અને વિશેષ તો જૈન સમાજે બંધાવેલી સ્કૂલો, હૉસ્પિટલો, પાંજરાપોળો અને અન્નક્ષેત્રો સહુ કોઈને માટે ખુલ્લા હોય છે. આજથી ચારસો વર્ષ પહેલા શહેનશાહ અકબર અને આજના સમયમાં મહાત્મા ગાંધીજી એ પણ જૈન ધર્મની વ્યાપક ઉદારતા અને અનેકાંત દ્રષ્ટિથી આકર્ષાયા હતા. મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે અનેકાંતવાદનો અભ્યાસ કર્યો અને તે સમયે તેમણે લખ્યું કે એ દિવસે હું હિંદુને હિંદુની દૃષ્ટિએ અને મુસલમાનને મુસલમાનની દૃષ્ટિએ જોતા શીખ્યો. જૈન ધર્મનો સ્યાદ્‌વાદ એ ઈન્ટરફેઈથ પ્રવૃત્તિની આધારશિલા બની શકે તેમ છે અને તેથી જૈન ડાયસ્પોરા દ્વારા આ ભાવનાઓનો વિશ્વભરમાં પ્રચાર કરવામાં આવે.

ત્રીજી **ચારિત્ર-શાખા**માં ધરતીકંપ, પૂર, સુનામી, લડાઈ જેવી બાબતોમાં વિશ્વના જૈનસમાજે સંગઠિત બનીને આગવું યોગદાન આપવું. વ્યવસાય, વાણિજ્ય અને વેપાર અંગે 'જીતો' સંસ્થા જુદાં જુદાં દેશોમાં કાર્ય કરતી રહી છે. એવી જ રીતે જૈન સોશ્યલ ગ્રુપ, જૈન જાગૃતિ સેન્ટર જેવાં અનેક ગ્રુપો બીજા દેશ પર આવેલી કુદરતી આપત્તિ સમયે પોતાનાં સાધર્મિક ભાઈઓની મદદે દોડી જાય છે. હવે જ્યારે દુનિયા પરસ્પરની નજીક આવી રહી છે, ત્યારે જૈન ડાયસ્પોરાએ આપણી આજની મહત્ત્વની આવશ્યકતા છે. માત્ર જરૂર છે તેને માટે એક વિરાટ આંદોલનની.

❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫ / મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫

## યોગનાં પ્રયોગ

જેમ ગાંધીજી દ્વારા સત્યનાં તેમ ભારતીય સંસ્કૃતિમાં, યોગનાં પ્રયોગ, સમયાંતરે થતા રહ્યા છે. ભગવાન બુદ્ધે કરુણાંનો તો મહાવીરે પણ અહિંસાનો પ્રયોગ કરીને સફળતા મેળવી. વિજ્ઞાનીઓ પણ પોતાની પ્રયોગ શાળામાં, વિવિધ પ્રયોગ કરતા રહે છે. તેને પરિણામે સુખ-સમૃદ્ધિનાં સાધનોનો વિકાસ થતો રહે છે.

યુજ્ એટલે જોડવું, આત્માને પરમાત્મા સાથે જોડવા તે યોગ, એ રમજ સીધી-સાદી છે. આપણો પીંડ પણ બ્રહ્માંડમાંથી વિખુટો પડયો છે, તેથી તે પણ સતત તેનાં મૂળ સાથે જોડાવા મથામણ કરતો રહે છે. આપ જોઈએ તો યોગનો અર્થ ખૂબ સાદો અને સરળ છે : योगः कर्मषु कौशलम्। કર્મમાં કુશળતા પ્રાપ્ત કરવી તે યોગ. આપણે જે કાર્ય કરતાં હોઈએ, તે ધ્યાન દઈને, એકાગ્ર ચિત્તે કરીએ તો તે યોગ બની રહે 'કુશ' નામનું ઘાસ વાઢતી વખતે આંગળીઓમાંથી લોહી ન નીકળવું જોઈએ. શ્રીરામનાં બે પુત્રમાંથી એક લવ અને બીજો કુશ, ઘાસમાંથી બન્યો હતો.

મહર્ષિ અરબિંદોની યોગ સાધના પણ ઉલ્લેખનીય છે. તેમણે યોગ દ્વારા સૂક્ષ્મતત્ત્વને ઉપરથી નીચે ઉતારવાનાં પ્રયોગ કર્યા હતા. સ્થૂળ શરીરમાં, સૂક્ષ્મતાને જાગૃત કરવાનું કાર્ય તેમણે જીવનભર કર્યુ, તેમાં શ્રીમાતાજીએ સાથ-સહકાર આપ્યો. પોંડીચેરીમાં આશ્રય સ્થાપ્યો, અને યોગ-સાધનાને વિકસાવી હતી. આ યોગ શબ્દને પાછળથી ઘણાં પ્રત્યય લાગતાં, સંયોગ-વિયોગ-પ્રયોગ જેવા શબ્દો ઉભરી આવ્યા. નર-માદાનું જોડાણ તે પણ એક પ્રેમ-યોગ જ ગણાય. પુરુષ અને પ્રકૃતિમાંથી પાંગરતું વિશ્વ એ પણ એક યોગનું પરિણામ, યોગ દ્વારા આપણાં આત્માને (Self) ઉંચે ચડાવવાનો રહે છે કે જેથી તે વિશાળતા-વ્યાપકતા કેળવી શકે આ અર્થમાં મહાત્મા ગાંધી પણ યોગી હતા.

આપણાં જૈન યુતિઓ ઉપરાંત સાધુ-સાધ્વીજીઓ પણ ત્યાગ દ્વારા યોગની સાધના કરતાં રહે છે, અપરિગ્રહ અને અનાસક્તિની વૃત્તિ સમાજમાં કેળવતા રહે છે. તેને માટે વ્રતો, ઉપવાસો, ગોચરી, અને સંયમ દ્વારા મુક્તિ કે મોક્ષ મેળવવાની વાત કેંદ્ર સ્થાને રહે છે, સતી સીતાના પિતા જનક વિદેહી પણ યોગી હતા. તેઓ સ્થૂળ શરીરનો કામચલાઉ ત્યાગ કરીને બહાર નીકળી શકતા તથા પુનઃ પ્રવેશી શકતા. વિશેષ દેહને પ્રાપ્ત કરી શકતા હોવાથી તેઓ વિદેહી કહેવાયા. પોતે રાજા હતા, તેથી પ્રજાને સુખી કરવાનાં પ્રયોગો કરતા રહેતાં તેનાં ફળસ્વરૂપ તેમને સીત એટલે સફેદ ચારિત્ર્યવાન કન્યા રત્ન પ્રાપ્ત થયું કે જે શ્રી રામને વરીને અમર થઈ ગયું. જનક અને જનનીનો પણ એક યોગ. વર્તમાનકાળમાં પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીના યોગ, ભારતને ઉન્નત મસ્તકે જીવતાં શીખવી રહ્યો છે, તેઓ જે કંઈ કરે છે, તે પ્રજાને માટે કરે છે, જેની શ્રદ્ધા લોકોમાં જાત્રી રહી છે. આ સંદર્ભે તેનો 'કર્મ-યોગી' જ ગણાય.

**હરજીવન થાનકી, સીતારામનગર, પોરબંદર**

# સમયની સાથે સાથે

## રમણ સોની

(આ અંકથી ગુજરાતી ભાષા-સાહિત્યનાં સંનિષ્ઠ અધ્યાપક અને વિવેચક, 'પ્રત્યક્ષ' સામયિકના સંપાદક ડૉ. રમણ સોની લિખિત એક વિશિષ્ટ લેખમાળાનો આરંભ કરીએ છીએ. જીવનના અનુભવની ગંભીરતા અને હળવાશની તીર્યકતા, બંનેનો સમન્વય અહીં અનુભવવા મળે છે, 'પ્રબુદ્ધ' જીવન સામયિકમાં એમણે લખવાનું સ્વીકાર્યું, એ આપણા માટે આનંદની વાત છે.

અમારા એક મિત્ર. એકદમ બેફિકર. ટ્રેનનો સમય થવા આવ્યો હોય પણ એમને કશો રઘવાટ નહીં. હજુ તો કયાંક નિરાંતે બેસીને ચા પીતા હોય. પછી દોડવાનું થાય. ઊપડતી ટ્રેન પકડી પાડે. સદ્ભાગ્યે આપણે ત્યાં ટ્રેનો સમયસર હોતી નથી - જે દિવસે સમયસર હોય એ દિવસે અમારા મિત્ર અચૂક ચૂકી જાય. એટલે જ અમારા એક બીજા મિત્ર એના પર ખિજાય કેમકે એ પોતે તો કલાક પહેલાં સ્ટેશને પહોંચી જનારા....

સમયની સાથે સાથે રહેવું આપણા માટે કેવું તો મુશ્કેલ હોય છે ! સમયની પાબંદી આપણને અણગમતી હોય છે, અકળાવનારી હોય છે. રોજિંદા જીવનની ઘટમાળમાં આપણે યાંત્રિક રીતે સમયને વશ થતા હોઈએ છીએ - ખાસ કરીને નોકરીમાં - બસ-ટ્રેનમાં આવ જા કરનારા જુઓ અને નોકરી કરતી ગૃહિણીની દશા જુઓ. મિનિટે મિનિટની પાછળ એમને હાંફતા હાંફતા દોડવું પડતું હોય છે, ક્યારેક ઘસડાવું પડતું હોય છે. સમયની સાથે રહેવાનો એમને કોઈ આનંદ હોતો નથી. એટલે રજાને દિવસે એ સમયને હડસેલી દે છે, જાણે કે ઊતરડીને ફેંકી દે છે. તમે સાવ નવરા હો, કશું જ કામ ન હોય એ દિવસે જો આ દોડાદોડી કરનારનો તમાશો જુઓ તો તમને રમૂજ થવાની ને એ સાથે દયા પણ આવવાની. તમને થાય કે, ઓહ, સમય કેટલો નિર્દય છે !

પણ સમય બીજી રીતે પણ નિર્દય બની શકે છે. કેટલાંક કામ આપણે ઠેલતા હોઈએ છીએ - અત્યારે નહીં, હવે સાંજે. આજે જરાક મૂડ નથી, હવે કાલે-પરમ દિવસે. પરમ દિવસે ઓચિંતુ જ કંઈ રોકાણ કે વિઘ્ન આવી ગયું ને આપણે ચૂકી જવાના. દાખલા તરીકે, 'લો, બીલ ભરવાની તારીખ ગઈ !' પછીનો સમય જ આપણને મોકળાશવાળો લાગવાનો - 'સાંજે જરાક મૂડ આવશે, કામ સારું થશે.' કે પછી, 'કાલે નિરાંત જ છે ને, ને હજુ તો આખા ત્રણ દિવસ બાકી છે.' પણ એ ત્રણે દિવસ એવા હાથતાળી દઈ જવાના !

આ બધું પાછા આપણે જાણીએ જ છીએ. આપણને શરૂઆતથી શિખવવામાં આવે છે, આપણી કેટલી બધી કહેવતો આપણને કહે છે કે, કાલે કરવાનું આજે કર ને આજે કરવાનું અબઘડી કર. છતાં આપણે સમયને ગાંઠતા નથી ને સમય આપણને એક હડસેલો મારીને આગળ ચાલે છે, એ પછી એ ધક્કો મારે છે; ને પછી સાવ નિર્દય રીતે આપણને ધક્કેલી દે છે, જ્યાંથી પાછા રસ્તે ચડી શકાતું નથી.

આપણે કેવળ ભૌતક રીતે નહીં, માનસિક રીતે પણ સમયની સાથે સાથે રહેતા નથી. દરેકે પોતાના ક્ષેત્રમાં સદ્ય સજ્જ - updated - રહેવાનું હોય છે. જ્ઞાન અને જાણકારી એટલાં ઝડપથી વધતાં રહે છે કે થોડુંક ચૂક્યા કે તમે પાછળ રહી જવાના. પછી તમે ડૉક્ટર હો કે વ્યવસાયી હો કે શિક્ષક હો. પોતાના કામમાં પકડ આવી ગયા પછી, રીઢા થઈ ગયા પછી, નવું જાણવાનું - નવું વાંચવાનું કેટલાક માણસો છોડી દે છે. જૂની મૂડી પર વેપલો ચલાવે રાખે છે, વરિષ્ઠપણાને વટાવ્યે રાખે છે. પછી જક્કી થઈ જાય છે, એમને પોતાનો કક્કો ખરો કરવાની ટેવ પડી જાય છે. એ લોકો પકવ નહીં પણ જરઠ થવા લાગે છે. સમય એમને એક જગાએ ખોડી દઈને આગળ ચાલે છે - પોતાની સાથે લઈ જતો નથી.

સમયની ધરી તો વર્તમાન છે - એને યોગ્ય રીતે સાંપ્રત, આ ક્ષણનું, કહેવામાં આવે છે. પણ આપણામાંના ઘણાખરા વર્તમાનની ધરીએ રહેતા નથી. કાં તો એ ભૂતકાળ તરફ સરે છે, કાં તો ભવિષ્યના સ્વપ્નમાં સરે છે. ભૂતકાળ, જેને આપણે ભવ્ય વારસો કહીએ, એ તો વર્તમાનમાં ય આપણી સાથે સઘન રહીને અને સમરસ થઈને ચાલતો જ હોય છે.ભૂતકાળને ખરજવાની જેમ ખંજવાળવાનો હોતો નથી. આવા લોકો out dated - કાલબાહ્ય - બની રહેતા હોય છે. વર્તમાન એમને હંમેશાં ઊતરતો, અધૂરો, ટીકાપાત્ર લાગે છે. 'અરે, અમારા દિવસોમાં તો....' એ એમનું રટણ હોય છે. પછી આ વારંવારનું રટણ એ પારાયણ બની જાય છે.

જેવી ભૂતકાળપરસ્તી હોય છે ને, એવી જ વળી ભવિષ્યપરસ્તી હોય છે ! એ લોકો પણ વર્તમાનની ધરી છોડી દે છે. આપણા શેખચલ્લીજી એનું ઉત્તમ ને રસપ્રદ ઉદાહરણ છે - તુક્કાબાજ, તરંગી, ભ્રાન્ત આશાવાદી એવા શેખચલ્લીઓનો પાર નથી. ભવિષ્ય તરફ તર્કપૂર્વક, સજ્જતાથી જવાનું હોય છે; વર્તમાનની ધરી છોડયા વિના જવાનું હોય છે. ભવિષ્યવેત્તાઓ, કહેવાતા જ્યોતિષીઓનો રાફડો ફાટ્યો છે તે આવા લોલુપ આશાવાદીઓને લીધે; ખરેખર તો એ નિરાશાવાદીઓ છે, નિષ્ફળ છે માટે જ એમને ભવિષ્યમાં આશા છે, અશક્ય ફળની અપેક્ષા છે. વર્તમાનનું વહેણ છોડીને એ લોકો ભવિષ્યના મૃગજળ પાછળ ધસે છે. પાણી છોડીને રણમાં દોડી જનારને આપણે શું કહીશું ?

એટલે સમય ખરેખર બળવાન છે. એ બળવાન પણ છે ને કંઈક શરારતી, અળવીતરો પણ છે. તમને નડે ય ખરો, કનડે-પજવેય ખરો, તમારી મશ્કરી કરે. એનો લય ચૂકો તો તમને ઘડીકમાં બેવકૂફ બનાવી દે. સમયની સાથે દોસ્તી કરવી પડે - એને માલિક પણ નથી ગણવાનો, ને તમારો ગુલામ તો એ છે જ નહીં, સામૂહિક નૃત્યમાં સમય તાલનું કામ કરે છે - રીધમનું. આપણાં પગલાં, આપણાં સ્ટેપ્સ અનાયાસ જ એને અનુસરશે. એનો જ આનંદ હોય છે - સમયની સાથે સાથે રહેવાનો.

❑❑❑

મો.૯૨૨૮૨૧૫૨૭૫

# વાર્તા ''શાસ્ત્રવાર્તાસમુચ્ચય''ની

વાર્તા એટલે ચર્ચા, સંવાદાત્મ વાતો, અરસ-પરસની રજૂઆત, સત્ય સુધી પહોંચવાનો સંલાપ, વાર્તાલાપ.

આજે આપણે વાતો કરવાની છે. ''શાસ્ત્રવાર્તાસમુચ્ચય'' ની...

આ એક એવો ગ્રંથ છે જેમાં શાસ્ત્રની વાતો છે, પણ બુદ્ધિની કસોટી થાય એવી... ભગવાને કહી દીધું એટલા માત્રથી સ્વીકારી લેવાની એમ નહીં, પણ મગજમાં બેસે, એવી વાતો છે માટે સ્વીકારવાની...

આ ગ્રંથની એક પણ વાત એવી નથી કે જેમાં બુદ્ધિનો ઉપયોગ ન કરવો પડે... પણ બુદ્ધિનો સો ટકા ઉપયોગ કરો તો જ આ વાતો-પદાર્થો સમજાય તેમ છે.

જ્ઞાનાવરણીય કર્મનો તીવ્ર ક્ષયોપશય હોય તો જ આ પદાર્થો સમજાય પડે તેમ છે, એટલે કે સમજાય તેમ છે.

દર્શન મોહનીયનો પ્રચંડ ક્ષયોપશય હોય તો આ પદાર્થો પચે તેમ છે, જચે તેમ છે, રૂચે તેમ છે.

સાથે-સાથે ગુરુગમથી આ સંવાદાત્મક વાતોનું શરસંધાન થવું જરૂરી છે. અન્યથા અનર્થ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

વળી, આ આકર ગ્રંથમાં જેમ-જેમ વિદ્યાર્થી આગળ વધતો જાય. તેમ તેમ જ્ઞાનાવરણીય કર્મનો પ્રબળ ક્ષયોપશય કરતો જાય... દર્શન મોહનીય કર્મના પુદ્‌ગલોને મંદરસવાળા કરતો જાય.

જેમ જેમ દર્શનમોહનીયનો રસ મંદ થતો જાય અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશય તીવ્ર થતો જાય. તેમ તેમ પરમાત્મા પ્રત્યે, સર્વજ્ઞ કથિત પદાર્થો પ્રત્યે અને ગ્રંથકાર પ્રત્યેની શ્રદ્ધા મજબૂત બનતી જાય.

અને જેમ જેમ શ્રદ્ધા ઘન બનતી જાય, તેમ તેમ નક્કર કર્મોનો સફાયો થતો જાય અને આત્મા સાફ સ્વચ્છ થતો જાય. અને આત્મા સાફ થાય તે પછીજ ચૌદ રાજલોકના માથે સાફાની જેમ તે શોભી ઉઠે. મોક્ષના સોફા પર આવા શોભતા આત્માઓજ બિરાજમાન થઈ શકે તેમ છે.

**કલિકુંડ તીર્થોદ્ધારક પૂ. આ.વિ. રાજેન્દ્રસૂરીશ્વરજી મ.ના. શિષ્ય**
**પૂ.આ.વિ. રાજહંસસૂરિજી મ.**

❑❑❑

# પ્રબુદ્ધ જીવન

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

૧. પ્રકાશન સ્થાન : રસધારા કો.ઓ.હા. સોસાયટી ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મી ખેતવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

૨. પ્રસિદ્ધિનો ક્રમ : માસિક. દર મહિનાની ૧૬મી તારીખે

૩. મુદ્રકનું નામ : શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ

૪. પ્રકાશકનું નામ: શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામુ : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

૫. તંત્રી : સેજલ એમ. શાહ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

૬. માલિકનું નામ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
અને સરનામુ : ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

હું સેજલ એમ. શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૧૮ ❑ **સેજલ એમ. શાહ,** તંત્રી

શબ્દની તો વાત ક્યાં છે, એક અક્ષરમાં નથી,
જે અનુભવ છે, લિપિ એની ચરાચરમાં નથી.
પંડિતો હું કેમ સમજાવું ? તમે સમજોય શું !
કૈં બન્યું એવું જ છે જે કોઈ શાસતરમાં નથી.

**- જવાહર બક્ષી**

જેટલી વેદના એટલો સ્નેહ !
જેટલી લૂ ઝરે એટલો મેહ !
ધન્ય છે, વાહ, કિરતાર તારી કળા !
તેં દીધી ચેતના ને દીધી ચેહ.

**-મકરંદ દવે**

# ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૬

**કિશોરસિંહ સોલંકી**

(ગતાંકથી ચાલુ...)

## ૯. ડોચુ-લા ઘાટી

**આ**જે પુનાખાનો કાર્યક્રમ છે. સવારે તૈયાર થઈને બધાં ગાડીમાં ગોઠવાઈ ગયાં. થિમ્ફુથી પુનાખા ૭૪ કિ.મી. દૂર છે, ત્યાં જતાં ત્રણ કલાક થવાના છે.

થિમ્ફુના રસ્તાઓને માપતા, સૂર્ય ઊગે છે એ પૂર્વ દિશા છે, એની ધારણાના આધારે દિશાઓને જોતા નીકળી પડ્યા છીએ. અહીં સપાટ ભૂમિ ન હોવાના કારણે ઢોળાવો અને વળાંકોવાળા રસ્તા ચાલ્યા જાય છે. ચારેબાજુ ઊંચાં ઊંચાં વૃક્ષો અને એમાંથી પસાર થતો પવન અમને પણ હચમચાવી નાખે છે - રસ્તા પણ કેવા? બાજુમાં ઊંડી ખીણ જોઈએ એટલે આપણને લાગે કે ગાડીમાંથી ઉતરી જઈએ. થિમ્ફુથી દૂર જઈને, ઊંચેથી નજર નાખીએ તો આખું નગર જોવા મળે અને ઊંચાં Kuensel Phodrang ના ખંડેર વચ્ચે બુદ્ધા ડૉરડેન્માનું સ્ટેચ્યૂ જોવા મળે. જેને Vajra Trome બુદ્ધ કહે છે.

વાન્ગે ચૂના કિનારથી લગભગ ૩૩૦ ફૂટની ઊંચાઈ પર થિમ્ફુ શહેરની સંભાળ રાખે તે રીતે બાંધકામ થયું છે. રાત્રે એનો નજારો અદ્‌ભુત લાગે છે. એની ઊંચાઈના કારણે થિમ્ફુમાંથી ગમે ત્યાંથી જુઓ તો એનાં દર્શન થાય જ.

ગઈકાલે અમે ત્યાં ગયા હતા. હજુ પણ એનું કામકાજ ચાલુ છે. નીચેના ભાગે પ્રવેશ દ્વાર દરવાજાનું કામ ચાલુ હતું. આ સ્થળ ૧૩મી સદીમાં દેશી દ્રુક, શેરાબ વૉન્ગચૂક નામના રાજાનો મહેલ હતો. ત્યાં એક વિશાળકાય શાક્યાયુનિ બુદ્ધના પૂતળાને મૂકવામાં આવ્યું છે. તે સોનાના ઢોળવાળું બનાવ્યું છે. વિશ્વનું સૌથી ઊંચું ૧૬૯ ફુટની ઊંચાઈવાળુ બુદ્ધનું આ પૂતળું છે. એની અંદર ૮ ઈંચ ઊંચાઈના એક લાખ અને ૧૨ ઈંચના પચીસ હજાર બુદ્ધની મૂર્તિઓને સોનાના ઢોળ ચડાવીને મૂકેલી છે.

૨૦મી સદીમાં પ્રખ્યાત યોગી સોનમ ઝેન્ગપોએ ભવિષ્યવાણી કરેલી કે 'આ પ્રદેશમાં સમગ્ર વિશ્વને સુખ-શાંતિ આપવા માટે પદ્મસંભવ બુદ્ધ કે ફૂરબાનુ વિશાળકીય પૂતળુ બનાવવામાં આવશે. આશરે ૮ મી સદીમાં ગુરૂ પદ્મસંભવે સ્વયં આ પૂતળાનો ઉલ્લેખ કર્યો હતો જે આશરે આઠસો વર્ષ અગાઉ ટરેટોન પેમા લીંગ પાએ શોધી કાઢ્યું છે.

ફક્ત આ સ્ટેચ્યૂ બાંધવાનો ખર્ચ ૪૭ મીલીયન ડોલર થાય છે અને આ સમગ્ર યોજનાનો ખર્ચ ૧૦૦ મીલીયન ડૉલર થવા જાય છે. એનો સંપૂર્ણ કોન્ટ્રાક્ટ ચીનની એરોસેમ કોર્પોરેશન ઑફ નાન્ઝીન્ગ કંપનીને અપાયેલો છે. હજી પણ બે-ત્રણ વર્ષ કામ ચાલશે એવું અમને લાગ્યું હતું.

એ બુદ્ધના સ્ટેચ્યુને જોતા જોતા પુનાખા જતો રોડ સિમ્તોખા જૉન્ગેથી થોડાક પહેલાં ફંટાઈને આગળ નીકળી ગયો. જે પહેલું ગામ આવ્યું તે ઇંચેપૉન્ગ હતું જ્યાં નાવીન્યપૂર્ણ રીતે બટાકાની ખેતી થાય છે. ત્યાંથી પાંચેક કિ.મી. આગળ જતાં હૉન્ગસો ગામ આવે છે. અહીં ચેકીંગ થાય છે. પ્રવાસીઓની પરમીટ તપાસવામાં આવી. અહીં બીજી કોઈ જ માથાકૂટ કરવામાં આવતી નથી કારણ કે, ભ્રષ્ટાચારે હજી સુધી અહીં કોઈ પગપેસારો કર્યો નથી. થિમ્ફુથી હૉન્ગ સો ૧૯ કિ.મી. છે. આ રસ્તાની બંને બાજુએ તિબેટમાંથી આવીને ભુતાનના નાગરિકો બનેલાઓનો વસવાટ છે. જે છૂટાંછવાયાં મકાનો છે હૉન્ગસોથી ચાર કિ.મી. આગળ જતાં ડોચુ-લા ઘાટી આવી. આ એક હિમાચ્છાદિત ઘાટી છે.

ડોચુ લા ઘાટી સુધી આવ્યા ત્યાં તો પ્રવાસીઓનો મેળો જામેલો હતો. આ ઘાટી સમુદ્રની સપાટીથી ૩૧૦૦ મી. (૧૦,૨૦૦ ફૂટ) ઊંચી છે. ત્યાં ૧૦૮ સ્તૂપનું નિર્માણ કરવામાં આવેલું છે. એનું બાંધકામ રાજમાતા અશી દોરજી રાગ્યો વૉક્ચુન્ગની પ્રેરણાથી કરવામાં આવેલું છે. આ ૧૦૮ સિવાય એક દ્રયુક વૉંગિયાલ લાખાન્ગા નામનો મઠ પણ આવેલો છે. ભુતાનના ચોથા રાજવી જિગ્મે શિંગીએ વૉન્ગચૂકની યાદમાં તે બનાવેલો છે. આ મઠના ખુલ્લા પરિસરમાં દર વર્ષે 'ડોચુ લા દ્રગ વૉંગીએ' મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

જો તમે વહેલી સવારે હિમાલય પર સૂર્યોદય જોવા ઈચ્છતા હોવ તો ત્યાં એક લાકડાની કુટિયામાં રાતવાસો કરી શકાય. પૂર્વ હિમાલયનાં દર્શન કરવા માટે આ યોગ્ય સ્થળ છે. ઑક્ટો. ની મધ્યમાંથી ફેબ્રુ. ની મધ્યના સમયગાળા માટે તે સારો સમય છે. આ ઘાટી સૌ પ્રથમ રૉયલ બોટાનીકલ પાર્કની બાજુમાંથી પસાર થાય છે.

આ ઘાટીની પૂર્વ દિશા તરફ જોતાં હિમાલયનાં ઉત્તુંગ શિખરો જોવા મળે છે. મન્સાન્ગ શિખર ૭૧૫૮ મી. (૨૩૪૮૪ ફુટ) નું છે તો ગંગકાર પુન્શુંમર એ ભુતાનનું સૌથી ઊંચું શિખર છે, ૭૪૯૭ મી = ૨૪૫૯૬ ફૂટ

અત્યારે આછું ધુમ્મસ છે. વાદળો પર્વતોના પગ પખાળતાં હોય એવું લાગે છે. ખીણોમાં અટવાતાં, ઉપર આવતાં, ભેગાં થતાં વાદળોની રમત જોવાનો પણ આનંદ આવે છે. કુદરતે ભુતાનને કેટલું બધું આપ્યું છે? એવી જાળવણી પણ તેઓ કરે છે. સૂરજ પણ વાદળો સાથે સંતાકુકડી રમે છે. કેવું છે આ પણ? બસ, બેઠા બેઠા જોયા જ કરીએ ! માણ્યા જ કરીએ. બાજુમાં કેન્ટીન છે, એની સગવડ ખૂબ સારી છે. તમે જાતે કૉફી-ચા-નાસ્તો લાવીને બહાર

બેસીને હિમાલયનાં ઉત્તુંગ શિખરો સાથે વાતો કરતાં કરતાં આનંદ લઈ શકો છો. પર્વતીય ઢોળાવો ઉપર લહેરાતાં સાયપ્રસ અને બીજાં વૃક્ષો જાણે આપણને આવકારતાં ન હોય! ઘણાં પ્રવાસીઓ ફોટા પાડવામાં વ્યસ્ત બની ગયાં હતાં. અમે પણ આ ઘાટીને અમારા મોબાઈલ - આઈપેડ અને કેમેરામાં કંડારી!

પર્વતીય ઢોળાવો ઉપર બૌદ્ધધર્મને લગતી રંગીન ધજા-પતાકાઓ લોકોએ લગાવવામાં આવેલી છે. પવનના કારણે તે ઊડતી હોય એવુ લાગે છે. ઊંચા ઊંચા થાંભલાઓ સાથે બંધાયેલી ધજાઓનો ફરફરતો અવાજ આનંદ આપે છે. દરેક ધજામાં પાંચ રંગ હોય છે જે પંચતત્ત્વનું પ્રતીક છે. વાદળી (આકાશ), સફેદ (વાદળ), લાલ (અગ્નિ), લીલો (પાણી) અને પીળો (પૃથ્વી) તત્ત્વનું પ્રતીક છે. એ દરેક ધજા ઉપર મંત્ર લખેલા હોય છે કે જેથી સમગ્ર દેશમાં શાંતિ અને સમૃદ્ધિનું વાતાવરણ જળવાઈ રહે.

ફેબ્રુઆરી મહિનામાં બરફ પીગળતાં ભુતાનના નવા વર્ષની ઉજવણી લોસાર તહેવાર મનાવીને થાય છે. આ સમયગાળા દરમ્યાન અનેક ફૂલો ખીલે છે. એમનુંય રાષ્ટ્રીય ફૂલ બ્લ્યુ પોપી છે. પર્વતીય ઢોળાવો ઉપર ડેફની નામનો છોડ જોવા મળે છે જેના પર સફેદ ફૂલો આવે છે. આ છોડની છાલમાંથી કાગળ બનાવાય છે એને ઊધઈ ખાઈ શકતી નથી તેથી ધાર્મિકગ્રંથોના લેખન માટે તે ખૂબ જ ઉપયોગી છે.

અમે ચા-કૉફી પતાવીને સામેના ભાગે આવેલી મધ્યવર્તી ટેકરી ઉપર રાજમાતા આશી દોરજી વાન્ગમો વૉન્ગચૂકની પ્રેરણાથી ૧૦૮ શણગેલું સ્મારકોનું નિર્માણ થયેલું છે તે જોવા ગયાં. સ્થાનિક ભાષામાં એને 'વિજયસ્મારક' તરીકે ઓળખવામાં આવે છે. ડિસે. ૨૦૦૩માં આસામમાંથી ભુતાનમાં ઘુસણખોરી કરી રહેલા લોકોના આક્રમણને ખાળવામાં જે ભુતાનના સૈનિકો શહીદ થયા તેમની યાદમાં સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે.

રાજા જિગ્મે સિન્ગીએ વૉન્ગચૂકની આગેવાની હેઠળ ભુતાનના વિવિધ ભાગોમાં ઘૂસણખોરોએ જે ૩૦ જેટલી છાવણીઓ ઊભી કરી હતી. તેનો નાશ કરવામાં આવ્યો અને તેમને ખદેડી મૂક્યા. આ યુદ્ધ પછી ૨૮ ડિસે. ૨૦૦૩ ના રોજ રાજા પાટનગર થિમ્ફુ પાછા ફર્યા અને આ સ્મારકોનું બાંધકામ શરૂ કર્યુ. જૂન ૨૦૦૪માં બાંધકામ પૂરું થયું અને ધાર્મિક વિધિ સાથે લોકો માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું.

અમે એ સ્તૂપોની આજુબાજુ ફરીને એના ફોટા પાડ્યા. આ ટેકરી ઊંચી છે તેથી ચડવામાં તકલીફ ખરી. એનું બાંધકામ ત્રિસ્તરીય છે. પહેલા સ્તરમાં સૌથી નીચે ૪૫ સ્મારક છે, બીજામાં ૩૬ અને સૌથી ઉપર ૨૭ સ્મારકો મુખ્ય સ્મારકની આજુબાજુ છે. સંપૂર્ણ ધાર્મિક વિધિ સાથે આ સ્મારકોનું નિર્માણ કરેલું છે. બાંધકામ દરમ્યાન જ્યારે સ્મારકોની ઊંચાઈ એક મીટર સુધી પહોંચે ત્યારે બાજુમાં એક ખાડો ખોદીને અનાજના દાણા અને માખણ ભરેલું કાંસાનું પાત્ર મૂકવામાં આવતું. જેમ જેમ ઊંચાઈ વધે તેમ તેમ બીજા તબક્કામાં વિવિધ બૌદ્ધ ભગવાનની માટીની બનેલી પ્રતિમાઓ કે જેના ઉપર કાગળમાં શ્લોકો લખ્યા હોય તે લગાવીને અંદર મૂકવામાં આવતી. અને છેલ્લે જે સૌથી અગત્યના તબક્કામાં સૉકશીંગ (Sokshing - સ્મારકનું જીવનવૃક્ષ)ની સ્થાપના કરવામાં આવી છે. આ જીવનવૃક્ષને સ્વર્ગ અને પૃથ્વીને જોડતી કડી માનવામાં આવે છે.

વિદ્વાન જ્યોતિષી દ્વારા એક વૃક્ષનું લાકડું લઈને એક થાંભલો તૈયાર કરવામાં આવે છે. જે સ્તૂપ જેવો લાગે છે. એને લાલ રંગથી રંગવામાં આવે છે અને એના ઉપર પવિત્ર મંત્રો કોતરવામાં આવે છે. એમાં કિંમતી રત્નો, દાગીના, પ્રાર્થના માટે ધર્મચક્ર, નાની માટીની મૂર્તિઓ અને વિવિધ ભગવાનોના ચિત્રોથી શણગારવામાં આવતું અને પછી આખા જીવનવૃક્ષને રેશમના કાપડમાં વીંટાળવામાં આવતું અને કોઈ એક પવિત્ર દિવસે અડધા બનેલા સ્મારકમાં એની સ્થાપના કરવામાં આવતી.

૧૦૮ સ્મારકોની પાછળ ડ્રુક વાન્ગેલ લાખંગ નામથી ઓળખાતા મંદિરનું નિર્માણ કરેલું છે. આ મંદિર ભુતાનના રાજાશાહીના શતાબ્દી પ્રસંગે એની યાદમાં જૂન ૨૦૦૮માં નિર્માણ કર્યું છે. આ મંદિરની દીવાલ ઉપર ભુતાનના ઈતિહાસને લગતાં ચિત્રો જોવા મળે છે. દર વર્ષે ૧૩ ડિસે. વાર્ષિક તહેવાર ઉજાવવા ડોચુ લા ઘાટીમાં લોકો આવે છે. આ ઉત્સવની શરૂઆત ૨૦૧૧થી થઈ છે. ૨૦૦૩ માં જે ઘૂસણખોરો સામે વિજય થયો તેની ઉજવણી દર વર્ષે કરવામાં આવે છે.

દોઢ-બે કલાક સુધી અહીંનો ઈતિહાસ અને આ રમણીય ઘાટીનું સૌન્દર્ય માણીને અમે પુનાખા તરફ રવાના થયાં.

*(વધુ આવતાં અંકે)*

❑❑❑

'ઋત' ૪૩, તીર્થનગર, વિ૦૧,
સોલા રોડ, ઘાટલોડીયા,
અમદાવાદ - ૩૮૦૦૬૨.
મો. ૯૮૨૫૦૯૮૮૮૮

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.
**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**
વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જીસ** ઉમેરીને મોકલશો.
**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260. IFSC:BKID0000039

# સાધનશુદ્ધિના પ્રયોગવીર

## ગુણવંત બરવાળિયા

દરેક વ્યક્તિને જીવનમાં કંઈ મેળવવાની, કશુંક પામવાની કે કોઈક લક્ષે પહોંચવાની તમન્ના હોય છે. એ ઝંખનાની તૃપ્તિ અર્થે તેની ગતિ અને પુરુષાર્થ સતત હોય છે.

આપણું લક્ષ એક હોય પણ એ લક્ષે પહોંચવાના માર્ગો, રસ્તાઓ એક પણ હોય શકે અને અનેક પણ હોય શકે. આપણું સાધ્ય એક હોય પણ એ સાધ્યને સાધવા માટેનાં સાધનો અનેક પણ હોય શકે. વિવિધ સાધનોમાંથી એકની પસંદગી કરી આપણે લક્ષ પ્રતિ પ્રયાણ કરીએ. આમ જીવનના દરેક ક્ષેત્રમાં અને જીવનના પ્રત્યેક તબક્કામાં સાધ્ય પામવા, લક્ષે પહોંચવા સાધન અનિવાર્ય છે.

વ્યવહારિક અને ભૌતિક જીવન, ધાર્મિક અને અધ્યાત્મ જીવનમાં સાધનની અનિવાર્યતા દેખાઈ આવે છે.

યુગપુરુષ શ્રીમદ્જીએ એક પંક્તિમાં કહ્યું છે કે ''સાધન સૌ બંધન થયા...''

સાધન તો સાધ્ય સિદ્ધ કરવા માટે છે, લક્ષે પહોંચવા માટે છે, તો આ સાધન બંધન કેમ બને?

સાધનની ખોટી પસંદગી થઈ હોય, સાધનામાં અશુદ્ધિ હોય તો એ જ સાધન બંધન બની જતું હોય છે.

વહેવારિક જગતમાં નિષ્પક્ષ, તટસ્થ, શાણા માણસ અથવા અનુભવી વડીલની સલાહ લઈ વિવેકસહ સાધનની પસંદગી થાય તો તે સાધન દ્વારા સાધ્ય સરળતાથી પામી શકાય છે.

ધાર્મિક અને આધ્યાત્મિક જગતમાં શાસ્ત્ર સમ્મત, ગુરુઆજ્ઞાસહ સાધનની પસંદગી કરવામાં આવે તો લક્ષપ્રાપ્તિ સહજ બને.

વહેવારિક જીવનમાં આપણને માત્ર બેંક બૅલેન્સ વધારવું છે તેવું નથી. સાથેસાથે આપણું લક્ષ પદ અને પ્રતિષ્ઠાની તિજોરી ભરવાનું પણ હોય છે.

પદ અને પ્રતિષ્ઠા સાધ્ય કરવા કાવા, દાવા અને પ્રપંચ જેવાં સાધનોનો ઉપયોગ, રાગદ્વેષ અને પરિણામે કર્મ બંધન.

ધર્મ ક્ષેત્રમાં સાધનશુદ્ધિને કેટલું મહત્ત્વ અપાઈ રહ્યું છે તે વિચારવું રહ્યું. ઉપાશ્રય, મંદિર, આશ્રમ કે ધાર્મિક સંસ્થાના ટ્રસ્ટી મંડળ ગમે તે ધનવાન વ્યક્તિનું ધન સંસ્થા માટે દાનરૂપે ગ્રહણ કરી અને જો એ વ્યક્તિના વિચારો કે સ્વભાવ બરાબર ન હોય તો તે ટ્રસ્ટીમંડળને સંસ્થામાં પોતાનું ધાર્યું કરાવવા દબાણ લાવશે. પછી તે કાર્ય ધર્મ શાસનના નિયમ વિરુદ્ધ પણ હોય શકે. અહીં ટ્રસ્ટીના કામની સ્વતંત્રતા પર બંધન આવી જશે અને ધનનું આ સાધન બંધનરૂપ બની જશે.

વર્ષો પહેલાં મુનિ સંતબાલજીનું ચાતુર્માસ કલકત્તા હતું. એ સમયમાં કલકત્તામાં કાલીમાતાને પ્રસન્ન કરવા પશુબલી દ્વારા પૂજા કરવાનો રિવાજ હતો. બંગાળના ઘણા વિસ્તારોના લોકોને કાલીમાતાની પશુબલી દ્વારા પૂજામાં વિશ્વાસ હતો. સંતબાલજી એ વિગત જાણી, જીવદયા તો જૈનોની કુળદેવી છે તેથી જૈન સંતનું હૃદય દ્રવી ઉઠ્યું. તેમણે જૈનાના વિવિધ સંઘો અને જીવદયામાં માનનારા અન્ય હિન્દુઓની એક કમિટી બનાવી અને આ અંગે જાગૃતિ લાવી પશુબલીના નિષેધનું આંદોલન કરવા ઠરાવ્યું. આંદોલનની આ પ્રક્રિયા - પ્રચારનો સમગ્ર પ્રાંતનો ખર્ચ એક લાખ થશે એવું નક્કી થયું. એક લાખ રૂપિયા તે સમયમાં ખૂબ જ મોટી રકમ ગણાય.

બીજે દિવસે બે ભાઈઓ મુનિશ્રી પાસે આવ્યા ને કહ્યું કે, એક વેપારી આંદોલન-પ્રચાર વગેરેનો પૂર્ણ ખર્ચ રૂપિયા એક લાખ દાનમાં આપવા તૈયાર છે. આપણે પ્રથમ સભામાં તેનું સન્માન કરવાનું રહેશે. મુનિશ્રીએ જણાવ્યું કે એ વેપારીનો મને પરિચય આપો અને તેને શેનો વેપાર છે તે મને કહો; તો તે ભાઈઓએ જણાવ્યું કે તે મટન-ટેલોનો વેપારી છે અને પાડોશી દેશો દ્વારા માંસની છૂપી નિર્યાત દ્વારા ખૂબ ધન કમાય છે.'

મુનિશ્રીએ કહ્યું કે, આવા ધનનું દાન આપણે સ્વીકારી ન શકીએ. અનૈતિક માર્ગે આવેલ ધનનો આપણે આ કાર્યમાં ઉપયોગ કરીએ તો આપણે સફળ તો ન જ થઈએ પણ દોષના ભાગીદાર બનીએ અને મુનિશ્રીએ સાધન શુદ્ધિની માર્મિક વાત સમજાવી, જેથી કલકત્તાના તમામ જૈન સંઘોએ સાથે મળી કાર્ય પાર પાડવું.

ધાર્મિક કાર્યો, કાર્યક્રમો કે અનુષ્ઠાનો માટે જો સંતો અયોગ્ય વ્યક્તિનું ધન દાન માર્ગે સ્વીકારશે તો તે અયોગ્ય વ્યક્તિને, સંતે સામાજિક પ્રતિષ્ઠા આપવી પડશે અને ધર્મસ્થાનકોમાં અયોગ્ય ધનિકોને પ્રતિષ્ઠા મળશે.

ધર્મસત્તા પર ધનનું આધિપત્ય સ્વીકારી ન જ શકાય.

બાહ્ય વ્રતધારી અનેક શ્રાવક-શ્રાવિકાઓએ પોતાના ન્યાયસંપન્ન વૈભવમાંથી દાનની ગંગા વહાવી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી છે અને ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠો પર તેના ધન્ય નામ આલેખાયાં છે.

અહીં કહેવાનો આશય એ નથી કે ધર્મશાસનમાં ધનિકોને/ દાનવીરોને સન્માન આપવું નહિ. દાનવીરનું સન્માન એ ત્યાગ તથા દાનભાવનાનું સન્માન છે, પણ અહીં સાધનશુદ્ધિને વિસારે પાડવાની નથી.

મહારાષ્ટ્રમાં મનમાડ નજીકના ગામમાં એક ધ્યાનયોગી જૈન

સંતનો આશ્રમ છે. ત્યાં દાન દેનારની આવક ન્યાય/નૈતિક સ્તોત્ર દ્વારા છે તે જાણી લેવામાં આવે છે. વળી દાન દેનાર વ્યક્તિ સપ્ત વ્યસન, રાત્રિભોજન અને કંદમૂળનો ત્યાગી હોય તો જ દાન સ્વીકારવામાં આવે છે. સંતના આ નિયમમાં ન્યાયસંપન્ન, વૈભવ અને સાધનશુદ્ધિની વાત અભિપ્રેત છે.

વહેવારિક જીવનમાં, ધર્મ ક્ષેત્રમાં જેમ સાધનશુદ્ધિની આવશ્યકતા છે તેમ અધ્યાત્મ ક્ષેત્રમાં સાધનાના ક્ષેત્રમાં સાધનશુદ્ધિ અનિવાર્ય છે.

સાધનાનું અંતિમ લક્ષ મુક્તિ છે. મુક્તિના લક્ષને સાધ્ય કરવા માટે સત્ સાધન જરૂરી છે.

અસત્, તત્ત્વો-કર્મથી બંધાયેલા આત્માને સત્ સાધન દ્વારા કરાયેલી સાધના જ છોડાવી શકે. ગુરુઆજ્ઞાથી, સ્વવિવેક દ્વારા સાધન શુદ્ધ છે કે નહિ તે જાણી શકાય અને પછી તે માર્ગે જઈ શકાય.

સદ્ગુરુ ભક્તિ રહસ્યના ૧૭મા દોહરામાં યુગપુરુષ શ્રીમદ્જીએ વાતને માર્મિક રીતે સમજાવી છે :

સૌ સાધન બંધન થયા
રહ્યો ન કોઈ ઉપાય
સત્ સાધન સમજ્યો નહિ
ત્યાં બંધન શું જાય?

સાધના માર્ગો સાધન શુદ્ધિનું સાતત્ય રહે તો જ બંધન છૂટે. સાધકે સાધનને લેશમાત્ર દુષિત ન થવા દેવું જોઈએ, તો જ તે સાધનામાં આગળ વધી શકે. મુક્તિ લક્ષે સ્વીકારાયેલ સાધન દુષિત થાય તો સાધન જ બંધનરૂપ બની જાય. આસક્તિ પ્રમાદ કે શિથિલાચાર સાધનને દુષિત કરી શકે.

પાંચસો શિષ્યોના વડા મંગુ આચાર્યે તપશ્ચર્યાને સાધનાનું મુખ્ય સાધન ગણ્યું. આયંબીલ ઉપાવાસથી માસક્ષમણ સુધીની તપશ્ચર્યાની શૃંખલા રચાણી. અઠ્ઠમને પારણે અઠ્ઠમ તપની આરાધના ચાલી, પરંતુ પારણાના દિવસે સ્વાદિષ્ટ આહાર લેવાની શરૂઆત થઈ. વિવિધ વ્યંજનો દ્વારા પારણામાં આહારની આસક્તિ પરાકાષ્ટાએ પહોંચી. વિહાર માર્ગો પારણામાં વધુ પડતો આહાર લેવાથી અજીર્ણ થતાં આહારની તીવ્ર આસક્તિમાં કાળધર્મ પામ્યા.

અણ આહારાક પદની પ્રાપ્તિ માટે તપ સાધનાને સાધન બનાવી તપ સાધનાના આગળ વધતા આ તપસ્વી પર આહાર સંજ્ઞાએ અતિક્રમણ કર્યું. સાધન દુષિત બની ગયું.

પાંચસો શિષ્યોએ વ્યથિત હૈયે ગુરુજીના નશ્વર દેહની અંતિમક્રિયા કરી આગળ વધ્યા. બીજે દિવસે વહેલી પરોઢે વિહારયાત્રા શરૂ કરી. થોડે આગળ જતાં દૂરથી એક વૃક્ષમાં ઝબકારા દેખાવાની સાથે કાંઈક અવાજ આવતો સંભળાયો. શિષ્યો આગળ વધતા વૃક્ષ નજીક આવતાં તેમને એક વિશાળ કાય જીભ લબકારા લેતી દેખાઈ. શિષ્યવૃંદ આ જોઈ સ્તબ્ધ બની ઊભું રહ્યું. અવાજ આવ્યો, ''હે મારા વ્હાલા શિષ્યો, આ જીભ તમારા ગુરુની છે, એ હું જ છું. હું સર્વને એટલું જ કહેવા માગું છું કે આહાર સંજ્ઞાની તીવ્ર આસક્તિને કારણે હું આ ભયંકર જીભવાળો વ્યંતર દેવ બન્યો છું. તમે સૌ આહારની આસક્તિથી ચેતજો.'' અહીં દુષિત સાધન બંધન બની ગયું.

ભવદેવે સંયમ ને સાધનાનું સાધન બનાવ્યું જે ગુરુ આજ્ઞા વિના એને સમજાવી. સંયમ તજવાની તૈયારીમાં હતા. સાધન દુષિત થવા જઈ રહ્યું હતું. પૂર્વપત્નીએ  જાગૃત કરી સંયમમાં સ્થિર કર્યા.

બાહુબલીના અહંકારે ધ્યાન સાધનાના સાધનને દુષિત કર્યું. બહેન બ્રાહ્મી અને સુંદરીએ જાગૃત કરી સાધનશુદ્ધિની પ્રેરણા કરી.

ભૌતિક સુખ કે વેરભાવ કે બદલો લેવાની ઈચ્છાથી સાધના માર્ગે આગળ વધતા સાધકનું સાધન જ બંધનમાં  પરિણમે છે. આ ઉપરથી આપણે સાધનાશુદ્ધિની અનિવાર્યતાને સમજી શકીએ છીએ.

'ધ બ્રીજ ઓન ધી રિવર કવાઈ' ફિલ્મનો હીરો ઍલેક ગિનેસ આ ફિલ્મથી સિનેજગતનો પ્રખ્યાત બની ગયો હતો. યુવા વર્ગ તેની પાછળ પાગલ થઈ ગયો હતો. ફિલ્મ નિર્માતાને આ ફિલ્મથી કરોડોની આવક થઈ હતી.

આ બધું જોઈ એક દારૂ બનાવતી કંપનીના માલિકને આ હીરોનો ઉપયોગ કરવાની ઈચ્છા થઈ આવી. કારણ કે એની પાછળ પાગલ બનેલો યુવા વર્ગ પોતાની બ્રાંડનો દારૂ પીતો થઈ જાય તો તો પછી કંપનીમાં પૈસાની ટંકશાળ પડી જાય.

તે બીજે જ દિવસે ઍલેક પાસે પહોંચી ગયા અને કહ્યું : 'હું એક ખૂબ જ સરસ વાત લઈને આવ્યો છું, જે તમારા અને મારા, બન્ને માટે ફાયદાકારક છે.'

ઍલેકે તેને કહેવા માટે પોતાની મૂકસંમતિ આપી.

કંપનીના માલિકે ઉત્સાહમાં આવી જઈને કહ્યું, 'હું દારૂની એક બ્રાન્ડેડ કંપનીનો માલિક છું અને મારી ઈચ્છા છે કે એના પ્રચાર માટે જાહેરખબર પર તમારો પોઝ જોઈએ છે. હું એ કાર્ય માટે તમને સાત કરોડ ડૉલર સુધીનો ચેક આપવા તૈયાર છું.'

એક નજર ઍલેક પર નાખી કંપનીના માલિકે આગળ ચલાવ્યું : 'આનાથી તમને તો કરોડો ડૉલરનો ફાયદો ચોખ્ખો છે અને મને ફાયદો થશે તમારી જાહેરખબરથી આ બ્રાન્ડેડ દારૂ પીનારાથી.'

ઍલેક પોતાની ખુરશી પરથી ઊભો થતાં બોલ્યો : 'માફ કરજો, હું દારૂ પીતો નથી. આ કામ મારાથી થઈ શકશે નહીં.'

ઍલેકનો હાથ પકડી ઊભા રાખતા કંપનીના માલિકે કહ્યું : 'પણ જુઓ, આમાં તમારે દારૂ પીવાની વાત પણ નથી. તમારે તો માત્ર દારૂની બોટલ મોઢે અડાડવાની છે અને શરીરમાં તાજગી આવી ગઈ એવો અભિનય માત્ર કરવાનો છે, જેમાં તમે કુશળ છો અને આવા માત્ર એક મિનિટના કામ માટે કંપની તમને સાત કરોડ ડૉલર આપવા તૈયાર છે. રકમ નાનીસૂની નથી.'

પણ કંપનીના માલિકનો આ દાવ સાવ નિષ્ફળ કરતાં ઍલેકે કહ્યું : 'હું મારા લાખો ચાહક યુવક-યુવતીઓને દારૂના રવાડે ચડાવવા નથી માગતો અને એ રીતે હું તેમનું શારીરિક અને નૈતિક અધઃપતન કરવા નથી માગતો.'

અને બીજી પળે જ ઍલેક પોતાની કૅબિનિમાં જતો રહ્યો.

'પોતાના નિયમને અકબંધ રાખવા માટે સાત કરોડ ડૉલરને પણ લાત મારીને ફંગોળી દેનારા આ જગતમાં છે' એમ બોલતો સન્માનભરી નજરે જોતો કંપનીનો માલિક ત્યાંથી રવાના થયો.

આવો જ પ્રસંગ ભારતની ભૂમિ પર જન્મેલા અને જાદુજગતના સમ્રાટ ગણાતા જાદુગર કે. લાલ (કાંતિલાલ) સામે પણ ઉપસ્થિત થતો હતો.

એક ગુટખા કંપનીનો માલિક જાદુગર કે. લાલ પાસે પહોંચ્યો અને કહ્યું : 'તમારે માત્ર ગુટખાનું પાઉચ હાથમાં રાખીને માત્ર 'વાહ ગુટખા' આ પાંચ અક્ષરો જ બોલવાના છે.'

અને સામે પચાસ લાખથી પાંચ કરોડ રૂપિયાની ઑફર મૂકી. જૈન ધર્મને પામેલા અને ધન તથા સન્માનને પચાવી જાણેલા જાદુગર કે. લાલે કહ્યું : 'હું આ પચાસ-પાંચસો લાખની રૂપરડી માટે મારી સો કરોડની જનતાને મૃત્યુના મુખમાં ધકેલવા નથી ચાહતો.'

અને આટલું કહી બીજું કશું જ સાંભળ્યા સિવાય તેમને અલવિદા આપી દીધી.

'પૈસા કરતાં પ્રતિષ્ઠા મહાન છે' આ સૂત્રને બોલતો તે વેપારી પણ ત્યાંથી રવાના થયો.

જીવનમાં સુખને ધન અને વૈભવ સાથે ગાઢ સંબંધ સ્થપાઈ ચુક્યો છે. સુખના દરેક તબક્કાને લક્ષ્મીના સમીકરણના સંદર્ભે મૂલવવાની ભ્રમણામાંથી આપણે બહાર નીકળી શકતા નથી. અને વૈભવથી જ દરેક સુખની પ્રાપ્તિ થાય છે એવા માની લીધેલા સત્યને કારણે જીવનને માત્ર ભૌતિક નજરે જોયા કરીએ છીએ.

કોઈ પણ વ્યક્તિ સાથે ભૌતિક વસ્તુની આપ-લેના વ્યવહારને, પ્રેમનો વિકલ્પ માની લીધો છે અને કોઈ પણ સાધનો દ્વારા બાહ્યાભ્યાંતર પરિગ્રહ, એટલે સંપત્તિ, વૈભવ કે સત્તા પ્રાપ્ત કરવી તે જીવનનું ધ્યેય બની ગયું છે.

પદાર્થને બદલે પ્રેમ અને સાધનશુદ્ધિનો વિચાર જ જીવનપ્રવાહની દિશા બદલી શકે કે સાચી દૃષ્ટિ આપી શકે.

સંપત્તિ અને વૈભવ, જીવનવ્યવહાર માટે જરૂરી ખરાં પરંતુ આપણે તેને અગ્રીમ સ્થાન આપી દીધું છે. દરેક ક્ષેત્રમાં સંપત્તિની પ્રધાનતાને કારણે જીવનનાં ખરાં મૂલ્યોની અવગણના થઈ છે.

કુટુંબજીવન કે સમાજજીવનમાં સંપત્તિના માપદંડનાં ત્રાજવાંએ માનવીના સત્ત્વશીલ ગુણોની અવગણના કરી છે.

સમગ્ર સમાજીવન દ્વારા માનવીના સત્ત્વશીલ ગુણોને પ્રધાનતા આપવી હોય તો પૂર્વાચાર્યોએ આપેલ ન્યાયસંપન્ન વૈભવના વિચારનું સાધનશુદ્ધિના સંદર્ભે જીવનમાં અવતરણ કરીએ તો સત્ત્વગુણોનો વિકાસ થાય.

શ્રીમદ્‌જીએ ઝવેરાતના ધંધામાં પોતાનો લાખો રૂપિયાનો નફો જતો કરી સામેવાળાની મૂંઝવણ દૂર કરી જિંદગી બચાવી હતી. ધર્મ-નીતિ અને અધ્યાત્મનું અર્થશાસ્ત્ર નિરાળું છે. તેમાં ગમે તે રીતે નફો ગાંઠે કરી લેવાની વાત નથી. વ્યક્તિ, પરિસ્થિતિ અને સંજોગોને પણ આર્થિક વહેવાર કરતી વખતે લક્ષમાં લેવામાં આવે છે.

સામેવાળાની લાચાર પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી શોષણ કરવું, અન્યની શારીરિક પાયમાલી થાય, માનસિક અથવા નૈતિક અધઃપતન થાય, અન્ય જીવોને દુભાવીને કે હણીને હિંસા દ્વારા થતી આવક, ન્યાયસંપન્ન વૈભવ નથી. તંદુરસ્ત સમાજ કે રાષ્ટ્રના નિર્માણ માટે આ પાયાની વાત છે.

ટૂંકમાં, ન્યાયસંપન્ન વૈભવ એટલે, હિંસા, અન્યાય, શોષણ કે અનૈતિક ધંધા દ્વારા સંપત્તિ કે વૈભવની પ્રાપ્તિ ન કરવી, નીતિમય માર્ગે આજીવિકા કે સંપત્તિ પ્રાપ્ત કરવી.

ન્યાયમાર્ગે આવેલી સંપત્તિ આપણે સુખપૂર્વક ભોગવી શકીશું અને પરિવારમાં સંતોષ અને પ્રસન્નતાનું વાતાવરણ જળવાઈ રહેશે.

હિંદના દાદા, દાદાભાઈ નવરોજીએ એમના મુંબઈના કેટલાક મિત્રોના આગ્રહથી, તે મિત્રોએ વિલાયતમાં એક પેઢીની સ્થાપના કરી હતી, તેમાં દાદાભાઈ પોતે પણ સામેલ થયા હતા.

પેઢી ખૂબ સારી ચાલતી. વર્ષને અંતે તેના સરવૈયામાં સારો એવો નફો થયો. ભાગીદારો વચ્ચે નફાની વહેંચણી થવા લાગી. દાદાભાઈને નફાના ભાગ સાથે ધંધાની લેવડ-દેવડના પ્રોફિટ ઍન્ડ લૉસ એકાઉન્ટ અને બૅલેન્સશિટ (સરવૈયું)ના કાગળો આપવામાં આવ્યા, તે વાંચ્યા પછી દાદાભાઈએ પોતાનો ભાગ લેવાની ના પાડી. તેનું કારણ દર્શાવતાં કહ્યું કે,

આપણી પેઢીમાં દારૂ અને અફીણનો પણ વેપાર થાય છે. એ આ હિસાબના કાગળો વાંચી-જાણી મને દુઃખ થાય છે. લોકોને દારૂ અને અફીણ વેચી કોઈને દારૂડિયા કે અફીણના બંધાણી બનાવવા એ પાપ છે. આવી પાપના માર્ગની કમાણીનો ભાગ મારે જોઈતો નથી અને મારે પાપના ભાગીદાર બનવું નથી. આમ કહી તે પેઢીમાંથી ભાગીદાર તરીકે છૂટા થઈ ગયા. આના ઉપરથી આપણે જાણી શકીએ કે તે ન્યાયસંપન્ન વૈભવ અને સાધનશુદ્ધિના સાચા આગ્રહી હતા. ન્યાયસંપન્ન વૈભવ અને સાધનશુદ્ધિના આવા પ્રયોગવીરોને અભિવંદના!

❑❑❑

gunvant.barvalia@gmail.com
M. 9820215542

# ખાલી જગ્યા પૂરો

## ગુલાબ દેઢિયા

છોકરો નાનો હતો. જરાક સમજણો થયો. ભાષા મળી. પહેલાં સાંભળતો થયો. પછી બોલતો થયો. તેને મજા પડવા લાગી. વાક્યો નાનાં હતાં, સાદાં હતાં. છોકરાને ગમ્મત થઈ. બારાખડી લખતાં શીખ્યો. અક્ષરો પછી શબ્દો પછી વાક્યો આવ્યાં.

પછી અધૂરાં વાક્ય પૂરાં કરો, પ્રશ્નાર્થ વાક્ય બનાવો, કાળ બદલો, જાતિ બદલો, બધું પાર કરી એ 'ખાલી જગ્યા પૂરો'વાળાં વાક્યો લગી પહોંચ્યો. ત્યારે ટચૂકડો ચમત્કાર થયો. તેને ખાલી જગ્યાઓ દેખાવા લાગી. એ પોતે વાક્યોમાં ખાલી જગ્યાઓ ઊભી કરવા લાગ્યો, ભરવા લાગ્યો. ખાલી જગ્યાઓ તો જ્યાંથીને ત્યાંથી એને મળવા આવવા લાગી.

વખત સાથે ઓળખાણ થઈ પછી એ દોસ્તીમાં પરિણમી. કંઈક ને કંઈક બન્યા જ કરે, બન્યા વગર તો કંઈ રહે ખરું! એ ખાલી જગ્યા ભરવા લાગ્યો. એની પાસે હતું શું? આમ જોવા જઈએ તો કંઈ ન હતું, ખાસ કંઈ ન હતું. એક પ્રાર્થના હતી. નાની હતી, સાદી હતી, કંઠસ્થ હતી, હૃદયસ્થ હતી. પ્રાર્થના તો નાની જ હોય ને! એ પ્રાર્થના બધી ઘટનાઓમાં ફાવી જતી. ગોઠવાઈ જતી. એ વાક્ય છલોછલ થઈ જતું. અર્થ ઉર્ધ્વ થઈ જતો.

ખાલી જગ્યા પૂરો એ આમ જુઓ તો મજાનો ખેલ છે. ખાલી જગ્યાઓ સર્જાતી જાય છે. હું ભરતો જાઉં છું. બધામાં ફીટ બેસી શકે ને ખીલી ઊઠે એવા પ્રાર્થનાના શબ્દો જ જાદુ કરે છે. મનમાંથી ઉદ્ભવે છે એ પણ જાદુ છે. એના રૂડા પરિણામ દેખું છું એ પણ જાદુ છે. આમ તો હજી શીખું છું. શીખવું એ પણ જાદુ છે.

વાટમાં તો ખાડાટેકરા આવે, ઢાળચઢાણ આવે, તડકોચાંદની આવે; જરાક અણસાર મળે કે પેલી સાવ નાનકડી પ્રાર્થનાને ત્યાં પધરાવું. બધું ઝગમગ ઝગમગ.

કેટલાય અટપટા પ્રશ્નોના સહેલા ઉત્તરો જાણે આ પ્રાર્થનામાંથી ડોકિયાં ન કરતા હોય! એ શબ્દો છે, મનોદશા છે કે વિચાર છે એવું એવું કહેવું; વર્ગીકરણ કરવું દુષ્કર છે. આપણને શું? આપણને તો ટપટપથી કામ કે મમ મમથી કામ!

મન કહો કે મગજ કહો એ પ્રાર્થનાની સંગત કરે, ગોઠડી કરે ત્યાં પછી પૂછ્યું કે કહેવું જ શું! બીજી દરબારી ઈન્દ્રિયો તો જી હજૂર કહેતી ખડે પગે ઊભી જ છે. બાપુનો બોલ કોણ ઉથાપી શકે?

હવે ચકળવકળ થતી આંખોમાં, શ્વાસના લયમાં, નાડીના ધબકારમાં, દોડતા ચાલતા થાકતા ચરણની ગતિમાં, ઈચ્છાઓની ધોધમાર મતિમાં પેલી સરળ, સહજ, નાજુક, નમણી, નમ્ર, ગુણસભર પ્રાર્થના પરોવી દીધી છે. એ એનું કામ કર્યે જાય છે. આપણે તો ખેલ જોવાનો છે. રાસ ચાલે છે.

હવે પેલો તોરીલો સમય, ચતુર ઈચ્છાઓ, અપાર પરિસ્થિતિ, કાર્યોના કબીલાઓ, મતમતાંતરો બધું જ રૂડું લાગે છે, સહ્ય લાગે છે.

હા હજી ભૂલો થાય છે, થવાની. આરોહ અવરોહ પછી સમ પર આવવા પેલું સ્મરણ ખપ લાગે છે. ઉધામા શમી જતા લાગે છે, પાછા માથું ય ઊંચકે છે! કેડી અને મેડી પરચા તો દેખાડે ને!

શરદની સાંજે ગુલાબી વાદળીઓને દેખી ભાવ જાગે છે. ક્યાંક કૂંપળ ફૂટે છે. ગુફ્તેગુ ચાલે છે. સંવાદ અશબ્દ છે.

મધુર કવિતાઓ સાંભરે છે. એકાંત કે બજારમાં ઝાઝો ફેર નથી પડતો. મગજના હુકમ બદલવાના છે. પરિસ્થિતિ બદલવાનું તો આપણું ગજું ક્યાં?

કંઈ જ કરવું નથી પડતું. મગજ ઠેકાણે તો બધું ઠરીઠામ. એક ચાંપ શું કરી શકે તે હવે સમજાય છે.

ખાના પાડવાનું ઘટતું જાય છે, સાવ અંત નથી આવ્યો, આવશે, નહિ આવે તો ય શું? ખાનાની બહાર ઘણું છલકે છે. મહેંકે છે. આ અદીઠ સૌરભને કયા ખાનામાં મૂકવી!

ચાંપ દરવાજો ખોલે છે, દરવાજો અંદર ખૂલે છે. પરિસ્થિતિ બહાર ઊભી છે. બચપણમાં સાંભળેલું એક નામ યાદ રહી ગયું છે. અમારા ગામમાં એક જ માણસનું એ નામ હતું. બહુ મીઠડું નામ છે. નામ હતું આત્મારામ. 'આત્મારામ, ક્યાં છો?' 'આત્મારામ અહીં આવજો.' 'આત્મારામને પૂછો,' આવા આવા વાક્યો આજે ફરીથી મનમાં જાગે છે, ખરી મજા છે.

પરિસ્થિતિ બહાર ઊભી છે ને આત્મારામ તો અંદર છે.

❑❑❑

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર, ચાર બંગલા,
અંધેરી (પ.), મુંબઈ - ૫૩. મો. ૯૮૨૦૬૧૧૮૫૨

---

(અનુસંધાન પાનાં નં.૩૫ થી)

ઘણા બધા લોકોનો ફાળો છે, ઘણા બધા લોકોની મદદ છે. બધું જ આપણને બીજા પાસેથી મળ્યું છે. આખરે બધું જ ઈશ્વરનું કૃપાદાન છે. એટલે પ્રવૃત્તિમાં પરિણામની ભાગીદારી-સાથીદારીની ભાવનાથી સૌ ભેટો માટે ઈશ્વર પ્રત્યે આપણી કૃતજ્ઞતા પ્રગટ કરીએ.

લેખક સાથે સંપર્ક:
cissahd@gmail.com, M. 09428826518

❑❑❑

અમદાવાદ - ૩૮૦૦૧૪
ફોન : ૦૭૯-૨૭૫૪૨૯૨૨

# એક ધ્યાનાકર્ષક પ્રયોગ !

હરેશ ધોળકિયા

આપણા સમાજની તકલીફ એ છે કે તેમાં જે સુંદર બાબતો બને છે, તેનો ખાસ પ્રચાર નથી થતો. તેના તરફ ધ્યાન પણ નથી જતું, પણ જરાક પણ નકારાત્મક ઘટના બને તો તરત સમાજનું અને, ખાસ કરીને, જાહેર માધ્યમોનું ધ્યાન ખેંચાય છે અને કાગારોળ કરી નાખે છે. હવે સમાજમાં સારી ઘટનાઓ વધારે બનતી હોય છે અને નકારાત્મક ઘટનાઓ પ્રમાણમાં ઓછી બનતી હોય છે, કારણ કે નેવુ ટકા લોકો નોર્મલ છે, સ્વસ્થ છે, પણ જાહેર માધ્યમો અને નબળા મનવાળા લોકોને નકારાત્મક ઘટનાઓમાં સનસનાટીનો અનુભવ થાય છે. તેથી તે વધારે સંભળાય કે વંચાય છે કે ચર્ચાય છે. આ સમાજની જ એક નબળાઈ ગણી શકાય. સ્વસ્થ સમાજ એ છે જે સકારાત્મક બાબતોને વ્યાપક મહત્વ આપે. તો જ સમાજ વધારે સ્વસ્થતા તરફ આગળ વધી શકે.

થોડા સમય પહેલાં આવો એક હકારાત્મક પ્રયોગ થઈ ગયો. પણ તે એક સંપ્રદાયમાં અને ધાર્મિક સંદર્ભમાં થયો હતો. તેથી જાહેર માધ્યમોનું તેના તરફ ધ્યાન ન ગયું. આયોજકોએ પણ તેનો યોગ્ય પ્રચાર ન કર્યો. તેથી તે અજ્ઞાત જ રહી ગયો. પણ હકીકતે ભલે તે ધર્મ સંબંધી પ્રયોગ હતો, પણ કેળવણીના સંદર્ભમાં બહુ મહત્વનો હતો. તેથી તે વિશે જાણવું જરૂરી બને છે. એટલે અહીં તેનો ઓછો ખ્યાલ આપવાનો પ્રયાસ કર્યો છે. તેને ધર્મ સંદર્ભમાં ન જોતાં ''બાળ કેળવણી અને બાળ ઉછેર''ના સંદર્ભમાં જોવાશે તો તેનું મહત્વ સમજાશે.

જૈનોમાં ચાર્તુમાસનું મહત્વ હોય છે. આ દરમ્યાન કોઈ મુનિ કે આચાર્ય પધારતા હોય છે. ચાર માસ પ્રવચન વગેરે આપતા હોય છે. જૈનો ખૂબ જ ભક્તિપૂર્વક સાંભળતા હોય છે. આ સમય દરમ્યાન તે સમાજમાં ધાર્મિક પર્યાવરણ ઊભું થતું હોય છે. આ મુનિઓ ક્યારેક માત્ર પ્રવચનથી ન અટકતાં વિવિધ પ્રયોગાત્મક કાર્યક્રમો પણ કરતા હોય છે. આવા તાજેતરના એક ચાર્તુમાસ દરમ્યાન એક પ્રયોગ એક આચાર્યશ્રીએ કર્યો જે ધ્યાન ખેંચે છે.

તેમણે બાળકોને પડકાર ફેંક્યો કે તેઓ સો બિયાસણા કરે. આ બિયાસણા એટલે સો દિવસ દરમ્યાન માત્ર બે વાર જ આસન પર બેસી ઘરનું જ ખાવું. તે બાદ કરતાં આખા દિવસ દરમ્યાન કશું જ ન ખાવું. બહારનું તો ન જ ખાવું. આચાર્યશ્રીએ બાળકોને એ પ્રોત્સાહન આપ્યું કે જે બાળક આ કરશે તેને ગીયરવાળી સાઈકલ અપાશે.

મજાની વાત એ છે કે અનેક બાળકોએ આ પડકાર ઝીલી લીધો. અને મોટી વાત એ કે તે સાઈકલ મેળવવા ખાતર નહીં, પણ પડકાર ઝીલવા ખાતર જ સ્વીકાર્યો. આ બાળકોમાં મોટા ભાગનાં બાળકો દસ બાર વર્ષનાં હતાં. પુષ્કળ સંખ્યામાં બાળકોએ ભાગ લીધો. આ બધાંએ સો દિવસનું વ્રત પૂર્ણ કર્યું અને તેમનો અનુભવ પણ લખ્યો છે. કેટલાંક માતા પિતાએ પણ અનુભવ લખી દીધો. તેમાંથી જ જાણવા મળે છે.

ધ્યાન એ રાખવાનું છે કે આ બધાં બાળકો આધુનિક બાળકો છે. ટી.વી. ભક્તો છે. હોટેલમાં તો સતત જાય છે. બહારની વસ્તુઓ આખો દિવસ સતત ચાવ્યા કરે છે. અને માતા પિતાઓ અને વડીલો તેમની બધી જ માગણીઓ પૂરી પણ કરે છે. તેથી તેમનામાં જરા પણ સહનશક્તિ નથી. ''આવાં'' બાળકોએ આ પડકાર ઝીલ્યો છે.

તેમના કે તેમનાં વડીલોએ જે બયાન નોંધ્યાં છે તેમાંથી શું જાણવા મળે છે?

પ્રથમ બાળકોના સંદર્ભમાં તપાસીએ.

આગળ કહ્યું તેમ બધાં જ બાળકોએ સો દિવસનાં વ્રત પૂર્ણ કરેલ છે. કલ્પના કરીએ કે બેફામ, સ્વચ્છંદી જીવન જીવતાં (માતા પિતા અને વડીલોની મદદથી!) બાળકોએ આ વ્રત પૂરું કરેલ છે. તેમને તો દિવસ દરમ્યાન અનેક વાર ખાવા જોઈએ. મધ્ય રાત્રિએ ભૂખ લાગે તો પણ ખાવાનું જોઈએ. રવિવારે તો હોટેલમાં જ જમવાનું ગમે. આવાં બાળકોએ સો દિવસ દરમ્યાન માત્ર બે વાર અને ઘરનું જ ખાધું છે. ક્યારેક તો શાળા કે ટ્યુશન વગેરેના પરિણામે જો બપોરે બે વાગ્યે ભોજન લે, તો પછી સાંજે સૂર્યોદય પહેલાં તો જમી ન શકે. તો ચલાવી લે, પણ રાત્રે તો ન જ ખાય! સતત ખાતાં બાળકોએ કેમ ચલાવ્યું હશે? અને તે શું સૂચવે છે? તે કહે છે કે આ વ્રતના કારણે બાળકોમાં, પહેલાં તો, ''ઈચ્છાશક્તિ'' વિકસી છે. તે સાથે સહનશક્તિ કેળવાઈ છે. સ્વચ્છંદી બાળકોમાં ત્યાગવૃતિ પણ કેળવાઈ દેખાય છે. હોટેલ, મીઠાઈઓ કેડબરી, આઈસ્ક્રીમ, બ્રેડ વગેરે વિના જરા પણ ન ચલાવી શકતાં બાળકોએ સો દિવસ આમાંથી કશું નથી ચાખ્યું. ક્યારેક વડીલોએ સામેથી આપ્યું છે તો પણ નથી સ્વીકાર્યું. એકવીસમી સદીનાં સ્વચ્છંદમાં ઉછેરતાં બાળકોની આ વૃતિ નવાઈ પમાડે છે. ક્યારેક તો કોઈ બાળકને આ ન ફાવતાં, કે તે દરમ્યાન માંદગી આવતાં, જમ્યા પછી ઉલટી વગેરે થતી કે માંદાં પડતાં, છતાં તે વચ્ચે પણ તેણે વ્રત ચાલુ રાખેલ છે. વડીલોએ છોડી દેવા ખૂબ સમજાવેલ છે, છતાં નથી માન્યાં અને ચાલુ રાખેલ છે. સામાન્ય સંદર્ભમાં થોડો વખત પણ ન ખાય તો ભણી ન શકે કે કામ ન કરી શકે એવાં બાળકોએ માત્ર બે વાર ખાઈ શાળા, ટ્યુશન, વિવિધ તાલીમો (કરાટે, નૃત્ય વગેરેની) ચાલુ રાખી છે. ઘરમાં કે મિત્રોના

જન્મ દિવસોમાં જાય અને ત્યાં આકર્ષક આહાર જુએ છતાં ન ખાય! વડીલોના ઉત્સવ પ્રસંગોએ હોટેલમાં જવા ટેવાયેલ બાળકો પોતે હોટેલમાં નહીં આવે તેમ કહે - આ માની ન શકાય તેવી બાબત કહી શકાય. તેને કારણે વડીલોને પોતાની બહાર ખાવાની વાસના પર સંયમ રાખવો પડતો હતો. એટલે બાળકોએ પોતાના વ્રત દ્વારા વડીલોને પણ પ્રભાવિત કરેલ છે. આ બહુ મોટી બાબત નથી કે વડીલોની વાસનાઓને કે સ્વચ્છંદને બાળકો સંયમિત કરે!!

તો વડીલોનું શું મૂલ્યાંકન કરી શકાય?

આ લખાણોમાંથી ન ગમે તેવી બાબતો વ્યક્ત થાય છે. પહેલી બાબત તો એ છે કે વડીલો બાળકની શક્તિને ઓછી આંકે છે. જ્યારે બાળક વ્રત લેવા તૈયાર થાય છે, ત્યારે વડીલો ''તું નહીં કરી શકે'' કે ''તારાથી ન થાય'' કહી રોકવાનો પ્રયાસ કરે છે. એક દાદા તો બાળકને કહે છે કે તેણે વ્રત કરવાની જરુર નથી. તે તેને એમ જ સાઈકલ લઈ દેશે. આ તો બાળક તેના વડીલ કરતાં મજબૂત મનોબળવાળું છે એટલે નથી માનતું. એક બાળક તો દાદાને કહી દે છે કે તે સાઈકલ માટે વ્રત કરતું જ નથી. તેને તો મોક્ષ મેળવવો છે. ભલે તેને મોક્ષ શું તે ખબર નહીં હોય, ગોખણિયું વાક્ય બોલતું હશે, પણ દાદાની નબળાઈને વશ નથી થતું એ મોટી બાબત છે. અનેક વડીલોએ લખેલ છે કે બાળકને ક્યારેક કોઈ તકલીફ પડે કે તરત તેઓ કહે કે મૂકી દે. મિત્રના જન્મ દિવસે કે નવરાત્રિ દરમ્યાન પણ મૂકી દેવા કહે. ક્યારેક બહારનું ખાવાનું ઘેર લઈ આવે અને ધરે. છતાં બાળકો નથી માનતાં. વડીલોની ઉપરવટ જઈ વ્રત ચાલુ રાખે. ઘણા વડીલોએ પોતે શરમાયાનો એકરાર કર્યો છે. પણ આજે પણ વડીલો બાળકને બાળક માની તેની શક્તિને ઓછી આંકે છે. તેને સરળ બાબતો કરવા જ કહે છે. સાહસિક નથી બનાવતાં. કદાચ બાળક કશુંક નવું, સાહસભર્યું કરવા તૈયાર થાય છે, તો તેને નકારી તેમને ઢીલાં બનાવે છે. આ લખાણો કહે છે કે વડીલો જ બાળકોને વ્યવસ્થિત રીતે બગાડે છે. પણ આ બધાંને કારણે જ મોટા ભાગનાં બાળકો માનસિક રીતે નબળાં બને છે. સરાસરી બની જાય છે. પણ તેમાં તેમનો વાંક નથી. વડીલોની ખોટી વિચારસરણી જવાબદાર છે તે આ બાબત પૂરવાર કરે છે. આ ઘટના વડીલો તરફ આક્ષેપાત્મક રીતે આંગળી ચીંધે છે. વડીલોએ સખત સુધરવાની જરુર છે તે સૂચવે છે.

આ સમગ્ર ઘટના - વ્રતની - બીજી પણ અનેક બાબતો સૂચવે છે. પ્રથમ તો એ કે બાળકો પાસે અનંત શક્તિ છે. તે ધારે તે કરી શકે છે. તેને માત્ર પ્રેરણા અને પ્રોત્સાહનની જરુર હોય છે. બીજું, ઘર, ધારે તો, બાળકને તાલીમ આપી શકે છે. હકીકતે ઘરની જ આ જવાબદારી છે. શાળામાં તો બાળક માત્ર છ કલાક જ હોય છે. ઘરમાં તે અઢાર કલાક હોય છે. બાળક પર વડીલોનો પુષ્કળ પ્રભાવ હોય છે. તે તેમને આજે પણ ભગવાન માને છે. પણ કમનસીબે વડીલો માટીપગાં સાબિત થાય છે. પોતાની નબળાઈઓ બાળકો પર થોપી દે છે અને તેમને પણ નબળાં બનાવી તેમની શક્તિને રૂંધી નાખે છે. તેઓ જ બાળકોને વ્યવસ્થિત રીતે બગાડે છે. (પાછાં તેઓ જ ફરિયાદ કરે છે કે બાળક બગડી ગયું છે!) પરિણામે અનંત શક્તિ સાથે જન્મેલ બાળક જીવનભર સામાન્ય અને સરાસરી રહી જાય છે. બાળકને અને દેશને ભયંકર ખોટ જાય છે.

આ ઘટના કહે છે કે જો ઘરમાંથી જ સંયમની, સહનશીલતાની, ઈચ્છાશક્તિની તાલીમ આપવામાં આવે, વડીલોના પોતાના જ આચાર દ્વારા, તો બાળકો હોંશથી તે ઝીલવા તૈયાર હોય છે. તે ગમે તેવું કઠોર લાગતું કામ કરવા તૈયાર હોય છે. પણ બને છે એવું કે બાળક કદાચ કઠોર કામ કરવા તૈયાર થાય, તો તરત વડીલો - તેમાં પણ માતાઓ તો ખાસ - તેને રોકે છે અને ''લાડ'' લડાવી બગાડે છે. કોઈ સદભાગી બાળકને વ્યક્તિ (સાધુ કે શિક્ષક) પ્રેરે તો તે તેમના પ્રભાવથી પુનઃ સજ્જ થાય છે. માતા પિતા એક અદભુત તક ગુમાવી બેસે છે.

આ ઘટના સૂચવે છે કે આધુનિક વડીલો પોતે જ અસંયમી છે. નાની નાની બાબતમાં ઉજવણી રુપે હોટેલમાં જવું, બહારનું ખાવું, વિલાસ કરવો એ ટેવ તેઓ જ કેળવે છે અને બાળકોને પણ શીખવે છે. પણ તેનાથી બાળક અસંયમી બને છે. તેનું આરોગ્ય બગડે છે. અનેક રોગોનું ભોગ બને છે તેની મેદસ્વીતા વધે છે. તેની સહનશક્તિ અને ઈચ્છાશક્તિ નબળાં પડે છે તે નથી જોતાં. વડીલોએ ખાસ જાગવાની તાતી જરુર છે. ઘરમાં જો પ્રભાવશાળી વડીલ હોય તો બાળક ઉત્તમ કેળવણી મેળવે છે. કેવળ ઘર જ સંસ્કૃતિની અને સ્વસ્થતાની તાલીમ આપી શકે છે. પણ કમનસીબે તેઓ કેવળ ''લાડ'' કરે છે અને બાળકોને બગાડે છે.

આ નાનો પ્રયોગ હોઈ શકે, પણ તે અનેક સૂચનો કરે છે. એકવીસમી સદી ખૂબ ઉત્તમ છે. તેમાં અનેક તકો મળવાની છે. ખૂબ પ્રગતિની તકો છે. પણ જો વ્યક્તિ સ્વસ્થ નહીં હોય, સંયમી નહીં હોય, જાગૃત નહીં હોય, તો તકો ગુમાવી બેસશે. અને આ બધાની કેળવણી માત્ર ઘર જ આપી શકે. અને બધાને આવા આચાર્યો ન મળે. પણ વડીલો આચાર્યો બની શકે. તે તાલીમ આપી શકે. આ બાળકો સદભાગી છે કે તેમને આવા આચાર્ય મળ્યા. પણ તેમનો અનુભવ જાહેરમાં મૂકાય તો બાકીના વડીલો તે જાણી, ઈચ્છે તો, પોતે જ બાળકોને તૈયાર કરી શકે. તેમણે સમજવાનું છે કે તેમણે કંઈ દેશની સેવા કરવાની નથી. કેવળ ''પોતાનાં જ'' બાળકોને તાલીમ આપવાની છે. પોતાનાં જ બાળકોને તૈયાર કરવાનાં છે. તેઓ જો સજ્જ થશે, સ્વસ્થ થશે, તો દેશ આપોઆપ સ્વસ્થ થવાનો, સ્વાર્થ આપોઆપ પરમાર્થ બની જશે.

આ પ્રયોગ કરનાર આચાર્યશ્રી વંદનને પાત્ર છે. તેમનો પ્રયોગ અત્યંત આવકારદાયક છે. તેમને પણ એક ઉત્તમ શિક્ષક ગણવા જોઈએ.

❑❑❑

ફોન : ૦૨૮૩૨-૨૨૭૯૪૬

# તારી લીલા અપરંપાર તેનો કોઈ નવ પામે પાર

નટવરભાઈ દેસાઈ

અખિલ બ્રહ્માંડનો ચરખો અનાદિકાળથી ચાલે છે. બ્રહ્માંડનો હિંડોળો તેના નિયમ મુજબ કોઈ પણ જાતની રૂકાવટ સિવાય સતત ચાલતો રહે છે. નરસિંહ મહેતાએ કહ્યા પ્રમાણે,

*'અખિલ બ્રહ્માંડમાં એક તુ શ્રી હરી*
*જુજવે રૂપે અનંત ભાસે'!*

આકાશ, પૃથ્વી અને પાતાળ... આ બધે જ તેની લીલા જોવા મળે. દશ્યજગત અનેક અજાયબીઓથી ભરેલુ છે અને તેનો સર્જનહાર, પાલનહાર અને સંહારક કોણ છે તે જાણવા માટે માણસમાત્ર અનાદિકાળથી મહેનત કરતો આવેલ છે પણ તેનો તાગ મળતો નથી. આકાશિસૃષ્ટિ આપણી સમજમાં ન આવે એટલી વિશાળ છે છતાં તે તેના નિયમ મુજબ અનાદિકાળથી ચાલી રહેલ છે. પ્રાણીસૃષ્ટિ, જીવસૃષ્ટિ... આ સૌનું સર્જન કેવી રીતે થાય છે? ક્યાંથી થાય છે? અને કોણ કરે છે? એ આપણે કોઈ જાણતા નથી. આ બ્રહ્માંડની રચના અદભુત અને અલૌકિક છે અને તેનું ગૂઢ અને ઘેરુ રહસ્ય પામવા માટે આપણે ઘણા વામણા છીએ. તેની પાછળનું કારણરૂપ તત્વ છે તેને તમે પ્રભુ કહો અથવા ઈશ્વર કહો અથવા અલ્લાહ કહો તે શક્તિનું આ સર્જન છે અને તેનાં મૂળમાં ચેતના કાર્ય કરી રહેલ છે. માણસ બોલતો-ચાલતો-સાંભળતો-દેખતો છે કારણ તેનામાં ચેતના છે. ચેતના ગયા પછી બધા જ અંગઉપાંગો મોજુદ હોવા છતાં ચેતના ન હોવાને કારણે બધી ઈન્દ્રિયો નિરર્થક થઈ જાય છે. અને તેને આપણે મૃત્યુ કહીએ છીએ. જીવસૃષ્ટિની ઉત્પત્તિ નર અને માદાના સંવનનથી થાય છે તે રીતે સ્ત્રી-પુરુષના સમાગમથી પ્રજા ઉત્પત્તિ થાય છે. સ્ત્રીના ગર્ભમાં વિર્યનું એક ટીપુ જાય ત્યારબાદ સ્ત્રીનાં ગર્ભમાં તે નાના એવા ટીપાનું રૂપાંતર થઈ નવ મહિનામાં બાળક તૈયાર થાય અને એનો પ્રસવ થાય ત્યારે માનવશરીરના સૌ અંગઉપાંગો સાથે બાળકનો જન્મ થાય અને સ્ત્રીનાં ગર્ભમાં કેવી રીતે આ બધું થતુ હશે તે ઈશ્વરની લીલા સિવાય બીજુ શું હોઈ શકે?

*'બીજમાં વૃક્ષ તું, વૃક્ષમાં બીજ તું'*

તે જ પ્રમાણે કુદરતની સૃષ્ટિમાં ઝાડ-પાન, ફળ-ફૂલ અને અનેક વનસ્પતિની ઉત્પત્તિ તેના બીજમાંથી થાય છે જેને જમીનમાં રોપીને ખાતર-પાણી આપવાથી તે બીજ વિકાસ પામીને છોડ થાય, ઝાડ થાય અને તેની ઉપર ફળ પણ આવે. તેના મૂળમાં ફક્ત બીજ વાવેલું હોય છે. તેમાંથી આ બધું થાય. ફૂલોમાં રૂપ-રંગ અને સુગંધ કયાંથી આવે છે તે કોઈ સમજી શકતું નથી. આવી અનેક બાબતો માટે આપણી વિચારશક્તિ સીમિત છે એટલે તેનુ રહસ્ય સમજાતું નથી. વિજ્ઞાન ખુબ જ સંશોધન કરે છે અને તેનો અદ્‌ભુત વિકાસ થયો છે. વિજ્ઞાનની મદદથી માનવી પંખી કરતા વધુ કુશળતાથી અવકાશમાં ઉડી શકે છે અને સબમરીનથી પાતાળનાં તળિયે જઈ શકે છે. તે હિમાલયની ટોચ ઉપર જઈ શકે છે. દશ્યસૃષ્ટિનો વૈભવ હંમેશા જોયા કરતા માણસને તેના આંતરવૈભવ તરફ દૃષ્ટિ કરવાની ફુરસદ નથી. બહારનાં દશ્યવિશ્વથી અનેકગણુ વિશાળ અને મહત્વનું આંતરવિશ્વ છે અને જો તેને સમજીને પામી શકીએ તો આપણુ જીવન સાર્થક થાય. આ બધી જ વાતો કોઈ એવી શક્તિ તરફ આંગળી ચીંધે છે કે જે આ બધાના મૂળમાં છે તેને તમો કોઈ પણ નામ આપી શકો. આ બ્રહ્માંડની રચના ગ્રહો, ઉપગ્રહો, નિહારીકાઓ અને અસંખ્ય તારાગણોથી છવાયેલુ છે અને તે સતત તેને સોંપેલુ કામ સમયની ચોકસાઈ સાથે કરતુ રહે છે. મનુષ્યસૃષ્ટિ અને વનસ્પતિની સૃષ્ટી અરસપરસ વાયુની આપ-લે કરે છે. એમાં મનુષ્યને ઓક્સિજન વનસ્પતિમાંથી મળે છે અને વનસ્પતિને મનુષ્યમાંથી કાર્બન ડાયોક્સાઈડ મળે છે કે જે બંન્નેને જીવવા માટે જરૂરી છે. અત્યારનાં વૈજ્ઞાનિકોનાં શોધખોળના પરિણામે જે કમ્પ્યુટરો માહિતી સંઘરી રાખે છે તેની સામે ઈશ્વરે મનુષ્યને જે મગજ આપ્યું છે તે અનેકગણું પાવરફુલ કમ્પ્યુટર છે. ભૂતકાળની બાળપણથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીની અનેક સ્મૃતિઓ તેમાં સંઘરાયેલ પડેલ છે અને જ્યારે આવશ્યકતા હોય ત્યારે તે સંઘરેલી માહિતી યાદ આવે તે ઈશ્વરના સર્જનનો સૌથી મોટો ચમત્કાર છે.

સૂર્યોદય અને સૂર્યાસ્ત અને જુદી-જુદી ઋતુઓનું તેના નિયમ મુજબ આગમન થાય અને ખગોળશાસ્ત્રનાં નિયમો મુજબ તેનું ગણિત પણ ચોક્કસ હોય અને આજથી પચાસ વર્ષ પછી સૂર્યોદય અને સૂર્યાસ્ત કેટલી કલાક, મીનિટ અને સેકન્ડે થશે તે તેના ગણિતના આધારે અગાઉથી પંચાંગમાં જણાવવામાં આવે છે. આનો અર્થ એમ થયો કે ખગોળશાસ્ત્ર પણ તેના ચોક્કસ નિયમ મુજબ કાર્ય કરે છે અને સમય પ્રમાણે ચાલે છે.

આ બધી બાબતો આપણે હંમેશા જોતા રહીએ છીએ અને અનુભવીએ છીએ છતા તે કેવી રીતે થાય છે તે આપણી સમજની બહારની વાત છે. આ કારણે તેને કોઈ અલૌકિક શક્તિ કે જેને પ્રભુની લીલા કહી શકાય તેમ માનીએ છીએ.

તાજેતરમાં જ પ્રભુની લીલાનો અદ્‌ભુત કિસ્સો જોવા મળ્યો. અમારા એક સ્નેહીની ગૌશાળામાં ગયેલ અને અનેક તંદુરસ્ત ગાયો હતી અને તેની સાફસફાઈ પણ અદભુત હતી. તેમાં એક ગાયને વાછરડુ આવેલ. તે ગાયની પાસે રમતુ હતુ. તપાસ કરી કે આ

*(અનુસંધાન પાનાં નં. ૪૨ ઉપર)*

# શ્રીમદ્ રાજચંદ્રજી - એક બહુઆયામી વ્યક્તિત્વ

**આત્માર્પિત દેવાંગભાઈ**

● **શ્રીમદજી એક સદગુરુ - મોક્ષમાર્ગના દાતા તરીકે**

શ્રીમદજીના સાન્નિધ્યમાં ચાર ભક્તરત્નોએ સમકિતની પ્રાપ્તિ કરી હતી. શ્રીમદજી પોતે તો રત્નત્રયની ટોચ પર બિરાજમાન હતા અને તેઓશ્રી રત્નત્રયનો વેપાર કરતા હતા એટલે કે સુપાત્ર જીવને સમ્યકદર્શનની પ્રસાદી આપતા હતા. તેઓશ્રીએ મહામહેનતે મોક્ષમાર્ગમાં આવી ગયેલા દૂષણોને દુર હટાવ્યા હતા અને સાધકો માટે મોક્ષમાર્ગ સરળ, સુગમ અને આનંદમય બનાવ્યો છે. તેઓશ્રી ખરા અર્થમાં સદગુરુ હતા અને બીજાને સચોટ રાહ બતાવતા હતા તેનું જીવતું જાગતું ઉદાહરણ મહાત્મા ગાંધીજી છે. તે તો આપણને વિદિત છે કે ગાંધીજીના જીવનમાં પણ ધર્મ સંબંધી ઘણું મનોમંથન ચાલ્યું હતું. અને તેઓ નક્કી નહોતા કરી શકતા કે કયા ધર્મને અનુસરું. તેઓ સાઉથ આફ્રિકા ગયા હતા ત્યાં શેખ અબ્દુલ્લા, કે જેમનો કેસ લડવા તેઓ ગયા હતા તે ઈસ્લામ ધર્મ સર્વશ્રેષ્ઠ છે તેવું ગાંધીજીને કહેતા હતા અને તેમને ઈસ્લામ ધર્મમાં આવવા પ્રેરતા હતા જ્યારે તેમનીજ કંપનીમાં બીજા ખ્રિસ્તી ભાઈ મિ.બેકર, તેવી જ રીતે તેમનો ધર્મ સર્વશ્રેષ્ઠ છે તેમ સમજાવી, ગાંધીજીને ધર્મપરિવર્તન કરવાનું સૂચવતા હતા. આ ધર્મમંથનના સમયમાં ગાંધીજીએ શ્રીમદજીની સલાહ માંગી હતી. ત્યારે શ્રીમદજીએ તેમને હિન્દુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવાનું સૂચવ્યું હતું. એટલેકે ગાંધીજીને કહ્યું કે તમને જે જોઈએ છે તે બધું જ તમારા ધર્મમાં છે, ધર્મપરિવર્તન કરવાની કોઈ જ જરૂર નથી. અહિયાં શ્રીમદજી એમ પણ કહી શકત કે હિન્દુ ધર્મ છોડો અને જૈન ધર્મમાં આવો, પરંતુ એવું કશું ન કહેતા ગાંધીજીને પોતાના ધર્મ (હિન્દુ ધર્મ) પ્રત્યે સુપરિચિત કરાવ્યા અને તેમને માર્ગમાં સ્થિર કરાવ્યા. જો શ્રીમદજી, ગાંધીજીના જીવનમાં ના હોત, જો ગાંધીજીને સચોટ માર્ગદર્શન ના સાંપડ્યું હોત તો કદાચ ગાંધીજીએ ધર્મપરિવર્તન કર્યું હોત અને તે મોહમ્મદ કે માઈકલ બની ગયા હોત.

● **શ્રીમદજી એક સમાજસુધારક તરીકે**

જ્ઞાનીનું જીવન કઈ લેવા માટે નથી હોતું પરંતુ સમાજને જેટલું આપી શકાય તેટલું આપવા માટે હોય છે. કોણ કહે છે કે ધર્મના માર્ગે જવાથી સંસાર તથા ઘર-પરિવાર વગેરેની જવાબદારીઓ નિભાવી ના શકો. શ્રીમદજી નું જીવન અધ્યાત્મના રંગે રંગાયેલું તો હતું જ, અંતર્મુખતા સધાયેલી જ હતી, પરંતુ સાથે સાથે સમાજમાં ફેલાયેલા દુષણો પ્રત્યે પણ સભાન હતા. તેઓશ્રીએ મોક્ષમાર્ગના દુષણો જ ફક્ત દુર નથી કર્યા પરંતુ તત્કાલીન સમાજમાં સ્ત્રી ઉત્થાન માટે પણ તેમણે યોગદાન આપેલું છે. સ્ત્રીઓને સુધારવા તથા સમાજને સ્ત્રી વિષે સન્માનજનક સમજણ આપવા, તેઓશ્રીએ ગરબીમાં (કવિતાનો એક પ્રકાર) રચેલું ''સ્ત્રીનીતિબોધક'' આજના જમાનામાં પણ થોડું શિક્ષણ પામેલી સ્ત્રીઓને ઘણું ઉપયોગી થાય તેવું પુસ્તક છે. વિ.સં. ૧૯૪૦માં પ્રગટ થયેલું શ્રીમદ્જીનું આ પ્રથમ પુસ્તક છે. તેમાં આપણને શ્રીમદ્જીનો સુધારક તરીકેનો પરિચય થાય છે.

શ્રીમદ્જીએ સ્ત્રીને સમાજનું મહત્વનું અંગ ગણીને તેમને શિખામણ આપતા કહે છે કે :

**''જો તું સ્ત્રી હો તો તારા પતિ પ્રત્યેની ધર્મકરણીને સંભાર;-દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દ્રષ્ટિ કર.''**[1]

તથા

**''બાઈ, રાજપત્ની હો કે દીનજનપત્ની હો, પરંતુ મને તેની કંઈ દરકાર નથી. મર્યાદાથી વર્તતી મેં તો શું પણ પવિત્ર જ્ઞાનીઓએ પ્રશંસી છે.''**[2]

શ્રીમદજી સ્ત્રી (પત્ની) વિષે કેવો ઉત્તમ બોધ આપી ગયા છે તે વિવેકથી વિચારવા યોગ્ય છે.

**''સ્ત્રીને સદાચારી જ્ઞાન આપવું. એક સત્સંગી તેને ગણવી. તેનાથી ધર્મબહેનનો સંબંધ રાખવો. અંતઃકરણથી કોઈ પણ પ્રકારે મા બહેન અને તેમાં અંતર ન રાખવો.....''**[3]

● **શ્રીમદજી એક સન્નિષ્ઠ વેપારી, સદગૃહસ્થ તરીકે :**

જ્ઞાની પુરુષો વ્યવહારથીજ વેપાર કરતા દેખાય છે, તેમનો ખરો વેપાર તો રત્નત્રય (દર્શન, જ્ઞાન, ચારિત્ર)નો છે. પૂર્વે બાંધેલા ભોગાવલી કર્મ પુરા કરવા માટે અને તેમને અનુસરનારો વર્ગ તેમના બાહ્ય જીવનમાંથી પણ પ્રેરણા લઈ શકે તે માટે વ્યવહાર પણ અણીશુદ્ધ રાખે છે. જ્ઞાનીઓને સદાચાર પણ વહાલો છે, કારણકે સદાચાર જીવનમાં હશે તો અધ્યાત્મ આવશે, સદાચાર વિના અધ્યાત્મ સમજાશે નહિ અને ધર્મ આચરવાનું મન પણ નહિ થાય. તેથી જ ગાંધીજી કહે છે કે.

**''જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગુઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહીં પણ અનેક વેળા થયેલો.''**[4]

હવે આપણે નક્કી કરવાનું છે કે શ્રીમદજી વેપારી હતા કે જ્ઞાની? તેનો જવાબ સરળ છે, બહારથી વણિકનો (વેપારીનો) વેષ અને અંદરથી જ્ઞાની. અહિયાં એક વાત બહુ સમજવા જેવી છે

કે જ્ઞાની થયા પછી કોઈ શીંગડા ઉગતા નથી કે શરીરમાં કોઈ ફેર પડતો નથી, પણ અંતરથી બધું જ બદલાઈ જાય છે. તેથી જ જ્ઞાની ની ઓળખાણ જેમ ગાંધીજીએ કરી તેવી રીતે તેઓશ્રીના અંતરમાં ડોકિયું કરવાથી જ થાય છે. બહારતો પૂર્વપ્રારબ્ધ અનુસાર કર્મ ચાલે છે.

- **શ્રીમદજી ક્રાંતિકારી કે પરંપરાવાદી ?**

શું શ્રીમદજી એ નવા પંથની સ્થાપના કરી છે ? શું તેઓશ્રીએ સદીઓથી ચાલતા આવતા જૈન ધર્મમાં ફેરફાર કર્યા છે ? શું જૈન માર્ગમાં કઈ ખામી હતી કે અધૂરું હતું કે શ્રીમદજીએ પ્રરૂપણા કરવી પડી? આવા પ્રશ્નો ઉદ્ભવે તે સ્વાભાવિક છે. અને તેનું સ્પષ્ટિકરણ પણ થવું જોઈએ નહિતર શુદ્ધ પુરુષના પવિત્ર આશય પર શંકા ઉદભવવાનું કારણ બને. આપણે દરેક પ્રશ્નોને વિગતવાર જોઈએ.

૧. શ્રીમદ્જીએ કોઈ નવા પંથ ની સ્થાપના કરી નથી. ખુદ તેઓશ્રી જ જૈન ધર્મના પરમ અનુયાયી હતા અને અનુરક્ત હતા. તેઓશ્રી જૈન ધર્મને કેટલું ઉચ્ચ આદર્શોયુક્ત ગણતા હતા તે તેઓશ્રીના શબ્દોમાંજ જોઈએ.

**''નિર્ગ્રંથ ભગવાને પ્રણીતેલા પવિત્ર ધર્મ માટે જે જે ઉપમા આપીએ તે તે ન્યૂન જ છે. આત્મા અનંત કાળ રખડ્યો, તે માત્ર એના નિરુપમ ધર્મના અભાવે. જેના એક રોમમાં કિંચિત પણ અજ્ઞાન, મોહ કે અસમાધિ રહી નથી તે સત્પુરુષના વચન અને બોધ માટે કઈ પણ નહી કહી શકતાં, તેના જ વચનમાં પ્રશસ્ત ભાવે પુનઃ પુનઃ પ્રસક્ત થવું તે પણ આપણું સર્વોત્તમ શ્રેય છે.**

**શી એની શૈલી ! જ્યાં આત્માને વિકારમય થવાનો અનંતાંશ પણ રહ્યો નથી. શુદ્ધ, સ્ફટિક, ફીણ અને ચંદ્રથી ઉજ્જ્વળ શુક્લ ધ્યાનની શ્રેણીએ પ્રવાહરૂપે નીકળેલા તે નિર્ગ્રંથનાં પવિત્ર વચનોની મને-તમને ત્રિકાળ શ્રદ્ધા રહો !''**[5]

શ્રીમદજીએ કોઈ નવા પંથની સ્થાપના કરી નથી પરંતુ જૈનધર્મમાં જે દુષણો આવી ગયા હતા તેને દુર કર્યા છે. આજ વાત એક દ્રષ્ટાંત વડે સમજીએ.

ધારોકે એક ચાર રસ્તા પર એક સાઈનબોર્ડ છે જે ચારે તરફની દિશા સૂચવે છે અને ઘણા યાત્રિકોનું દિશાસૂચન કરે છે. પરંતુ કોઈ કારણસર (વરસાદ કે પવનના કારણે) તે સાઈનબોર્ડની દિશા બદલાઈ ગઈ છે, હવે તે સાચી દિશા બતાવતું નથી, એવા સમયે કોઈ પરોપકારી વ્યક્તિ ત્યાં આવે છે કે જેને દિશાઓનું જ્ઞાન છે તેથી બીજા યાત્રાળુઓ ગેરમાર્ગે ના દોરાય તે માટે તે ફરીથી સાઈનબોર્ડ જેમ હતું તેમ કરી નાખે છે. શું આને તમે એમ કહેશો કે તેણે પોતાની મરજી પ્રમાણે સાઈનબોર્ડ બદલાવી નાખ્યું છે કે એમ કહેશો કે સારું કર્યું, લોકો ગેરમાર્ગે જતા અટકશે અને પોતાના ગંતવ્ય પર પહોચશે. કંઈક આવું જ થયું છે પરમ કૃપાળુ દેવ શ્રીમદ રાજચંદ્રજી સાથે. તેઓશ્રીએ જોયું કે મહાવીરસ્વામી પ્રરૂપિત માર્ગનો સમય જતા ઘણા દુષણો આવી ગયા છે. લોકોને સાચું સમજવું છે અને તે પ્રમાણે કરવું પણ છે પરંતુ મૂળ શુદ્ધ પુરુષ અથવા તો મૂળ પ્રવર્તકથી લોકો ઘણા દુર થઈ ગયા છે. તેથી તેઓશ્રીએ પરમ કરુણા કરીને મૂળ માર્ગમાં જે અવરોધો આવી ગયા હતા તેને દૂર કરી મોક્ષમાર્ગ નિષ્કંટક બનાવ્યો જેથી મોક્ષાભિલાષી જીવ તે રસ્તા પર દોડી શકે અને મોક્ષ હસ્તગત કરી શકે.[6] આજ વાત સમજાવતા તેઓશ્રી સ્વરચિત પદ ''મૂળ મારગ જીનનો સાંભળો રે..'' માં ફરમાવે છે કે

**''નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુઃખ.''**

તેઓશ્રી કહે છે કે આ માન પૂજા મેળવવા અર્થે કહેવાતું નથી કે જુદો પંથ ચલાવવાનો કે એવો કોઈ સ્વાર્થ નથી. વળી ઉત્સુત્ર પ્રરૂપણા કરીને ભવ વધારવા એ રૂપ દુઃખની અંતરમાં ઈચ્છા નથી. લોકો શુદ્ધ આત્મધર્મ પામે અને લોકો પોતાનું અનંતુ હિત કરી શકે તેવા શુભ આશયથી આ પ્રરૂપણા થઈ છે તેવો ખુલાસો કોઈ જ્ઞાનીએ કરવો પડે તે સમાજની વિચારસરણી કેવી નીચે આવી ગઈ છે તે ખ્યાલ આવે છે.

૨. તેઓશ્રીએ કોઈ નવા પંથની સ્થાપના કરી નથી. કારણકે તેવી કોઈ જરૂર નહોતી. વિતરાગ માર્ગ પરીપૂર્ણ છે. તે વાત તેઓશ્રીએ જ ફરમાવી છે.

**''જે પૂર્ણ દર્શન વિષે અત્રે કહેવાનું છે તે જૈન એટલે નીરાગીના સ્થાપન કરેલા દર્શન વિષે છે. એના બોધદાતા સર્વજ્ઞ અને સર્વદર્શી હતા. દયા, બ્રહ્મચર્ય, શીલ, વિવેક, વૈરાગ્ય, જ્ઞાન, ક્રિયાદિ એના જેવાં પૂર્ણ એક્કે વર્ણવ્યા નથી.''**[7]

પવિત્ર શ્રી તત્વાર્થસુત્ર માં જણાવ્યું છે કે **''સમ્યકદર્શન, સમ્યકજ્ઞાન અને સમ્યકચારિત્ર એ ત્રણે મળીને મોક્ષમાર્ગ બને છે.''**[8]. મોક્ષનો માર્ગ ત્રણે કાલે સમ્યકદર્શન, જ્ઞાન અને ચારિત્રની એકતા જ છે. શ્રીમદજી એ પણ મોક્ષમાર્ગ આ ત્રણે ની એકતા જ બતાવ્યો છે. તેઓશ્રીએ સ્વરચિત પદ ''મૂળમારગ જિનનો સાંભળો રે..''માં ફરમાવ્યું છે કે

**જ્ઞાન, દર્શન, ચરિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ;**
**જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ.**

શ્રીમદજીને ક્રાંતિકારી ગણવા હોય તો ગણી શકીએ, અને પરંપરાવાદી ગણવા હોય તો પણ ગણી શકીએ. તે કેવી રીતે તે આપણે જોઈએ. પરંપરાવાદી એટલે કે તેઓશ્રીએ મૂળમાર્ગમાં કંઈજ ફેરફાર કર્યા નથી. જેમ શ્રી મહાવીર સ્વામીએ બતાવ્યું છે તેવી જ રીતે તેઓશ્રીની પ્રરુપણા છે, માત્ર બાહ્ય આચાર-વિચારમાં પરિવર્તન કર્યું છે અને તે પણ સહેતુક, કારણકે વર્ષોથી ચાલી

આવતો સનાતન જૈન ધર્મમાં આપણી જડ બુદ્ધિના કારણે માર્ગ શુષ્ક અને નીરસ લાગવા માંડ્યો હતો, તેમાં તેઓશ્રીએ મૂળમાર્ગ **એમને એમ રાખીને, તેમાં જરાપણ બાંધછોડ કર્યા વિના** ધર્મના બહારના સ્વરૂપમાં એટલે કે ધર્મ આચરવાની રીતમાં માત્ર ફેર કર્યો છે કે જેથી આપણને જૈન ધર્મ અને તેના ઉચ્ચ સિદ્ધાંતો સહેલાઈથી સમજાય શકે અને તેને આરાધી શકીએ.

આમ જોઈએ તો ધર્મ સનાતન છે પરંતુ સમાજને અનુરૂપ તેના બાહ્ય આચારમાં ફેરફાર થયો જ છે અને તે સમાજનું અનિવાર્ય અંગ છે. પ્રભુ મહાવીરસ્વામીએ તેઓશ્રીની પ્રરુપણા અર્ધમાગધીમાં કરી કારણકે તેઓશ્રી વખતે જે સમાજ હતો તેઓ ધર્મ સાથે તો જ વધારે જોડાઈ શકે જો પ્રરુપણા તેમની ભાષામાં થાય, તેઓશ્રીની પહેલા સંસ્કૃતનું જ ચલણ હતું અને ધર્મોપદેશ સંસ્કૃત માં જ અપાતા, પરંતુ તેઓશ્રીએ 'ક્રાંતિ' કરી અને સનાતન સિદ્ધાંત અર્ધમાગધી માં સમજાવ્યા. તેમ અત્યારે પણ જો આજનો યુવાવર્ગ અંગ્રેજીમાં પ્રભુ વીર ની એટલેકે વીતરાગવાણી જો શ્રવણ કરે તો સમાજમાં વાંધો કેમ આવે છે. જૈન ધર્મમાં સમ્યક દર્શન નું બહુ મહત્વ છે, અહિયાં સમ્યકચારિત્રનો જરા પણ નિષેધ નથી, અરે તેના વિના તો મોક્ષમાર્ગ પૂર્ણતા પામતો નથી. પરંતુ તેનો ક્રમ સમજવો ખુબજ અગત્યનો છે. પ્રભુ એ સમ્યકદર્શન પ્રથમ મુક્યું અને સમ્યક્ચારિત્ર કેમ પછી મુક્યું છે? કારણકે દર્શન સમ્યક થયા વિના ચારિત્ર પણ સમ્યક થતું નથી. આપણે ચારિત્રને ખુબજ મહત્વ આપીએ છીએ, તે બરોબર છે પરંતુ અહિયાં તે સમજવું જોઈએ કે સમ્યાક્ચારિત્ર આત્માશ્રિત છે અને નહીકે શરીર સાથે. વેશપલટો મદદરૂપ છે પરંતુ અંદર શ્રદ્ધા/દર્શન સમ્યક નહિ હોય તો માત્ર વેષ મોક્ષ આપવાનું નથી તે પણ ધ્યાનમાં રાખવા જેવું છે. દર્શન સમ્યક થયા વિના ચારિત્ર પણ સમ્યક બનતું નથી તે પાયાની વાત શ્રીમદજી જાણતા હતા અને તેથીજ દર્શન સમ્યક કરે તેવી અદભૂત ચમત્કૃતિ જેમાં છે તેવો સત્સંગ ઉપાસવાની તેઓશ્રીએ આજ્ઞા કરી છે.

**સંદર્ભ-ગ્રંથો**


1 શ્રીમદ રાજચંદ્ર', દશમી આવૃત્તિ, પુષ્પમાળા-વચન-૨૯, પૃષ્ઠ ૪

2 શ્રીમદ રાજચંદ્ર', દશમી આવૃત્તિ, પુષ્પમાળા-વચન-૧૦૩, પૃષ્ઠ ૭

3 શ્રીમદ રાજચંદ્ર', દશમી આવૃત્તિ, પત્રાંક ૭૮. પૃષ્ઠ ૧૯૬

4 ''સત્યના પ્રયોગો-ભાગ ૨ પ્રકરણ ૧. ''રાયચંદભાઈ'' પૃષ્ઠ ૮૭

5 શ્રીમદ રાજચંદ્ર', દશમી આવૃત્તિ, પત્રાંક ૫૨. પૃષ્ઠ ૧૮૧

6 પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈના પ્રવચનોમાંથી

7 શ્રીમદ રાજચંદ્ર', દશમી આવૃત્તિ, મોક્ષમાળા, શિક્ષાપાઠ ૬૦, પૃષ્ઠ ૧૦૧

8 ઉમાસ્વાતીજી રચિત તત્વાર્થસુત્ર, અધ્યાય ૧, સુત્ર ૧


શ્રી તત્વાર્થસૂત્રમાં પણ મોક્ષમાર્ગ ની વ્યાખ્યા કરતા સમ્યકદર્શનને પ્રથમ સ્થાન આપ્યું છે. તે સહેતુક છે કારણકે સમ્યકદર્શનજ મોક્ષમાર્ગનો પાયો છે. તે સાચું છે કે સમ્યકચારિત્ર વિના મોક્ષમાર્ગ પૂર્ણતા પામતો નથી, પરંતુ તે પણ એટલું જ સત્ય છે કે સમ્યકદર્શન વિના મોક્ષમાર્ગની શરૂઆત નથી. આપણે જ્ઞાની (વીરપ્રભુ) ની બાહ્ય ની નકલ કરી છે પરંતુ અંતરની નકલ એટલે કે શુદ્ધ સમકિત અને મોક્ષમાર્ગ માં અતૂટ શ્રદ્ધા અને અખંડ પ્રેમ, તે કરવાનું ભૂલી ગયા છીએ. બહારમાં વસ્ત્ર નથી તો આપણે પણ તેની નકલ કરવી છે, બહારમાં તેમણે ઉપવાસો કર્યા તો આપણે પણ કરવા છે, તે સારું છે પરંતુ જેના કારણે બહારમાં વસ્ત્ર, ખાવાનો વગેરે વિકલ્પ નહોતો આવતો તેવી અંતરમસ્તી આપણે ચુકી જઈએ છીએ અને તેથી આપણને મોક્ષમાર્ગ કઠીન લાગે છે. વીરપ્રભુ મહાત્યાગી તો હતાજ પરંતુ આ મહાત્યાગ પાછળ તેઓશ્રીનો મહાજ્ઞાન કારણભૂત હતો. એક વખત બહારના પદાર્થોમાં કિંમત નીકળી જાય તો પછી ત્યાગ બહુ સરળ પડે છે, અરે ત્યાગ કરવો પડતો નથી બહારનું સહજ છૂટી જાય છે. અને આ જ્ઞાન/સમજણ નો પુરુષાર્થ પહેલા કરવાનો છે. અને તે માટે શ્રીમદ્જીએ સત્સંગ મહાન ઔષધી કહી છે.

**પરિચય :**


આત્માર્પિત દેવાંગભાઈ મિકેનિકલ એંજીનિયર હોવા સાથે અમેરિકામાં Industrial Management સહીત M.A. કરીને ભારતમાં ગુજરાતી ભાષામાં M.A. થયા છે. શ્રીમદ રાજચંદ્રજી ને પોતાનું સર્વસ્વ માનતા દેવાંગભાઈએ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈના દિવ્ય આધ્યાત્મિક ગુણોથી પ્રભાવિત થઈ તેઓશ્રીની નિશ્રામાં વર્ષ ૨૦૧૫માં આત્માર્પિત દીક્ષા અંગીકાર કરી છે. શ્રીમદજીની મહાન, ભવ્યાતિભવ્ય, આંતરિક દશા વિષે પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈએ પાડેલ પ્રકાશ પર દેવાંગભાઈ પોતાની સમજણ મુજબ આલેખન કરે છે. ❑❑❑


## સંબંધ એટલે શું ?

જ્યાં શબ્દો ગોઠવ્યા વગર વાત કરી શકાય,
આંસુ છુપાવ્યા વગર રડી શકાય,
સંકોચ રાખ્યા વગર મદદ માગી શકાય
એ જ સાચો સંબંધ!
ભૂખ તો સંબંધોને પણ લાગે છે,
ક્યારેક, પ્રેમ પીરસીને તો જોજો
ખ્યાલ આવી જશે કે સંબંધ કેટલો ભૂખ્યો છે!!!

**જાદવજી કાનજી વોરા**

**'પ્રતિભાવ ૨' પુસ્તકમાંથી**

# જીવનમાં હળવાશ અનુભવો !

જાદવજી કાનજી વોરા

જીવન છે, તો પ્રશ્નો તો આવવાના જ. કયાંક વાંચ્યું હતું કે, 'જે દિવસે તમારા જીવનમાં કોઈ જ પ્રશ્નો ન ઉદ્ભવે તો જરૂરથી વિચારજો કે આમ કેમ? કાંઈક ગડબડ જેવું લાગે છે! જીવતા મનુષ્યને પ્રશ્નો તો હોય જ!' માણસ નાનો હોય કે મોટો, રાય હોય કે રંક, અમીર હોય કે તવંગર, માલિક હોય કે નોકર, સ્વતંત્ર હોય કે આશ્રિત, નાના હોય કે પછી મોટા - પ્રશ્નો તો હોવાના, હોવાના અને હોવાના જ ! જીવનમાં પ્રશ્નો હોવા સ્વાભાવિક જ છે. મનુષ્ય માત્રને પ્રશ્નો તો હોય જ. વિના વિઘ્ને આપણને આપણી મંજીલ પર પહોંચાડે એવો રસ્તો જો મળી આવે તો માનજો કે તે કયાંય જતો નહિ હોય. પ્રશ્નોનો સદંતર અભાવ અસંભવ છે. પ્રશ્નો નાના હોય કે મોટા એ વધારે મહત્વનું નથી. પ્રશ્નો પ્રત્યેનો આપણો અભિગમ એ જ ખરી મહત્વની બાબત છે. જીવનમાં ઉદભવતા પ્રશ્નો પ્રત્યે આપણો દ્રષ્ટિકોણ કેવો હોવો જોઈએ એ તરફ અંગુલીનિર્દેશ કરતો એક સુંદર પ્રસંગ છે.

આજના સમયમાં ડગલે ને પગલે ઉદ્ભવતા પ્રશ્નો તથા તેને કારણે ઉત્પન્ન થતી માનસિક તાણને નિયંત્રીત કરવાની કળા ઉપર એક વિશાળ શ્રોતાવર્ગ સમક્ષ એક વિદ્વાન મહિલા માનસશાસ્ત્રી મનનીય પ્રવચન આપી રહ્યા હતા. તેમના વક્તવ્યને શ્રોતાઓ એકચિતે માણી રહ્યા હતા. પ્રવચન દરમ્યાન જેવો કે તેણીએ પાણીનો ગ્લાસ ઉપાડ્યો, બધાએ વિચાર્યું કે હમણાં જ તે પુછશે, 'બોલો, પાણીનો ગ્લાસ અર્ધો ખાલી છે કે ભરેલો?' પરંતુ, મુખ ઉપર હળવા સ્મિત સાથે તેણીએ પુછ્યું, 'પાણીનો આ ગ્લાસ કેટલો ભારી - કેટલો વજનદાર છે?'

બહુ જ સ્વાભાવિકપણે જુદા જુદા પ્રત્યુતરો પાણી ભરેલો ગ્લાસ ૨૦૦ થી ૩૦૦ ગ્રામ વચ્ચે હશે એમ સુચવતા હતા. તેણીએ હસીને ખુલાસો કર્યો, 'મૂળભૂત વજન એ મહત્વની બાબત નથી. વજનનો આધાર હું તેને કેટલી વાર - કેટલા સમય સુધી પકડી રાખું છું તેની ઉપર છે.'

પોતાના વક્તવ્યને આગળ વધારતાં તેણીએ કહ્યું, 'જો હું આ પાણીના ગ્લાસને એક જ મીનીટ પછી નીચે રાખી દઉં તો કોઈ જ સમસ્યા નથી. પણ જો હું તેને એક કલાક સુધી પકડી રાખીશ તો મારા હાથમાં એક પ્રકારનું સતત હળવું દર્દ ચાલુ રહેશે. જો હું તેને ચાર કલાક સુધી પકડી રાખીશ તો મારો હાથ જડ થઈ જશે. અને જો હું તેને આખો દિવસ સુધી પકડી રાખીશ તો કદાચ મારા હાથને લકવો કે પક્ષાઘાત જેવી અસર થવાની સંભાવના ઉભી થશે.'

આટલું કહીને ખુલાસો કરતાં એ વિદ્વાન માનસશાસ્ત્રીએ કહ્યું, 'હકીકત તો એ છે કે, ગ્લાસનું વજન કાંઈ જ બદલાતું નથી, તે તો એટલું જ રહે છે, પરંતુ, જેટલો વધારે સમય હું તેને પકડી રાખું છું, તેટલો તે વધારે ને વધારે ભારી અનુભવાતો જાય છે.'

માર્મિક હાસ્ય સાથે તેણીએ ખુલાસો કરતાં કહ્યું કે, 'જીવનમાં માનસિક તાણ, ચિંતાઓ કે મુંઝવણો પણ આ પાણીના ગ્લાસ સમાન છે. એ ઉદભવે ત્યારે ખાસ વધારે કાંઈ જ બનતું નથી. પરંતુ થોડા વધારે સમય સુધી એ વિશે વિચારતા રહો તો તે પીડા આપવાનું ચાલુ કરી દે છે. જો તમે દિવસભર એ પ્રશ્નો વિશે વિચારતા રહો તો તમે અન્ય કોઈ પણ કામો કરવા માટે અસમર્થ બની જશો અને લકવાગ્રસ્ત અનુભવવા માંડશો' અને આખરે જાણે કે બ્રહ્મવચન વદચી હોય એમ તેણીએ અંતિમ સત્ય ઉચ્ચાર્યું કે, 'ગ્લાસ (પ્રશ્નો)ને ક્યારેય પકડી ન રાખો, હંમેશા તેમને નીચે જ રાખી દો. જીવનના વ્યવહારોમાં જેટલું જલ્દી છોડી દેવાનું વલણ અપનાવીશું, એટલી જ જલ્દી મોકળાશ અનુભવીશું.'

મારા કેટલાય મિત્રો અવારનવાર ખુબ જ અર્થસભર એસ.એમ.એસ. કે ઈ-મેઈલ મોકલાવતા હોય છે. તાજેતરમાં મને મળેલા એક એસ.એમ.એસ. માં લખ્યું હતું, "Read twice... The more we LEAVE...the more we LIVE !" ''બે વખત વાંચો. જો આપણે વધારે છોડીએ તો વધારે જીવીએ!'' થોડુંક ઊંડાણથી વિચારીયે તો આમાં સંભવતઃ જીવનનું ચરમ સત્ય જ સમાઈ ગયેલું દેખાય છે. જેટલું વધારે છોડીએ તેટલું વધારે જીવીયે ! શું છોડવાની વાત છે? અહીં અંદર અંદરના રાગ-દ્વેશ, અહમ, મનદુઃખ, મારૂં-તારૂં વગેરે ઓછા કરવાની-છોડવાની વાત છે.

સ્વાભાવિક જ છે કે રાગ-દ્વેષ, મનદુઃખ વગેરે જો ઓછા થાય તો અરસપરસમાં સંબંધો સારા જળવાઈ રહે અને માનસિક શાતા પણ સારી જ રહેવાની. હળવાશ અનુભવાય. માનસિક શાતાની અસર શરીર ઉપર તો હકારાત્મક પડતી જ હોય છે. હકારાત્મક અભિગમ ધરાવનાર વ્યક્તિ ભલે પોતાના આયુષ્ય કર્મ અનુસાર ટૂંકું કે લાંબું જીવે પરંતુ, તેનું જીવન તો ચોક્કસ પણે શાંત, સુંદર અને સરળ જ રહેવાનું એ હકીકત છે.

મિત્રો, પોતાનો હઠાગ્રહ છોડવાથી હકારાત્મક અભિગમ કેળવાય છે. જેની ફળશ્રુતિ સુદીર્ઘ આયુષ્યમાં પરિણમતી હોય છે. જેમ જેમ વધારે છોડતા જઈશું તેમ તેમ વધારે ને વધારે હળવાશ અનુભવતા જઈશું ! ચાલો, અત્યારથી જ છોડવાનું શરૂ કરી દઈએ અને સ્નેહીઓ તથા સ્વજનો સાથેના સંબંધોમાં સુવાસ પ્રસારીને જીવનને હળવા ફુલ જેવું મધમધતું બનાવીએ. ❑❑❑

૯૮૬૯૨૦૦૦૪૬

# અભ્યંતરતપ - સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ

સુબોધીબેન સતીશ મસાલીઆ

**(ગતાંકથી ચાલુ...)**

*મુની થયો, વાચક થયો, સૂરિ થયો બહુવાર...'*
*ન થયો મૂરખ આતમા, અંતર્મુખ અણગાર...*

**આ**પણે મૃત્યુ પથારીએ હોઈએ ત્યારે આપણે આ ભૌતિક જગત વિષે ઘણુ બધું જાણતા હોઈએ છીએ, આપણે કયાં કયાં ફરીને આવ્યા. કયા કયા જોવાલાયક સ્થળો છે, કયાં ડુંગરા? કયાં ખીણ? કયાં બાગ-બગીચા? કયાં મંદિરિયા? પણ ત્યારે આપણે એનેજ નથી. જાણતા જે આ બધું જાણવાવાળો છે. તે દૂર નથી આપણી પાસેજ છે, છતાં એનાથી બિલકુલ અજાણ કદાચ બુધ્ધિના સ્તરે થોડું ઘણું જાણી લીધું હશે પરંતુ અનુભવના સ્તરે કાંઈજ નહિ.

ગતાંકમાં આપણે જોયું કે કાયા અને વચનની સ્થિરતા તો થોડી પ્રેક્ટિસ પછી સાધી શકાશે પણ મનની સ્થિરતા માટે એને શ્વાસપર ટેકવવું પડશે. આ સાધનાની શરૂઆત કરતાં કયા નિયમોનું કડકપણે પાલન કરવું, તથા શ્વાસને અવલોકતી વખતે શું ધ્યાનમાં રાખવું તે પણ આપણે ગતાંકમાં જોયું. (Feb-2018 નો લેખ રીફર કરી લેવો) આપણે એ પણ જોયું કે શ્વાસપર સ્થિર થયેલું મન, સૂક્ષ્મ બનેલું મન, આ △ સ્થાનપર પ્રાપ્ત થતી સંવેદનાનો અનુભવ કરી શકે છે. હવે આ સૂક્ષ્મ બનેલા મન દ્વારા સ્વનો અધ્યાય... સ્વાધ્યાય કરવાનો છે. એ મન વડે માથાથી પગની પાની સુધી ક્રમવાર અંર્તયાત્રા કરવાની છે. ક્રમવાર દરેક ભાગમાં મનને લઈ જવાનું છે. ક્રમવાર એટલા માટે કે કોઈ ભાગ છૂટી ન જાય. દરેક ભાગમાં એક-બે મિનિટ રૂકીને આગળ વધવાનું છે. કયા ભાગમાં શું સંવેદના મળી રહે છે, અથવા બિલકુલ સંવેદના નથી મળી રહી.. જે કાંઈ આ ક્ષણે ઘટિત થઈ રહ્યું છે તેના પ્રત્યે રાગ કે દ્વેષ જગાવ્યા વગર સમતામાં સ્થિર થવાનું છે. આ ક્ષણની સચ્ચાઈને સ્વીકારીને, કોઈપણ જાતની અપેક્ષા જગાવ્યા વગર, કાંઈપણ આપણા મનથી જોડ્યા કે તોડ્યા વગર... જે છે, જેમ છે, જેવું છે તેનો અધ્યાય કરતાં કરતાં, સ્વાધ્યાય કરતાં કરતાં અંતરયાત્રા કરવાની છે.

હવે આપણે એ જાણીએ કે શું છે આ સંવેદના? અને તેના પ્રત્યે રાગદ્વેષ જગાવ્યા વગર તટસ્થપણે જોવાથી, અનુભવવાથી, કર્મની નિર્જરા કેવી રીતે થાય છે તે સમજીએ. સ્હેજ પણ મન-વચન-કાયાનું ડોલવું થયું કે આત્માનું કંપન થશે. આત્માનું કંપન થયું કે કર્મ ખેંચાશે. એ સિધ્ધાંત છે કે આત્માના ભવ-ભવ થવા માટે કર્મ જરૂરી છે જેમ શરીરને ટકવા માટે ખોરાક જરૂરી છે. જો શરીરને નવો ખોરાક આપવાનું બંધ કરશો તો તેજ ઘડીએ શરીર પોતાની પાસે ચરબીના રૂપમાં જૂનો સંગ્રહિત કરેલો ખોરાક વાપરવાનું શરૂ કરી દેશે. હવે જો શરીરને તમે નવો ખોરાક આપોજ નહિ ને જૂનો ચરબીમાં રૂપમાં જે ખોરાક છે તે બધોજ વપરાઈ જાય તો પછી શરીર એક ક્ષણ પણ ટકશે નહિ. આજ વસ્તુ આત્મા સાથે બને છે. આત્મા ના નવા કર્મ બાંધવાના બંધ થાય તો તેજ ક્ષણે જૂના કર્મોની ઉદીરણા થશે. સ્વાધ્યાય-ધ્યાન દ્વારા જો એને નિર્જરતા આવડી જાય તો ધીમે ધીમે જુના બધાજ કર્મ ખતમ થઈ આત્માની મુક્તિ થઈ શકે છે.

આ વસ્તુ સ્વાધ્યાય-ધ્યાન દ્વારા કઈ રીતે બને છે તે જૂઓ એટલે સ્વનો અધ્યાય કરતાં કરતાં કર્મની નિર્જરા કેવી રીતે થાય છે તે સમજમાં આવી જશે. સ્વાધ્યાય ધ્યાનમાં જ્યારે તમે કાયાથી સ્થિર થાઓ છો ત્યારે કાયા દ્વારા આવતા કર્મોનો આશ્રવ બંધ થાય છે. શાસ્ત્રની ભાષામાં કર્મોનું આવવું એટલે આશ્રવ, કર્મો આવતા અટકી જવા, રોકાઈ જવા એટલે સંવર ને કર્મ નું ઉદ્ભવવું તે ઉદીરણા ને ઉદીરણા થઈ ને આવેલા કર્મોનું ખતમ થઈ જવું એટલે નીર્જરા.. શાસ્ત્રને જાણવું હશે તો શાસ્ત્રની ભાષા પણ થોડી સમજવી પડશે. ધ્યાનમાં સંપૂર્ણ મૌન, ઈસારાથી પણ એકસનથી પણ વાતો નહી, ત્યારે વાણીથી આવતા કર્મો પણ સંવર થાય છે. જ્યારે કોઈપણ જાતનો વિચાર જ નથી, સંપૂર્ણપણે વર્તમાનમાં છો, ન ભૂતમાં ભાગી રહ્યા છો, ન ભવિષ્યની કલ્પનામાં ખોવાયેલા છો. તે ક્ષણ પણ એવી હશે કે મનથી આવતા કર્મો પણ સંવર થશે... હવે ધ્યાનની અનેક ક્ષણોમાંથી એક ક્ષણ પણ એવી જાય કે તે ક્ષણે મન-વચન-ને કાયા ત્રણે થી સ્થિર છો. ત્રણેય દ્વારા થતો આશ્રવ જાણે એક ક્ષણ તો એક ક્ષણ માટે સંવર છે. તો તે ક્ષણ ખૂબજ મહત્વની થઈ ગઈ. તે ક્ષણે શું થશે? આપણે પહેલા કીધું તેમ આત્માનો ભવ ભવ થવા માટેનો ખોરાકજ કર્મ છે. એક ક્ષણ માટે જ્યારે બહારથી કર્મનો આશ્રવ નથી થતો ત્યારે તેજ ક્ષણે આત્માએ સંગ્રહી રાખેલા અનેક જન્મોના અનેક કર્મો માંથી એકાદ પ્રતર ઉદ્ભવીને, ઉદીરણા થઈને આવશે. પણ તમે તો મન-વચન-કાયાથી સ્થિર છો તો કોઈ એક્સનમાં તો નહી આવે, વાણીમાં પણ નહી આવે તો જશે ક્યાં? તમારા શરીર પર સંવેદનાના રૂપમાં અનુભવાશે. કેમકે અંદર સ્થિર થયેલું મન સુક્ષ્મ છે જે સંવેદનાનો અનુભવ કરી શકશે. બાકી તો ચોવીસ કલાક અંદર સંવેદનાઓ ચાલુ છે પણ બહાર ભટકતું બાદર મન એનો અનુભવ કરી શકતું નથી. સંવેદના અનેક પ્રકારે હોઈ શકે. સંવેદના એટલે શરીર પર જે મહેસુસ થાય તે સંવેદના કહેવાય - ગરમ-શીતલ-ખુજલી-ઝનઝનાટી-સ્ફૂરણા-સ્પંદન-ધડકવ-હલકાપન-ભારીપન-તણાવ-દબાણ-દુ:ખાવ-સંકોચાઈ જવું-ફેલાઈ જવું - સુખાપન -ગીલાપન - એવી કેટલાય પ્રકારની જેનું નામાંકન પણ

ન કરી શકો એવી એવી સંવેદનાના રૂપમાં ઉદીરણા થઈને કર્મ પ્રગટ થશે. જ્યારે પ્રગટ થશે ત્યારે બે માંથી કોઈપણ એક પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થશે. કાંતો ગમી જાય એવી અથવા ન ગમે તેવી. જ્યારે ગમી જાય તેવી સંવેદના ઉત્પન્ન થશે. ત્યારે મન જો સામે રીએક્સન આપશે કે આવો બહુ સુંદર, ખૂબ ગમ્યું, આજ પરિસ્થિતિ રહે તો કેવું સારૂં... તો ઉદ્‌ભવીને આવેલા કર્મ ને તમારા રાગનો ટેકો મળ્યો... તો મન દ્વારા તમે નવા રાગના કર્મો જમા કર્યા. જો સંવેદના અણગમતી છે તો મન રીએક્સન આપશે કે આ તો ન જોઈએ, આવું જોઈએજ નહી, ક્યારે આ પરિસ્થિતીમાંથી બાર નીકળું આમ ઉદીરણા થઈ ને આવેલા કર્મને તમારા દ્વેષનો ટેકો મળ્યો તેથી નવા દ્વેષના કર્મોના ગુણાકાર કર્યા... અરે ભાઈ...બેઠાતા કર્મ છોડવા માટે ને કર્યા કર્મોના નવા ઢગલા... માટે આ બહુ નાજુક સાધનાવિધિ છે હરપળ જાગૃતીની જરૂર છે. સંવેદના રૂપે ઉદ્‌ભવીને આવેલા કર્મ ગમી જાય તેવા સુખદ હોય કે ન ગમે તેવા દુઃખદ હોય. જો તમારૂં મન તટસ્થ રહ્યું. ન રાગમાં ખેંચાયા, ન દ્વેષમાં ને મહાવીરે બતાવેલી સૌ પ્રથમ અનિત્ય ભાવનામાં સ્થિર થયા કે, સુખદ હશે તો પણ નિત્ય રહેવાનું નથી. દુઃખદ હશે તો પણ નિત્ય રહેવાનું નથી, દેર-સબેર ચાલી જ જવાનું છે અને તમે મનથી...સમતામાં સ્થિર થયા તો ઉદીરણા થઈને આવેલું તે કર્મ, તેને રાગ કે દ્વેષનો સપોર્ટ ન મળવાથી નિર્જરીને ચાલી જશે. આમ આ એક પ્રતર ઉદ્‌ભવીને આવી ને નિર્જરી ગઈ. આવી અનંતાઅનંત, કર્મની પ્રતરોનો ઢગલો આત્મા પર પડયો છે. જો સમતામાં સ્થિર થઈને નિર્જરતા આવડી જાય તો એકેક એકેક ક્ષણ એવી આવશે કે તમે કર્મને નિર્જરતા જશો. આવી એક એક ક્ષણ ભેગી થઈને અનેક ક્ષણ બનશે. પણ તે માટે સમજ પૂર્વક ના સ્વાધ્યાય ધ્યાનના અભ્યાસની જરૂર છે. કાર્ય ઘણું કઠીન છે, સરળ નથી... (જે કરે તે જાણે) પરંતુ સાચી દીશામાં જો ધ્યાન થાય..સ્વ નો અધ્યાય થાય... આ સ્વ નો અધ્યાય જ છે. સ્વ માં શું ઘટિત થઈ રહ્યું છે તે સૂક્ષ્મ મન દ્વારા અનુભવો છો ને સમતા માં સ્થિર થઈ નીર્જરો છો. આનું માપદંડ જ સમતા છે. કોને કેવી સંવેદના પ્રાપ્ત થઈ કે સુખદ વધુ આવી કે દુઃખદ વધુ આવી કે કેટલો સમય રહી તેની સાથે કર્મની નિર્જરાને કોઈ સંબંધ નથી. જ્યારે પણ જેવી પણ સંવેદના પ્રાપ્ત થઈ ત્યારે તમે સમતામાં કેટલું રહી શક્યા. તેજ કર્મની નીર્જરાનું કારણ છે. એનું નામ છે સામાયિક, સમ - સમતા, આયિક - આવવું, લાભાન્વિત થવું... સમતાથી કેટલા લાભાન્વિત થા તેજ સમાયિક. કેટલાય પ્રકારની સંવેદના જે અપનેઆપ થઈ રહી છે તેને સાક્ષીભાવથી જાણો. દા.ત. ખુજલી આવી, જુની આદત પ્રમાણે ખાણવાનુ નહી. જે આવે તેનો સમતાભાવે સ્વીકાર કરો'' આવ. તું પણ કેટલો સમય રહીશ? હું પણ તૈયાર છું તારો સામનો કરવા... ખુજલી.. તેજ થશે... ઔર તેજ થશે ને પછી ખતમ. અનંતકાળ સુધી નહી રહે. તો ભગવાને શ્રાવકો માટે આ ઉત્તમ ક્રિયા સામાયિક બતાવી કે તું ચોવીસ કલાકમાંથી એકાદ કલાક તો મન-વચન-કાયાને સ્થિર કર. તેટલો સમય તો કર્મની નીર્જરા કર. તો તે કરતાં કરતાં આત્મા પર નો કચરો ઓછા થશે ને આત્મા નો પ્રકાશ, આત્માના સદ્‌ગુણોનો પ્રકાશ બહાર આવશે. ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ પાતળા પડશે. તો સાચા અર્થમાં ધર્મ થશે. આખી જીંદગી ધર્મ કર્યા પછી પણ જો એકપણ કષાય પાતળા ન પડી તો ધર્મ કરવામાં આપણે કાંઈક ચૂકીએ છીએ. સામાયિક આખી જીંદગી કર્યા પણ સામાયિકમાં મન-વચન-કાયા સ્થિર કરીને ઉદીરણા મા આવેલા કર્મને નીર્જરવાનું મૂકી ગયા. સમતામાં સ્થિર થવાનું ચૂકી ગયા..ને પરિણામ આવ્યું શૂન્ય.. જેણે જીવન દરમ્યાન સ્વાધ્યાય-ધ્યાનનો દરરોજ ભલે થોડો થોડો પણ અભ્યાસ કર્યો હશે, જે કાંઈ સંવેદના પ્રાપ્ત થાય એને સમતા ભાવે વેદવાની પ્રેક્ટિસ કરી હશે, તેનેજ અંત સમયે સમતા રહેશે. બાકી તમે ગમે તેટલા ગીતો ગાવ-કે ભગવાન અંતસમય આવજે ને સમતા-સમાધિ આવજે. પણ તે આખી જીંદગી કર્તાભાવને ભોક્તાભાવમાં વિતાવીને સમતાભાવની કોઈ પ્રેક્ટિસજ ન કરી તો ભગવાન ખુદ આવશે તોય. તને સમતા-સમાધિ નહી આપી શકે. આજ સુધી જે અપ્રિય હતું તેને ભોક્તા ભાવથી ભોગવતા હતા. હાયરે...પીડા આવીરે.. જેમ જેમ સ્વાધ્યાય-ધ્યાન આગળ વધશો ભોક્તાભાવમાંથી બાર નીકળી દૃષ્ટા ભાવમાં, સાક્ષીભાવમાં આવશો. આમ થઈ રહ્યું છે. પીડા થઈ રહી છે. એનાથી પ્રભાવિત નહી થઈએ. ધીમે ધીમે ભોક્તાભાવ સમાહત થઈ, દૃષ્ટા, સાક્ષી, તટસ્થભાવ સ્થાપિત થશે. ધીમે ધીમે કર્તાભાવ પણ નીકળતો જશે. પોતાની જાતેજ થઈ રહ્યું છે, ભાઈ આપણે શું કરી રહ્યા છીએ? જાતેજ ઘટના ઘટી રહી છે. આગળ જતાં દૃષ્ટાભાવ સમાપ્ત કેવળ દર્શન... સવાલ એ થાય કે સંવેદના કેમ બે જ પ્રકારે અનુભવાય? કાં સુખદ કાં દુઃખદ. તોએનું કારણ એ છે કે અત્યાર સુધી જે કાંઈ કર્મોનો સંગ્રહ કર્યો તે પણ બેજ પ્રકારે કર્યો... જે કાંઈ આપણી સામે આવ્યું તેમાં કાં રાગ જગાવ્યો કાં દ્વેષ. ગમી જાય એવું અનુકૂળ હોય તો રાગના સ્વરૂપમાં કર્મો જમા કર્યા, ન ગમે તેવું, પ્રતિકૂળ હોય તો આ તો ન જ જોઈએ કરીને દ્વેષના સ્વરૂપમાં કર્મો જમા કર્યા. આજ કર્મો જ્યારે ઉદીરણા થઈને આવશે ત્યારે એજ બે સ્વરૂપમાં પ્રગટ થશે ને? રાગના આવશે તો સુખદ અને દ્વેષના આવશે તો દુખદ. ઉદિરણામાં આવતાની સાથે પાછો રાગ કે દ્વેષ જગાવશો તો કર્મોના ગુણાકાર. જો સમતામાં રહ્યા, ન્યુટ્રલ રહ્યા, વર્તમાનમાં રહ્યા, અનિત્ય ભાવનામાં સ્થિર થયા તો જે આવ્યા તે અનિકાચિત હશે તો નિર્જરીને ચાલ્યા જશે. આમ સ્વ અધ્યાય કરતાં કરતાં કેટલીયે કર્મોની પ્રતરો નિર્જરતી જશે. જેમ અટીશપરથી ધૂળની પ્રતરો ભલે એક જગ્યાએથી પણ ઓછા થતાં ત્યા પ્રતિબિંબ જોઈ શકાશે તેમ આત્મા પરથી કર્મોની કાળાશ ઓછી થતાં નિર્મળ ચિત્ત, નિર્મળ આત્માનો અનુભવ, આત્મદર્શન થશે. સમ્યક્ દર્શન થશે. રસ્તો ઘણો લાંબો છે. દીર્ઘકાળ સુધી નિરંતરપણે, જાગૃતિપૂર્વક,

સમજપૂર્વક શ્રધ્ધાપૂર્વક થાય તોજ આ અભ્યાસ દઢ-સ્થિર થાય છે. આ સત્યસાધકે હંમેશા યાદ રાખવું. સ્વાધ્યાય કરતાં કરતાં મન સમતામાં સ્થિર થાય છે, વિકારોની જડ. લબ્ધિ મનમાંથી ઉખડતી જાય છે. તેમ તેમ ગુણોનો અવિર્ભાવ થાય છે, એકાગ્ર મન અનિત્યભાવનામાં રત થાય છે, ને ક્યારે ધ્યાનમાં સરકી પડાય છે. ધ્યાનમાં ગરકાવ થતાં થતાં, ક્ષણમાં ઉત્પન્ન થતાં ને નાશ થતાં શરીરના કણો તથા ચિત્તના પ્રપંચને નિહાળતાં નિહાળતાં કાયાનો ઉત્સર્ગ થઈ જાય છે. ક્ષણભંગૂર કાયાનો અનુભવ થતાં, કાયા પ્રત્યેની જે માયા છે તે ઓસરતી જાય છે. કાયાનો ફક્ત તરંગોના સ્વરૂપમાંજ અનુભવ થતાં જે હું હું ને મારૂં-મારૂં છે તે નાશ પામે છે. એટલે કે સાચા અર્થમાં કાયોત્સર્ગ ઘટિત થાય છે. આ સાધનાનું અંતિમ લક્ષ્ય છે શરીર અને મનની આભાસિક સચ્ચાઈ ને ઓળખી લઇ, ઉત્તરોત્તર વિકસતી જતી પ્રજ્ઞા વડે પૂર્ણ સમતામાં સ્થિર થઈ સત્ય-શાશ્વત-ધ્રુવ-નિત્ય તત્વનો અનુભવ. એને અનેક જન્મથી સંઘરેલા કર્મોનો ક્ષય કટી, તૃષ્ણાની આગને સંપૂર્ણપણે બુઝવી દઈ નિર્વાણની ઉપલબ્ધિ કરવી.

હવે ઘણાખરાને ખ્યાલ આવી ગયો હશે કે શું છે સ્વ-અધ્યાય? શું છે ધ્યાન? શું છે કાયોત્સર્ગ પણ આ વાંચીને કરવા નથી બેસી જવાનું. કેમ કે આ એટલી નાજુક સાધના વિધિ છે કે શરૂઆતમાં કોઈ જાણકાર પાસે ટ્રેનીંગ લેવી જરૂરી છે. વળી મેં પહેલા કહ્યું તેમ શરૂઆતમાં લગભગ ૪ દિવસ સુધી સતત રોજના ૧૦ કલાકના હિસાબે ફક્ત શ્વાસોશ્વાસને નિહાળવાના પછી. સૂક્ષ્મ બનેલા મન દ્વારા સંવેદનાઓને અનુભવવાની છે... તેપણ રાગ-દ્વેષ જગાવ્યા વગર... અને તે દરમ્યાન સંપૂર્ણપણે સાંસારિક સંબંધ કટ કરવાનો છે. તો આ બધુ ઘરે રહીને કરવું શક્ય નથી. આ સાધના શીખવા માટે ઓલ ઓવર ઈંડીયા તથા World માં પણ ઘણા સાધના સેન્ટર ચાલે છે. તેમાં મીનીમમ ૧૦ દિવસ માટે જઈને પ્રથમવાર ટ્રેનીંગ લેવી પડે છે. આને વિપશ્યના ધ્યાન સાધના કહે છે. વિપશ્યનાનું નામ સાંભળતા તમને પહેલો સવાલ એ થશે કે આપણે બીજાના ધર્મનું શીખવા જવાનું?

તમને કદાચ ખબર નહી હોય કે બુધ્ધ ભગવાને બોધી પ્રાપ્ત કરતાં પહેલા શ્રી પાર્શ્વનાથ ભગવાનનો ચાતુર્યામ ધર્મ ગ્રહણ કર્યો હતો. બૌદ્ધ ગ્રંથોમાં પણ ચાતુર્યામ સંવર ધર્મનો વારંવાર ઉલ્લેખ આવે છે. પછી આનાજ આધાર પર અષ્ટાંગિક ધર્મમાર્ગનું પ્રવર્તન કર્યું. આચાર્યશ્રી વિજય જિનોત્તમ સૂરીશ્વરજી મહારાજના પુસ્તક ''ક્ષમાવતાર ભગવાન પાર્શ્વનાથ''માંથી આ માહિતી લીધી છે. તમને થશે કે ચાતુર્યામ ધર્મ એટલે વળી કયો ધર્મ? મહાવીરે જે પંચમહાવ્રત ધર્મ બતાવ્યો છે તેજ ધર્મ. પાર્શ્વનાથ ભગવાનના સમયમાં ચાતુર્યામ ધર્મ તરીકે પ્રસિદ્ધ હતો કેમકે મહાવીરના પાંચમહાવ્રતમાં ચોથું વ્રત મૈથુન અને પાંચમું પરિગ્રહએ બંને પાર્શ્વનાથ ભગવાનના સમયમાં એકજ ગણાતા હતા કેમકે તે સમયે સ્ત્રી નો પણ પરિગ્રહમાં જ સમાવેશ થતો તેથી પંચ મહાવ્રતને બદલે ચતુર્યામ એટલે કે (૧) પ્રણાતીપાત (૨) મૃષાવાદ (૩) અદત્તાદાન, અને (૪) પરિગ્રહ એમ ચર્તુયામ સંવર ધર્મ કહેવાતો હતો. એટલે આ સમતામાં સ્થિર થવાની જે વિપશ્યના સાધના છે તે ઓરીજીનલી આપણીજ સાધના છે તે પ્રમાણિત થાય છે.

અહીં તમારે બીજા કોઈના ધર્મનું કાંઈ પણ શીખવાનું નથી, કે નથી તમારો ધર્મ છોડીને તમારે બીજાનો ધર્મ અપનાવવાનો. અહીં આ સાધના કક્ષની અંદર કે તમારે રહેવાની રૂમમાં કયાંય હોઈપણ ધર્મના ભગવાનનો ફોટો કે મૂર્તિ રાખવામાં આવી નથી. કે નથી કોઈ ધર્મની જય બોલાવવાની કે નથી કોઈ ધર્મનો મંત્ર બોલવાનો.. અહીંઆ કોઈ ધર્મ-પરિવર્તનની વાતજ નથી. ફક્ત દસ દિવસ માટે સંપૂર્ણ મૌન રહી, પંચ મહાવ્રતનું પાલન કરી આત્માપર લાગેલા કર્મની નીર્જરા કેમ કરવી, અનિત્ય ભાવનામાં કેમ સ્થિર થવું, શરીર પર પ્રગટ થતાં રાગ-દ્વેષના સંવેદનોને સમતા ભાવે કેમ વહેવા તેજ શીખવવામાં આવે છે. તે પણ દસ દિવસ માટેજ. પછી ઘરે પાછા ફરી તમે તમારી રીતના જેમ જીવન જીવતા હતા તેમ જીવી શકો છો. પણ સાથે આ શીખીને આવેલા ધ્યાન સાધના વિધિ જો નિયમિત પણે એક કલાક ધ્યાનસાધના કરો તો તેના અલૌકિક લાભ મેળવી શકો છો. જેમ તમે કામ્પ્યુટર શીખવા કોમ્પ્યુટર ક્લાસમાં જાવ છો, કોઈ વસ્તુની ટ્રેનીંગ લેવા ત્યાં જાવ છો તેમજ આ સાધના વિધિ શીખવા માટે દસ દિવસ જવાનું છે Nothing else આ ઓરીજીનલી આપણીજ વિધી હતી.

મહાવીરના ગયા પછી અમુક સદીઓ સુધી આ સાધના અસ્તીત્વમાં રહી. પરંતુ કાળક્રમે નબળા સંઘયારો ને ઉતરતા કાળમાં લોકો આ સ્વાધ્યાય કરી શકતા નહતા. તેથી પૂર્વાચાર્યોએ બહુ દીર્ઘદ્રષ્ટિપૂર્વક એમાં શાસ્ત્ર અધ્યયનને જોડ્યું. સમજ જતાં લોકો એનેજ સ્વાધ્યાય માનવા લાગ્યો. કારણ કે એ કરવામાં સરળ હતું.

તો સવાલ એ થાય કે આ સાધના આપણા ધર્મમાંથી કેમ લુપ્ત થઈ ગઈ? ને કેવી રીતે પાછી ફરી? જુઓ બુદ્ધ અને મહાવીર લગભગ સમકાલીન હતા. આ સાધના વિધિ સમાન રૂપે બધાએ અપનાવેલી હતી. ત્યારે જૈન, બુદ્ધ, શીખ, મરાઠી, પંજાબી એવા સંપ્રદાયમાં આ સમાજ વહેંચાયેલો ન હતો. ત્યારે તો પોતાના કાર્ય પ્રમાણે સમાજ ચારજ વિભાગમાં વહેંચાયેલો હતો. ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય ને શુદ્ર. મહાવીર પોતે ક્ષત્રિય હતા. મહાવીરના સમવસરણમાં ચારેય પ્રકારના લોકો આવતા. શુદ્ધ આત્મધર્મ દરેક માટે સમાન હતો. સંપ્રદાયના વાડામાં કોઈ બંધાયેલા નહોતા. દરેક પ્રકારના લોકો આ શુદ્ધ આત્મ વિધિનો લાભ લેતા હતા. પરંતુ કાળક્રમે એમાં કાંઈને કાંઈ સંમિશ્રણ થવાથી લોકોને એનો જે લાભ મળવો જોઈએ તે મળતો નહતો. તેથી તેની સાધનામાં લોકો શિથિલ થતા ગયા. થોડો કાળનો પણ પ્રભાવ હતો. ઈંદ્ર મહારાજાના કહેવા પ્રમાણે ભસ્મગ્રહની શરૂઆત થઈ ગઈ હતી. (મહાવીરના નિર્વાણ સમયે ઈન્દ્રમહારાજા વિનંતી કરે છે કે હે પ્રભુ

આપના આયુષ્યની એક ક્ષણ વધારી દો. નહોતા ભસ્મગ્રહના પ્રભાવે ધર્મ લુપ્ત થઈ જશે.) પ્રભુએ કહ્યું કે એ મારા હાથની વાત નથી.) આ ભસ્મગ્રહની અસર ૨૫૦૦ વર્ષ રહેવાની હતી. આમ આવા બીજા કેટલાયે કારણોસર આ સાધનાવિધિ ભારતમાંથી લુપ્ત થઈ. મહાવીરના અનુયાયી કોઈ ભારતની બહાર ગયા નહિ પણ બુદ્ધના અનુયાયી ઘણા પરદેશમાં ગયા. તેથી આ વિધિ ઘણા દેશોમાં ગઈ. પણ કાળક્રમે બધેજ લુપ્ત થઈ ગઈ. પણ એક બ્રહ્મદેશમાં ગુરૂ-શિષ્ય પરંપરાએ આ વિધિ શુદ્ધ સ્વરૂપમાં સચવાઈ રહી. ભલે બહુ થોડા લોકોએ પણ આ સાધનાને તેમાં કંઈપણ સંમિશ્રણ કર્યા વિના જેવી હતી તેવી યથાભૂત સાચવી. તે ભસ્મગ્રહના ૨૫૦૦ વર્ષ પૂરા થતાં આ સાધના ભારતમાં પાછી ફરી.

દસ દિવસ દર્શન-પૂજા ન થાય તેનું શું ?

તમે એવી એવી જગ્યાએ ફરવા માટે જતાં હોય છો કે જ્યાં દેવદર્શન દુર્લભ હોય છે તો ફરવા માટે, પાપના પોટલા બાંધવા માટે દેવદર્શન છોડો છો કે નહી? બિમાર હોય, હોસ્પિટલમાં હો તો દર્શનપૂજા છોડો છો કે નહી? તો અહિંસા તો વિશિષ્ટ ઉપલબ્ધિ માટે છોડવાનું છે. તે પણ કાયમ નહિ. દસ દિવસ માટેજ...જેને દરરોજ પૂજા કરવાનો નિયમ હોય તે પણ જો પોષો કરે (વિશિષ્ટ ઉપલબ્ધિ) તો પૂજા છોડો છે કે નહિ? કંઈક મેળવવા માટે કંઈક છોડવું પડે છે. પણ તમે એમ વિચાર કરો કે એક પલ્લામાં તમારા દસ દિવસની દર્શન-પૂજા વગેરે ક્રિયાને મૂકો ને બીજા પલ્લામાં દસ દિવસના ફક્ત મૌન ને મૂકો. કયું પલ્લું નમશે? આ દસ દિવસ માં તો તમે બીજા પણ કેટલા બધા પાપ માંથી બાર નીકળો છો. જ્યારે સંસારમાં રહીને આ દસ દિવસમાં કેટલા પાપ કરશો તેનો હિસાબ લગાવો. સમજવાની વાત છે. ફક્ત દસ દિવસની ટ્રેનીંગ છે. કર્મનો ભાર કેવી રીતે હળવો કરવો. તે રીત શીખવાની છે. પછી તમે તમારી રીતે જીવવા મુક્ત છો. યાદ કરો બાહુબલી બાર મહિના સુધી એક જ જગ્યાએ મૌન અને ધ્યાનમાં સ્થિર થયા હતા. ચકલા માથે માળો ક્યારે બાંધી શકે? જરાપણ માથું હલાવે તો ચકલા ઉડી જાય. વૃક્ષની વેલડીઓ ક્યારે વિટાય? ચોથા આરાના રાજા-મહારાજા-શ્રેષ્ઠિઓ-ઋષીમુનીઓ જંગલમાં જઈને ગુફા વગેરે એક સ્થળ નક્કી કરી એકજ જગ્યા પર મહિનાઓ સુધી સ્થિર થઈને ધ્યાનસાધના કરતા હતા. આપણે એ પાંચમાં આરાના લોકો એવું ઉત્કૃષ્ટ તો નથી કરી શકવાના પણ દસ દિવસ સાધના કેન્દ્રમાં જઈ સાધના શીખી ન શકીએ? કેટલાય સાધુ-સાધ્વીજી ભગવંતો પણ આવી દસ દિવસની શીબીર ભરીને સાધના વિધી શીખીને જીવનમાં આગળ વધી રહ્યા છે. મારી તો એ સાધુ-સાધ્વીજી ભગવંતોને વિનંતી છે કે આપણી તો ઠેર ઠેર કેટલીય ધર્મશાળા ને ભોજનશાખા છે. શું આપ અમારા માટે આવી શીબીર યોજી ન શકો ?

ઘણા વાચક કહેશે કે અમે તો વિપશ્યનાની પાંચ-દસ-શીબીર કરી છે, પણ કોઈ ઉપલબ્ધિ થઈ નથી. મેં પહેલાંજ કહ્યું કે આ બહુ નાજુક સાધના છે. ઘણા એવા કારણો છે જેમાંના બે-ચાર અત્રે જણાવું છું. (૧) જો મૌનવ્રતને જરાપણ ભંગ કર્યો તો સાધનાની સફળતા મેળવી શકશો નહી. (૨) સૌથી મોટું કારણ એ હોય છે કે ૯૯% લોકો સાધનાની ટ્રેનીંગ લઈને ઘરે આવ્યા પછી એની દરરોજ એકાદ કલાક (મીનીમમ) પ્રેક્ટિસ કરવી જોઈએ તે છોડી દે છે. આવા લોકો ઉપલબ્ધિ મેળવી શકતા નથી. (૩) ઓરીજનલી આ વિધિ ૪૫ દિવસની હતી. (એજ ઉપધાન) પણ લોકો આટલું ઉત્કૃષ્ટ તપ કરી શકતા નહતા માટે ઘટાડી ઘટાડીને ૧૦ દિવસ કરવામાં આવ્યા. ખરેખર તો ૧૦ દિવસમાં ફક્ત રૂપરેખા મળે છે. એ પણ ઘરે આવીને પાછા અઢારપાપસ્થાનકમાં ગળાડૂબ થઈ જાઓ. ને પ્રેક્ટિસ પણ છોડી દો તો વાંક સાધના-વિધિનો નથી આપણોજ છે. (૪) આ સ્વ-અધ્યાય કરતાં કોઈપણ જાતની અપેક્ષા આવી તો ઉપલબ્ધિ ના મળે. એમ પણ થયું ને કે ''હવે તો ઉપલબ્ધિ મેળવી ને જ છોડીશ,'' તો પણ ઉપલબ્ધિ ન મળે. જે થી રહ્યું છે તેનો સ્વીકાર. અત્યારે ઉપલબ્ધિ નથી મળી તો નથી મળી. એનો પણ સ્વીકાર તો પ્રાપ્ત કરી શકાય. (૫) શ્વાસની સાથે કે સંવેદનાની સાથે કોઈ નામ-મંત્ર જોડી દીધું તો ઉપલબ્ધિ ના મળે... હજી બીજા ઘણા કારણો છે તેની છણાવટ તથા વિપશ્યના વિધિ વિષે ઘણી શંકાઓને તેનું સમાધાન આવતા અંકમાં વાંચો. એકવાર વિપશ્યના કરવા લાગશો તો તમારા અનુભવથી જાણશો કે આપણી સજ્ઝાયો-સ્તવનો-સૂત્રો-દૂહા બધામાં ભરપૂર વિપશ્યના જ ભરેલી છે. જીવનના ઘણા પ્રશ્નોનું સમાધાન આ અદ્‌ભુત સાધનામાંથી મળી જાય છે. પ્રથમ નજરે જોતા આ અત્યંત સરળમાર્ગ દેખાય છે. ''વર્તમાન ક્ષણ પ્રત્યે સજગ રહેવું એ કેટલું કઠીન છે તે તો પરિકવ સાધકોજ સમજી શકે. લાંબા સમયના પ્રયત્ન વિના આ સાધના સિધ્ધ થતી નથી. કોની પાસે કેટલો કર્મોનો ઢગલો છે તે સાધૂ કરતા એને કેટલો સમય લાગે છે, તે છે સ્વાધ્યાય..તે છે વિપશ્યનાની શરૂઆત.. આગળ વધતાં વધતાં સ્ટેપ આવશે ધ્યાન ને કાયોત્સર્ગ. પણ આપણે આ સંઘયણ દ્વારા, આ પાંચમા આરામાં, હુંડા અવસર્પિણી કાળમાં જો સ્વાધ્યાયની શરૂઆત પણ કરી શક્યા તો પણ આપણા માટે ઘણી ઉપલબ્ધિ છે. આગળ ઘણું જાણો આવતા અંકે.

(તા.ક. જાન્યુ. ૨૦૧૮ના અંકમાં એક ભૂલ રહી ગઈ છે. જેનાથી આખો અર્થ ફરી જાય છે. માટે તે સુધારીને વાંચજો. Pg. No. 30 Right side - line No. 10-11 આ પ્રમાણે લખેલું છે. ''દુ:ખદ કલ્પના કે સ્મૃતિને હંમેશા રાખવાની ઈચ્છા રહે છે.''

તેના બદલે સુધારીને...''દુ:ખદ કલ્પના કે સ્મૃતિને હંમેશા ટાળવાની ઈચ્છા રહે છે.'' તકલીફ બદલ ક્ષમા...) ❑❑❑

**સુબોધી સતીશ મસાલીયા**

૧૯, ધર્મપ્રતાપ દામોદરવાડી,

કાંદિવલી (ઈસ્ટ) ૪૦૦૧૦૧.

મો. ૮૮૫૦૦૮૮૫૬૭

## જીવનપંથ : ૭

# વાચન : જીવન ઘડતરનો કીમિયાગર

ડૉ. ભદ્રાયુ વછરાજાની

બહુ કપરું થતું જાય છે સ્મરણોને ઢંઢોળવાનું.. ના, સ્મરણને તાજાં કરવાં મુશ્કેલ નથી, પણ સ્મૃતિઓના પટારો એકવાર ખૂલે ને પછી કાબુ બહારનો પ્રવાહ તેમાંથી વહે છે, ધસમસતો અને અવિરત; મૂશળધાર વરસાદની હેલી જેવો અનુભવ થાય છે!... એમાંય એ પટારાનું કોઈ ગમતું ખાતું ખુલી જાય એટલે તો આખી વાત કાબુ બહાર..

એમાં કોઈ પૂછી બેઠું કે તમે ક્યારથી વાંચતા શીખ્યા?. શું વાંચ્યું? કેમ વાંચ્યું? કેવું લાગ્યું?. ભારે મૂંઝવણ થઈ. શો જવાબ દેવો? ક્યારથી વાંચતા શીખ્યાનો જવાબ તો ફટ દઈને મળ્યો: જ્યારથી જીવતા શીખ્યા ત્યારથી વાંચતા શીખ્યા!!

નાનું ઘર અને મોટું કુટુંબ. દોઢ-બે રૂમના મકાનમાં સાત જણ જીવે અને એમાં મા-બાપના આપણે ચોથા ક્રમના એટલે કહો ને: Last but one!. ઉતરચડ સંતાનોને ઉછેરવાનું, ભણવાના ચોપડાનું ય માંડ થતું, ત્યાં બીજી ચોપડીઓને ક્યાંથી સ્થાન મળે? ઘરમાં એવી કોઈને વિશેષ વાંચનની રૂચિ નહીં એટલે નિવ્યા પૂછે છે તેવું વાચન નાનપણથી ભેટમાં ન મળ્યું. ઘરમાં એક છાપું નિયમિત આવે, એ ઊંધું ઘાલીને વાચી જતો તેવું યાદ છે, પણ છાયાનાં વાચનને કંઈ વાચનપ્રીતિ થોડી કહેવાય?...પણ હા, મને ભણવાના ચોપડા સાચવવા-ગોઠવવા બહુ ગમે. આ ચોપડા મને જાદુઈ પેટી જેવા લાગે. નાના નાના અક્ષરોમાં પાને પાને કેટલું બધું લખ્યું હોય? જ્ઞાનનો ભંડાર એકાદ ચોપડીમાં ઠાંસી ઠાંસીને ભર્યો હોય! એટલે નિશાળના ચોપડા વ્હાલા બહુ, તેને સાચવું, તેને રૂપાળાં (છાપાનાં પાનાંના...) પૂંઠા ચડાવું, તેની પર નામ લખી ગુંદરથી કાગળ ચીપકાવું અને જાળવીને ટેબલના સંયુક્ત ખાનામાં કે થેલીમાં (..તે સમયનો સ્કૂલબેગમાં..) રાખું. કોઈપણ પુસ્તકના એક પણ પાનામાં ખૂણો ય વળી જાય તો મને ઓછું આવી જતું! આજે પણ મારે મન પ્રત્યેક પુસ્તક સજીવ છે, તેના પર ધૂળ ચડે તો મારો જીવ કચાય! આમ, પુસ્તકપ્રીતિ બચપણથી,.. પણ ખરું વાંચન શરૂ થયું ત્રીજાં ધોરણમાં હતો ત્યારથી..

ત્રીજાં ધોરણમાં રાજકોટની મ્યુનિસિપાલિટી સંચાલિત શાળા નં.૨૨, (સરકારી સ્કૂલ)માં ભણતો હતો, ત્યારની વાત છે. હું ગોખેલું બરાબર યાદ રાખી કડકડાટ બોલી જવામાં હોંશિયાર હતો, એટલે શહેરમાં નાની-મોટી સ્પર્ધા હોય તો મારું નામ મોકલવામાં આવતું. રાજકોટનાં શ્રી રામકૃષ્ણ આશ્રમ દ્વારા સ્વામી વિવેકાનંદજીના જન્મદિન નિમિત્તે મુખપાઠ સ્પર્ધામાં મેં સ્કૂલ વતી ભાગ લીધોને હું પ્રથમ આવ્યો. મને ઈનામમાં સ્વામી વિવેકાનંદ-શ્રી રામકૃષ્ણ પરમહંસ અને શ્રી મા શારદાદેવીની નાની નાની ચોપડીઓ ભેટ મળી. ઈનામમાં આશ્રમે બધા કરતાં કંઈક જુદું આપ્યું હતું, એવું મને લાગ્યું. ઘરે આવીને ઘરનાં સૌને તે ચોપડીઓ એકવાર બતાડી બધી મારી કને રાખી દીધી. તેને બહુ સાચવતો, જાણે કેમ મારી જાગિર હોય.. મારા સૌથી મોટાભાઈ હોંશિયાર, તેણે આ ચોપડીઓ વાંચવા માંગી તો મને કશુંક લૂંટાય જશે તો?. એવી ભાવના થઈ.. એટલે મારા ભાઈ ને કહ્યું : તું આ ચોપડીઓ વાંચતો તો નથી, તે રાખી મુકી છે...એટલે મને એમ થયું કે ચોપડીઓ મને મળી છે તેથી તે મારી છે એવો દાવો લાંબો સમય નહીં ટકે; આ ચોપડીઓ આપણે વાંચીએ તો તેના પર આપણો હક્ક બને! બસ, એટલે ઠાવકા થઈ બધા નોંધ લે તેમ મેં પુસ્તક વાંચવાનું શરૂ કર્યું.. આમ, ગણવું હોય તો ગણાય કે મેં ત્રીજાં ધોરણથી પુસ્તક વાચનનો પંથ આદર્યો.

❑❑❑

**ભદ્રાયુ વછરાજાની**
મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩
ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com
સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, રાજકોટ.

### થોડાક પુરક અવતરણો

*આ અહીં પહોંચ્યાં પછી આટલું સમજાય છે,*
*કોઇ કંઇ કરતું નથી, આ બધું તો થાય છે!*
*હાથ હોવાથી જ કંઈ કયાં કશું પકડાય છે?*
*શ્વાસ જેવા શ્વાસ પણ વાય છે તો વાય છે!*
*આંખ મીંચીને હવે જોઉં તો દેખાય છે,*
*કયાંય કંઇ ખૂલી રહ્યું, કયાંય કંઈ બિડાય છે!*
*જે ઝળકતું હોય છે તારકોનાં મૌનમાં,*
*એ જ તો સૌરભ બની આંગણે વિખરાય છે!*
*શબ્દને અર્થો હતાં, ઓગળી કલરવ થયાં,*
*મન, ઝરમ, પંખી બધું કયાં જુદું પરખાય છે!*

**– રાજેન્દ્ર શુક્લ**

## ગાંધી વાચનયાત્રા

# ગાંધીજીનાં અનેક રૂપ : 'બહુરૂપી ગાંધી'

**સોનલ પરીખ**

'એક બારિસ્ટર હતો. પોતાના અસીલોને દાવાદૂવી પાછળ સમય અને પૈસા વેડફવા કરતા અદાલતની બહાર ઝઘડાનું સમાધાન કરવાની સલાહ આપતો. નવરાશના સમયમાં તે હિંદુ, મુસ્લિમ, પારસી અને બૌદ્ધ ધરમનાં પુસ્તકો વાંચતો. ભણેલા ગણેલા ને નિરક્ષર, દાક્તર ને વકીલ. હજામ ને ભંગી બધાને પોતાના કામનું સરખું દામ મળવું જોઇએ એમ માનતો.

'પોતાના કુટુંબીઓ અને કેટલાક યુરોપિયન મિત્રો સાથે આશ્રમમાં રહી સાદું સમૂહજીવન જીવવાનું તેણે નક્કી કર્યું. આ બધા સખત મજૂરી કરતા ને સ્વાશ્રયી ખેડૂતની જેમ રહેતા. હિંદુ ને મુસલમાન, કાળા ને ગોરા, મજૂર ને બારિસ્ટર બધા એક મોટા પરિવારના સભ્યોની જેમ રહેતા. તેમનો ખોરાક અને કપડાં સાદા હતાં. બારિસ્ટર પોતાની હજારો રૂપિયાની આવક છોડી દરેક સભ્યને મળતા વેતનમાં જ ગુજારો કરતો. ફાર્મ પર ઝૂંપડું બંધાતું હોય ત્યારે તેના મોભ પર ચડી જવામાં તેનો નંબર પહેલો રહેતો. જાડા કપડાંમાંથી સીવેલા ને અનેક ગજવાવાળા તેના ભૂરા લેંઘામાં સ્ક્રૂ, ખીલીઓ ને હથોડી રહેતાં. એક વાર બપોરનું ભોજન પતાવી પુસ્તકો રાખવાનો ઘોડો બનાવવા તે બેઠો અને સતત સાત કલાક કામ કરી છત સુધી પહોંચે તેટલો ઊંચો ઘોડો બનાવી કાઢ્યો.

'વહેલી સવારે બારિસ્ટર ઘંટીએ બેસીને ઘઉં દળતો. પછી તૈયાર થઇ પાંચ માઇલ ચાલી ઑફિસે જતો. પોતાના વાળ જાતે કાપતો, કપડાં ધોવાનું ને ઇસ્ત્રી કરવાનું જાતે કરતો ને માંદા ખાણિયાઓ ને પ્લૅગનો ભોગ બનેલાઓની ચાકરી કરવા ઉજાગરા કરતો. જાજરૂ સાફ કરવામાં તેને કોઇ શરમ આવતી નહીં અને આળસ કે ભયને તે જાણતો નહીં.

'પોતાના સામયિકો માટે લેખો લખતો, જાતે જ ટાઇપ કરી લેતો, જાતે જ છાપખાનાનાં બીબાં ગોઠવી લેતો અને સમય આવ્યે હાથે ચલાવવાના છાપકામના યંત્રને ફેરવવામાં પણ મદદ કરતો. સૂતર કાંતતા, સાળ પર વણાટકામ કરતા, લાકડાં ફાડતા, ફળઝાડની માવજત કરતા ને સોય પણ ચલાવતા તેના હાથ જેલની સખત મજૂરી પણ કરી શકતા.

'થાકતો ત્યારે તે શક્તિ મેળવવા ઇશ્વરને પ્રાર્થના કરતો. જુવાનીમાં માઇલોની ખેપ કરતા તેના પગ અઠ્ઠોતેરની ઉંમરે પણ થાક્યા ન હતા. એ ઉંમરે પણ રોજના સત્તરથી વીસ કલાક તે કામ કરતો.

'આ બારિસ્ટરને દક્ષિણ આફ્રિકાના સાથીઓએ 'કર્મવીર' નામ આપ્યું હતું. તેનું નામ મોહનદાસ કરમચંદ ગાંધી તેનો જન્મ બીજી ઑક્ટોબર ૧૮૬૯ના દિવસે થયો હતો.'

આ છે 'બહુરૂપી ગાંધી' પુસ્તકના પહેલા પ્રકરણનો અંશ. રાજકારણ અને જાહેરજીવનથી તદ્દન નિરાળી બાબતોમાં ગાંધીજીએ જુદી જુદી ઢબે કેવી રીતે કામ કર્યું તેની સુંદર અને સમજવા જેવી, જીવનમાં ઉતારવા જેવી વાતો આ પુસ્તકમાં છે. અનુ બંદ્યોપાધ્યાયના પુસ્તક બહુરૂપી ગાંધીનો એ જ નામે જિતેન્દ્ર દેસાઇએ કરેલો આ અનુવાદ ખૂબ રસાળ શૈલીમાં લખાયો છે. તેની પહેલી આવૃત્તિ નવજીવને ગાંધીશતાબ્દી નિમિત્તે ૧૯૭૦માં પ્રગટ કરી હતી. ૧૯૯૮માં તેનું પુનર્મુદ્રણ થયું છે. પુસ્તકની સમાગ્રી ડી. જી. તેંડુલકરના પુસ્તક 'મહાત્મા'માંથી ચૂંટી કાઢવામાં આવી છે.

તેનાં લેખિકા અનુ બંદ્યોપાધ્યાય ગાંધીકામોમાં ગૂંથાયેલાં હતાં. પ્રસ્તાવનામાં તેઓ લખે છે કે 'મેં ગામડામાં કામ કર્યું છે. મારી આસપાસના ગ્રામજનો અને તાલીમાર્થી બહેનો ગાંધીજી વિશે જાણે છે. તેમાંનાં કેટલાકે રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ લીધો હતો ને જેલવાસ પણ વહોર્યો હતો, પણ ગાંધીજીની ખરી દેણ શી છે તેની તેમને ખબર નથી તેવું મને લાગ્યું છે. એ ઉપરાંત પણ બીજા જે માણસોના સંપર્કમાં હું આવું છું તેમાંના ઘણા કેળવાયેલાં છે, વાંચે લખે છે. પણ આ સહુ શરીરશ્રમ તરફ સૂગ ધરાવે છે. હું પોતે પણ શરીરશ્રમ ઓછો જ કરું છું, પણ રોજ નોકરો સાથે શ્રમના કામમાં ભાગ લેવાનો પ્રયત્ન કરું છું જેથી મારા મનમાં એવી લાગણી ન જાગે કે હું કેવળ કોઇને થોડા દોઢિયા પરખાવી દઇને તેઓ મારે માટે કામ કરે તેવો અધિકાર મેળવી શકું છું... બીજાઓ જે મજૂરી પોતાની રોજી કમાવા માટે કરે છે તેવી અનેક મજૂરીમાં સ્વેચ્છાએ સહભાગી બનનાર ગાંધીનું ચિત્ર રજૂ કરવાની મારી ઘણા સમયની ઇચ્છાથી આ પુસ્તક લખાયું છે. હું ઇચ્છું છું કે આજના યુવાનો એ સમજે કે ગાંધીજી માત્ર રાષ્ટ્રપતિ અને સ્વતંત્રતાના ઘડવૈયા નહોતા. તેમના ચારિત્ર્યના પાયામાં જીવનને, માનવતાને સ્પર્શતી બધી જ બાબતોમાં ઊંડા ઊતરીને કામ કરવાની તેમની રીત રહેલી છે.'

જીવનને, માનવતાને સ્પર્શતી બધી જ બાબતોમાં ઊંડા ઊતરીને કામ કરવાની રીત - કેવી બાબતો છે આ? 'બહુરૂપી ગાંધી'માં ગાંધીજીનાં અનેક રૂપ છે. 'દરજી', 'ધોબી', 'ભંગી', 'વણકર', 'મદારી', 'વાણિયા', 'જેલનું પંખી', 'સેનાપતિ',

'પત્રકાર', 'મુદ્રક અને પ્રકાશક', 'ફેશનસર્જક', 'પુરોહિત' એવાં પ્રકરણોનાં મથાળાં એ પ્રકરણમાં વર્ણવાયેલા તેમના એ રૂપવિશેષનો ખ્યાલ આપે છે. થોડાં ઉદાહરણ જોઇએ : ગાંધીજી કહેતા કે જે દિવસથી શરીરશ્રમને હલકું ગણવાની શરૂઆત થઇ તે દિવસથી હિંદમાં કમનસીબીનો સૂરજ ઊગ્યો છે અને એવો દિવસ જરૂર આવશે જ્યારે પોતાના ભાઇઓને માનવાધિકારો આપવાનો જેમણે ઇન્કાર કર્યો છે તેમણે તેમના આ નિર્દય અને અન્યાયી વર્તનની કિંમત ચૂકવવી પડશે('મોચી'). આદર્શ ભંગીની વ્યાખ્યા કરતા ગાંધીજીએ 'હરિજન'માં લખ્યું હતું, 'આદર્શ ભંગી એ છે જેને જોઇતી જાતનું જાજરૂ કેવી રીતે ઊભું કરી શકાય તે તથા તેને સાફ કરવાની સાચી રીત કઇ તે આવડતું હોય.' સફાઇકામ એ પરાણે લાચારીથી કરવાના કામ તરીકે ચાલુ રાખવાને બદલે તેને અનિવાર્યપણે કરવાના સામાજિક કામનો દરજ્જો આપવો જોઇએ('ભંગી'). ગાંધીજી ગુજરાતી, મરાઠી, ઉર્દૂ, તમિલ, અંગ્રેજી ફ્રેન્ચ અને લૅટિન ભાષા જાણતા. શિક્ષણ અંગેના તેમના વિચારો પ્રચલિત ધોરણો કરતા જુદા હતા. વિદ્યાર્થી તંદુરસ્ત, આત્મનિર્ભર, પ્રમાણિક અને હોંશિયાર નાગરિક સાબિત થાય તે માટે તેઓ નવી નવી રીતો શોધ્યા કરતા. તેઓ સહશિક્ષણમાં માનતા અને ભણતા છોકરાં શરીરશ્રમ કરે અને ઉદ્યોગો શીખે તે પર ભાર મૂકતા. તેમણે પ્રબોધેલી નઇ તાલીમનું ધ્યેય વિદ્યાર્થીઓને સારા નોકરીધંધા અપાવવાનું નહીં, પણ રાષ્ટ્રજીવનનો પાયો મજબૂત કરે તેવા બહાદુર ને નિષ્ઠાવાન નાગરિકો બનાવવાનનું હતું ('શિક્ષક'). ખાદી ભંડારોએ લોકોમાં પ્રચલિત માગણીઓ પ્રમાણેની ખાદી બનાવી આપી ખરીદનારાઓને પંપાળવા કરતાં તેમનામાં નવી અભિરુચિ કેળવાય તે રીતે કામ કરવું જોઇએ ('કાંતનાર'). 'હું વાણિયો છું અને મારા લોભનો કોઇ અંત નથી.' કહેતા ગાંધીજી ગરીબો માટે પૈસા મેળવવા અને તેની પાઇએ પાઇ યોગ્ય રીતે વાપરવાનો ઘણો ખંત રાખતા, પણ ચોસઠ વર્ષની ઉંમરે પોતાના ધંધા તરીકે 'વણકર અને ખેડૂત' લખાવતા('ખેડૂત').

લેખિકાએ આ પુસ્તક કિશોરો અને યુવાનો માટે લખ્યું હતું - એ ભાવથી કે તેઓ શરીરશ્રમનું, જીવનની પાયાની અને સાદી બાબતોનું ગૌરવ કરે અને તેમાં પોતાની મૌલિકતા ઉમેરી પોતાના જીવનને સુંદર આકાર આપે. આવા યુવાનો જ રાષ્ટ્રનું સાચું ધન છે, કેમ કે તેમનામાં પોતાના જીવન દ્વારા દેશ અને સમાજને માટે અર્થપૂર્ણ પ્રદાન કરવાની શક્તિ હોય છે. આમ છતાં આ પુસ્તક ગાંધીજીમાં, માનવતામાં, જીવનમાં અને નિર્મળ સદ્ભાવમાં જેને પણ રસ હોય તે સહુને પ્રેરણા આપે તેવું છે. જીવનમાં અર્થ ઉમેરવા માટે કોઇ ચોક્કસ ઉંમર હોવી જરૂરી નથી.

ગાંધીજીની અંધભક્તિ કરવી કે એવા જ અંધ પૂર્વગ્રહથી તેમની ટીકા કરવી - આ બંને બાબતો સરળ છે અને સરખી જ નુકસાનકારક છે. આ બંનેમાંથી આપણે અને આપણાં સંતાનોએ બચવું જોઇએ અને તે માટે 'બહુરૂપી ગાંધી' જેવાં પુસ્તકો વાંચવા જોઇએ. સાચા ગાંધીજનોની પેઢીની વ્યક્તિઓ જ્યારે ગાંધીજીની વાત કરે ત્યારે તેમાં એક વિશેષ પરિમાણ ઉમેરાતું હોય છે.

(**'બહુરૂપી ગાંધી'** - અનુ બંદ્યોપાધ્યાય, અનુવાદ - જિતેન્દ્ર દેસાઇ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ - ૩૮૦૦૧૪, પાનાં ૨૫૦, મૂલ્ય રૂ. ૪૦, ફોન - ૦૭૯-૨૭૫૪૦૬૩૫)

❑❑❑

મો : ૯૮૩૩૭૦૮૪૯૪

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### કોર્પસ ફંડ

| | |
|---|---|
| ૬૪,૦૦,૦૦૦/- | શ્રીમતિ માતુશ્રી મણિબાઈ ચંદુલાલ મગનભાઈ કોઠારી હસ્તે : શ્રી કાન્તિલાલ ચંદુલાલ કોઠારી -હૉંગકૉંગ |

### પ્રબુદ્ધ જીવન પબ્લીકેશન
### (દરેક વાંચે પ્રબુદ્ધ જીવન નવેમ્બર ૨૦૧૭ અપીલ)

| | |
|---|---|
| ૧,૫૦૦/- | શ્રી રજનિકાન્ત સી. ગાંધી (૧૦ મેમ્બર બનાવ્યા) |

### સંઘ નવા આજીવન સભ્ય

| | |
|---|---|
| ૫,૦૦૦/- | શ્રી અનિલભાઈ એચ. શાહ |

### જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૧૦૦૦/- | સુશીલાબેન શાહ |
| ૫૦૦૦/- | શકુન્તલાબેન શાહ |
| ૫૦૦૦/- | શ્રી વિનોદ જમનાદાસ મહેતા હસ્તે : રમાબેન મહેતા |
| **૧૧૦૦૦/-** | |

### સંઘ ડોનેશન

| | |
|---|---|
| ૩૨,૦૦૦/- | નિશિથ દલાલ (Nishith Dalal) |

### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| | |
|---|---|
| ૨૫,૦૦૦/- | શ્રી રસિકભાઈ એ. શાહ - અમરેલી (ફેબ્રુઆરી સૌજન્ય) |
| ૨૫,૦૦૦/- | ડૉ. ભરત જે. ભીમાણી - ભાવનગર (માર્ચ સૌજન્ય) હસ્તે : શ્રીમતી ઈન્દીરા ટી. પટેલ |
| **૫૦,૦૦૦/-** | |

## જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૧૩

# ભરૂચના અનુપચંદ મલુકચંદ : આત્માર્થી શ્રાવક અને શાસ્ત્રજ્ઞ વિદ્વાન

**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

જેનાથી જીવનનું કલ્યાણ થાય અને આત્માની ઉન્નતિ થાય છે તેવી શ્રદ્ધા રાખીને ધર્મની આરાધના કરી રહેલા શ્રાવક અનુપચંદ મલુકચંદને ભરૂચનો ઈતિહાસ કદી નહીં ભૂલે. એક સૈકા પૂર્વે થયેલા શેઠ અનુપચંદ મલુકચંદ આત્માર્થી શ્રાવક હતા અને શાસ્ત્રજ્ઞ વિદ્વાન હતા. કહે છે કે, તેમના સમયમાં અનુપચંદભાઈ અભ્યાસ કરવા માટે શ્રમણ અને શ્રમણીઓ ભરૂચમાં સામેથી ચાતુર્માસ નિમિત્તે પધારતા તેમનો લખેલો 'પ્રશ્ન ચિંતામણી' ગ્રંથ આજે પણ સાધુ-સાધ્વીઓ ભણે છે. શ્રી સિધ્ધિસૂરિ 'બાપજી મહારાજ' તેમની પાસે ભણેલા.

અનુપચંદભાઈ કહેતા કે, ભરૂચમાં જેમ જૈનધર્મનાં વીસમાં તીર્થંકર મુનિસુવ્રત સ્વામી પધારેલા તેમ અનેક જ્ઞાની મહાપુરુષો પણ પધાર્યા છે. અનુપચંદભાઈને બાળપણથી ભગવાન મહાવીરે કહેલા જૈનધર્મની આરાધના અને ભક્તિ ખૂબ ગમતા. તેમણે પોતાના પિતાને કહ્યું કે, આપણી પાસે જેટલાં રૂપિયા જોઈએ એટલા છે અને ભવિષ્યમાં પણ તેનાથી ચાલી જાય તેવું છે. માટે વેપાર બંધ કરી દેવો જોઈએ!

મલુકચંદભાઈએ પુત્રના કહેવાથી ખરેખર દુકાન બંધ કરી દીધી અને ધંધો આટોપી લીધો.

તે સમયે અનુપચંદભાઈએ પોતાના સમયના ખ્યાતનામ જૈનમુનિઓ શ્રી બુટેરાયજી મહારાજ, શ્રી આત્મારામજી મહારાજના સંપર્કમાં આવ્યા. સ્થાનકવાસી સંત શ્રી હુકમમુનિ મહારાજના સંપર્કમાં આવ્યા. તેમની પાસે જૈનધર્મનો ઊંડો અભ્યાસ કર્યો. તે સમયે તેમની તબિયત એવી બગડી કે છ મહિના પથારીવશ રહેવું પડ્યું. તેમણે પથારીમાં પડ્યા પડયા દૈનિકધર્મ ક્રિયાના સૂત્રો કંઠસ્થ કરી લીધા. અને પછી સાધુ-સાધ્વીઓને અભ્યાસ પણ કરાવવા માંડ્યા. જ્યોતિષનું પણ ઊંડું જ્ઞાન મેળવ્યું.

પિતાના અત્યંત આગ્રહથી તેમણે લગ્ન કર્યા. પણ પોતાની પુત્રીને તો હંમેશા શીખામણ આપવા માંડી કે 'બેટા, સંયમ લેવા જેવો છે.' જ્યારે પુત્રીના લગ્ન થતા હતા ત્યારે જમાઈને પણ કહ્યું કે હજુ પણ તમારે પાછા વળવું હોય અને દીક્ષા લેવી હોય તો હું ના નહીં પાડું!

અનુપચંદભાઈ નિયમિત જિનપૂજા, પ્રતિક્રમણ, યથાશક્તિ તપ વગેરે કરતા હતા. જે પોતાની પાસે મૂડી હતી તેમાં સંતોષથી જીવતા હતા. ધન કમાવાની કે પૈસા ભેગા કરવાની તેમને સહેજપણ લાલસા થતી ન હતી. કોઈ એમની પ્રશંસા કરે ત્યારે કહેતા કે, 'જગતનું તમામ ધન છોડીને આ સાધુઓ અને સાધ્વીઓ જીવી શકે છે તો ઓછા પૈસાથી હું કેમ જીવી ન શકું?'

ઉદાહરણ આપવાની દૃષ્ટિ પણ કેવી ઉત્તમ! કેવી સરસ ભાવના!

તે સમયના જૈન અગ્રણીઓ શ્રી લાલભાઈ દલપતભાઈ, શેઠાણી શ્રી ગંગા મા, શ્રી શેઠ પ્રેમચંદ રાયચંદ વગેરેના પરિચયમાં આવ્યા. પાલીતાણામાં શત્રુંજય ગિરિરાજ પર ગંગા મા એ પ્રભુ પધરાવવાનો વિચાર કર્યો. ગંગા મા એ ખાસ આગ્રહ કરીને શ્રાવક અનુપચંદ મલુકચંદને ભરૂચથી બોલાવ્યા. પાકટ ઉંમર થઈ હોવા છતાં પ્રભુની ભક્તિ કરવા માટે અનુપચંદભાઈ ખૂબ ઉત્સાહ સાથે પાલીતાણા પહોંચ્યા. ગિરિરાજના દૂરથી દર્શન કરીને અનુપચંદભાઈએ પોતાને ધન્ય માનવા લાગ્યા. પ્રતિષ્ઠાના દિવસે ગંગા મા એ અનુપચંદભાઈને આગ્રહ કર્યો કે, તમારાથી ઉપર ચઢી શકાશે નહિ માટે ડોળી કરી લો.

અનુપચંદભાઈ કહે, 'ભગવાનના દર્શન કરવા માટેનો આવો અનુપમ અવસર મને ફરી ક્યારે મળશે? હું ચઢીને યાત્રા કરીશ.'

ગંગા મા કહે, 'જેવી તમારી ભાવના.'

અનુપચંદભાઈ તેમના પરિચિતો સાથે પહાડ ચઢવા માંડ્યા. પગથિયે પગથિયે તેઓ પ્રભુનું સ્તવન ગાતા જાય અને ચઢતા જાય. એમ કરતા કરતા પાંચ પાંડવની દેરી સુધી પહોંચ્યા. ખુલ્લી જગા, નિર્મળ અને પવિત્ર વાતાવરણ, હજારો યાત્રીકોની અવર-જવર અને ભક્તિ ભર્યું હૃદયઃ અનુપચંદભાઈના રોમ-રોમમાં કંઈક અનેરો પ્રભાવ ફેલાઈ ગયો. એમણે પોતાના સાથીઓને પૂછ્યું 'કેવી મનભાવન જગા છે નહીં?'

મિત્રો કહે, 'ખૂબ પવિત્ર જગા છે!'

અનુપચંદભાઈ કહે, 'આવી જગ્યાએ મૃત્યુ થાય તો કેવું સારું!'

મિત્રો કંઈ સમજ્યા નહિં પણ કહ્યું, 'તો તો ઘણું ઉત્તમ થાય.'

'તો લો, હું આ ચાલ્યો!'

અને અનુપચંદભાઈ ઢળી પડ્યા. એમનું પ્રાણપંખેરુ એ પળે જ ઉડી ગયું!

સૌ સ્તબ્ધ થઈ ગયા. ચારે તરફ દોડાદોડી મચી ગઈ.

ગંગા મા ઝડપથી આવ્યા. હજારો જૈનો આવ્યા. ગંગા મા એ અનુપચંદભાઈની અંતિમ વિધિ પાલીતાણામાં જ કરાવી. તેમણે કહ્યું, 'આવું મૃત્યુ તો ભાગ્યશાળીને જ મળે!'

ભાગ્યશાળી અનુપચંદભાઈ મરણથી પણ અમર થઈ ગયા. જેના જીવનમાં ધર્મ પરિણમે તે મરણથી પણ સદ્ગતિ પામે!

❑❑❑

મો. ૮૭૮૦૭૭૫૭૩૫

# સરળતાનું સૌંદર્ય : સંતશિશુનું જીવન

**ગુણવંત બરવાળિયા**

**(મુનિશ્રી સંતબાલજીના અંતેવાસી સંતશિશુ મીરાબેન શતાયુ પાર કરી ૧૦૧ વર્ષની ઉંમરે સમાધિમરણને પામ્યા તે પ્રસંગે શ્રદ્ધાંજલિ)**

મોક્ષના માર્ગના દ્વારે મોટી ભીડ જામી હતી. મહામાનવ સમુદાયમાંના પ્રત્યેક માનવને મોક્ષમાં જવું હતું, દિગંતમાં જવું હતું, દિગંત એટલે જ્યાં દશે દિશાઓ વિલય પામે તે સિદ્ધાલય, પરંતુ દિગંત તરફ જવાનું દ્વાર ખૂલતું ન હતું. દ્વારપાળ દ્વાર ખોલતો નહોતો, કેટલાક પંડિતોએ-વિદ્વાનોએ આગળ આવીને કહ્યું, 'અમે જ્ઞાની છીએ, અમે હજારો શાસ્ત્રો વાંચ્યાં છે, લાખો લોકોને ધર્મોપદેશ આપ્યો છે, અમારે મોક્ષમાં જવું છે, દ્વાર ખોલી નાખો!

દ્વારપાલે કહ્યું, અહીં શાસ્ત્રોનું મૂલ્ય નથી, અનુભવનું મૂલ્ય છે, સ્વાનુભૂતિનું મૂલ્ય છે. જનોપદેશની કિંમત નથી. સ્વઉપદેશનું મૂલ્ય છે. તમને મોક્ષમાર્ગમાં પ્રવેશ નહીં મળે.'

ભીડમાંથી કૃશકાય, તપસ્વી, મુનિ, સંન્યાસીઓ આગળ આવ્યા અને તેઓએ કહ્યું કે, 'અમે ઘોર તપસ્યા કરી છે, કેટલાય ઉપવાસ કર્યા છે, કષ્ટદાયી વ્રત-નિયમોનું પાલન કર્યું છે, અમારે માટે મોક્ષમાર્ગનું દ્વાર ખોલો.' દ્વારપાળે કહ્યું કે, 'આ વ્રત-નિયમોનું પાલન અને તપ-ત્યાગ તમે કઈ ભાવનાથી કર્યું હતું તે જાણવું પડશે... હા તમે ત્યાં યશ, પ્રતિષ્ઠા અને માનસન્માન પામવાની ઈચ્છાથી અને સ્વર્ગનાં સુખો પામવાની ઈચ્છાઓથી આ બધું કર્યું હતું. માત્ર તપ-ત્યાગ અને વ્રત-નિયમોનું પાલન કરનારાઓ માટે મોક્ષ માર્ગમાં પ્રવેશ નથી મળતો બાહ્યતપ સાથે અંતરતપની જરૂર હતી. કામેચ્છારહિત તપની જરૂર હતી. તમે ધર્મક્રિયાઓ કરી હતી, પરંતુ ધર્મધ્યાન કર્યું ન હતું માટે અહીં પ્રવેશ ન મળે... અહીંથી પાછા જાઓ.

ભીડ કંઈક ઓછી થઈ તો કેટલાક લોકો આગળ આવ્યા અને બોલ્યા, 'અમે સમગ્ર જીવન પરોપકારમાં વ્યતીત કર્યું છે, દાન કર્યું છે માટે અમને પ્રવેશ મળવો જોઈએ.' દ્વારપાળ કહે, તમારા દાન પાછળ પ્રછન્ન અહંકાર અને પરોપકાર પાછળ પ્રતિષ્ઠા પામવાની ઈચ્છા છુપાયેલી હતી. માટે શુદ્ધ ભાવના વગર કરેલા જીવોપકારની અહીં કશી જ કિંમત નથી!

ભીડ ચાલી ગઈ, પરંતુ સૌથી પાછળ શ્વેતવસ્ત્ર ધારણ કરેલ એક સ્ત્રી ઊભી હતી. દ્વારપાળે એને પૂછ્યું બહેન તું હજુ કેમ ઊભી છે? અહીં શા માટે આવી છે? તેણે કહ્યું, કોણ મને અહીં લઈ આવ્યું છે તેની મને ખબર નથી. મારી પાસે શાસ્ત્રજ્ઞાન નથી. મેં ઘોર તપ કે વ્રતો કર્યા નથી કે કઠોર નિયમો પાળ્યા નથી. આમ મારી પાસે કશું નથી.'

'હા, કોઈ જીવસાથે મારે શત્રુતા ન હતી, કોઈને હું નડી નથી. સૌને માટે મારા હૃદયમાં પ્રેમ છે. મૈત્રીભાવનું ગાન મારા હૃદયમાં સતત ગુંજન કરે છે. કોઈને દુઃખી જોઈ મારાં નયનો કરુણાજલથી છલકાઈ ઊઠતાં, સંતો અને સજ્જનો જોતાં મારું હૃદય પ્રમોદભાવથી પુલકિત થતું. મારા પ્રત્યે અયોગ્ય વર્તન કરનાર પરત્વે મને દ્વેષ ન આવતો, પણ માધ્યસ્થ ભાવ વડે હું તેની ઉપેક્ષા રાખતી, પરંતુ આટલા માત્રથી મોક્ષ માર્ગે જવાના પ્રવેશદ્વારમાં પ્રવેશની મારી યોગ્યતા પ્રાપ્ત થતી નથી. માટે હું પણ પાછી વળું છું. પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે દ્વારપાલે તેને માટો માર્ગનું દ્વાર ખોલી નાખ્યું હતું. આ સ્ત્રી બીજી કાંઈ નહીં, પણ જેનું જીવન સરળતાના સૌંદર્યથી મઢાયેલું હતું તે આપણાં સંતશિશુ મીરાબહેન.

શાંત સુધારસનું પાન કરાવનાર આ એક ઉપનય કથા છે. વાસ્તવમાં મોક્ષ દ્વારેથી આપણે કરોડો જોજન દૂર છીએ. આપણે સૌ એ માર્ગે જવા તત્પર છીએ એટલે આ દૃષ્ટાંતકથાનું ચિંતન કરતા જીવનમાં ઉચ્ચગતિમાં જવાના ગુણોનું સ્પષ્ટિકરણ થશે, જે ગુણોથી સભર મીરાબહેનનું જીવન હતું.

મીરાબહેનના વ્યક્તિત્વમાંથી સતત વાત્સલ્યનું અમીઝરણું વહ્યા કરતું.

મુનિ શ્રી સંતબાલજીએ તેમનામાં ૐ મૈયાના પ્રતીકનાં દર્શન કર્યાં. કોઈને નડવું નહિ ને નિજ મસ્તીમાં જીવન જીવવું તે મંત્રને ચરિતાર્થ કર્યો.

વિદેહ ક્ષેત્રમાં વિસામો લઈ તેમનો આત્મા દિગંત-પંચમગતિ તરફ પ્રસ્થાન કરે તેવી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

ગાંધીજી, અપૂર્વ જ્ઞાનયોગી તથા તેમના અખુટ પ્રેરણાસ્તોત્ર શ્રીમદજી વિષે અન્યત્ર લખે છે કે :

''આપણે સંસારી જીવો છીએ ત્યારે શ્રીમદ અસંસારી હતા. આપણને અનેક યોનિઓમાં ભટકવું પડશે ત્યારે શ્રીમદને એક જન્મ બસ થાઓ. આપણે કદાચ મોક્ષથી દુર ભાગતા હોઈશું ત્યારે શ્રીમદ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા.''

''બીજું કશું શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધ'' કહેનારા શ્રીમદ રાજચંદ્રજી સદગુરુનું માહાત્મ્ય બતાવ્યું. શ્રીમદજીનું ઉન્નત જીવન આપણને શીખવે છે કે સમુહમાં કેમ પ્રેમમય રહેવું અને એકલા હોય ત્યારે કેમ ધ્યાનમય રહેવું. તેઓશ્રીને શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થઇ હતી તે મુજબનું કથન પોતાના પરમાર્થસખા શ્રી સૌભાગ્યભાઈ ને એક પત્ર દ્વારા વર્ણવે છે.

''એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપતિ વિના અમને કંઇ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.''

આ તેઓશ્રી ની ઉચ્ચ અધ્યાત્મ દશા નું વર્ણન કરે છે. જ્યારે સંસારી જીવો દેહ ને જ સત્ય માને છે અને દેહની સંભાળ લેવામાં જ અમૂલ્ય મનુષ્યભવ વ્યતીત કરે છે, ત્યારે આ મહાત્મા પોતાની અપ્રતિમ દશા વર્ણવે છે કે અમે દેહ તો નથી જ, અમે શુદ્ધ આત્મા છીએ અને એજ પ્રતીતિ રહે છે, તે ત્યાં સુધી કે આ રાજચંદ્ર નામધારી દેહ ધારણ કરેલો છે તે પણ યાદ કરવું પડે છે. શુદ્ધ સમકિત થયા પછી આત્માની એવી ખુમારી વર્તે છે કે સર્વમાં તથા પોતામાં એક આત્મસ્વરૂપનું જ દર્શનન થાય છે, દેહ ઉપર ધ્યાન જતું જ નથી તેથી તે ભૂમિકાએ એટલે કે સ્વાનુભવ થયા બાદ દેહતાદાત્મ્ય સર્વથા તૂટી જાય છે, અને સર્વત્ર સર્વવ્યાપી આત્મા જ વિલસે છે તેવી સ્પષ્ટ પ્રતીતિ થાય છે.

પરમ કૃપાળુ દેવ શ્રીમદ રાજચંદ્રજી પોતાની ઉચ્ચ આત્મિક દશાનું વર્ણન કરતા લખે છે કે..

''ઓ દુષમકાળના દુર્ભાગી જીવો ! ભુતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.

સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.

વધારે શું કહેવું ? આ વિષમકાળમાં પરમશાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ...''

ઉપરના ઉદગારો ફક્ત બીજાના હિતને માટે લખાયા છે તે વ્યક્ત કરતા આ પત્ર ના અંતિમ ફકરામાં તેઓશ્રી લખે છે કે...

આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃતિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉધ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.

પોતાની અદ્‌ભૂત જ્ઞાનદશા વર્ણવતા તેઓશ્રી લખે છે કે..

**''અજ્ઞાનયોગીપણું તો આ દેહ ધર્યો ત્યારથી જ નહીં હોય એમ જણાય છે. સમ્યકદ્રષ્ટિપણું તો જરૂર સંભવે છે. કોઈ પ્રકારનો સિદ્ધિજોગ અમે ક્યારે પણ સાધવાનો આખી જિંદગીમાં અલ્પ પણ વિચાર કર્યો સાંભરતો નથી..''**

શ્રીમદ રાજચંદ્રજી નો વૈરાગ્ય એટલો તીવ્ર હતો કે સંસારની કોઈ પણ પ્રકારની ઈચ્છા તેમને હતી નહીં. તેમના ઉપદેશનું એક મહત્વનું અંગ હતું કે, મોક્ષના અભિલાષી જીવે વૈરાગ્ય અને ઉપશમ કેળવવા જ જોઈએ. જગત પ્રત્યે તદન નિઃસ્પૃહીપણું તેમના આ વચનથી પ્રમાણીત થાય છે.

**''..કવચિત મનોયોગને લીધે ઈચ્છા ઉત્પન્ન હો તો ભિન્ન વાત, પણ અમને તો એમ લાગે છે કે આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીનભાવ વર્તે છે; તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત છે; અને પરમાત્માની વિભૂતીરૂપે અમારું ભક્તિધામ છે...''**

આમ તેઓશ્રી અનેક ઉપાધિઓમાં ફસાયેલા જીવો માટે સુખનો વિસામો બની રહ્યા, આંતરિક સમાધિનો સંદેશ બની રહ્યા, હૃદયને ઢંઢોળનાર ધર્મોપદેશક બની રહ્યા. જગતના દાર્શનીકોએ દેહના મૃત્યુ એટલેકે (દ્રવ્ય) મરણ પરના વિજયની વાત કરી છે પરંતુ શ્રીમદ્‌જીએ દેહના મૃત્યુ પહેલા અનંતી વાર કષાયોરૂપી (ભાવ) મરણ પર વિજયી થવાની વાત કરી છે. દેહનું મૃત્યુ ક્યારે આવશે તે ભલે આપણા હાથમાં નથી પરંતુ ભાવો નું મરણ રોકી, જીવન કેમ ઉન્નત બનાવવું તેની વાત તેઓશ્રીના ઉપદેશમાં મળે છે. ભાવમરણમાં રાચતા સંસારી જીવોની અત્યંત કરુણા આવતા તેમણે ''અમૂલ્ય તત્વવિચાર'' નામે અર્થગંભીર કાવ્ય ની રચના કરી તેમાં તેઓશ્રીએ લખ્યું છે કે ''ક્ષણ-ક્ષણ ભયંકર ભાવમરણે કા અહો રાચી રહો ?''

શ્રીમદજીના જીવનમાંથી નિર્ભયતાનો મહાન પદાર્થપાઠ મળે છે. ગાંધીજીએ ડરબનથી તેમને એક પત્ર લખેલ જેમાં તેમણે ૨૭ પ્રશ્નો પૂછાવેલ, તેમાંના એક પ્રશ્ન ''સાપ કરડવા આવે તો મારે શું કરવું'' નો હતો તેનો પ્રત્યુત્તર માં શ્રીમદજી લખે છે કે જો તમે દેહ અનિત્ય છે તેમ માનતા હો, અને આત્મા સાશ્વત છે તેમ માનતા હો તો પછી દેહ ને બચાવવા આત્મ ને મારવો યોગ્ય જ ના ગણાય. આ નિર્ભયતા તેમના ઉદાત્ત જીવનમાં પણ જોવા મળે છે, તેઓ જ્યારે નિવૃત્તિક્ષેત્રે સાધના માટે જતા ત્યારે જંગલી પ્રાણીઓનો સતત ભય રહેતો પરંતુ વીતરાગસાધક શ્રીમદજી સર્વ રીતે નિર્ભય રહેતા. તેઓશ્રી ઉચ્ચ ભાવના ભાવતા લખે કે

**''મારું ચિત્ત, મારી ચિત્તવૃત્તિઓ એટલી શાંત થઇ જાઓ કે કોઈ મૃગ પણ આ શરીરને જોઈ જ રહે, ભય પામીને નાસી ના જાય !**

**મારી ચિત્તવૃત્તિઓ એટલી શાંત થઇ જાઓ કે કોઈ વૃદ્ધ મૃગ જેના માથામાં ખુજલી આવતી હોય તે આ શરીરને જડપદાર્થ જાણી પોતાનું માથું ખુજલી મટાડવા આ શરીરને ઘસે !''**

પરમ કૃપાળુ દેવ શ્રીમદજીની આભને આંબતી આત્મદશા તથા તેઓશ્રીનું વ્યક્તિવિશેષ આલેખતા રાષ્ટ્રીય સંત પૂજ્ય વિનોબા ભાવે કહે છે કે.. **''શ્રીમદ રાજચંદ્ર'' તો મહાત્મા ગાંધીજીના ''ગુરુતુલ્ય'' મહત્ત પુરુષ હતા. આવા પુરુષ ભારતવર્ષમાં જનમ્યા અને શ્વાસોચ્છવાસ લીધા તેથી આ ભૂમિ ભાગ્યશાળી બની છે.**

શ્રીમદ રાજચંદ્રજી પોતે અધ્યાત્મના શિખર પર છે અને પરમાત્મા પાસે કઈ પણ યાચના નથી તે રીતનું એક પત્રમાં લખેલું છે. તેઓશ્રી ફરમાવે છે કે

**''...છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે''. આગળ ફરમાવે છે કે ''(કંઈ) મુક્તિયે નથી જોઈતી, અને જૈનનું કેવલજ્ઞાનેય જે પુરુષને નથી જોઈતું, તે પુરુષને પરમેશ્વર હવે કયું પદ આપશે ?''**

❑❑❑

gunvant.barvalia@gmail.com |M. 9820215542

# શ્રીમતી ફાલ્ગુની શાહનો અધ્યાત્મપ્રધાન ચિત્રાંકિત કાવ્યસંગ્રહ અંતર્નાદ

ડૉ. મધુસૂદન એમ. વ્યાસ

ઈ.સ. ૨૦૧૪ માં નવભારત પ્રકાશન ગૃહ તરફથી મુદ્રિત અને પ્રકાશિત શ્રીમતી ફાલ્ગુનીબેન શાહનો ચિત્રપ્રધાન કાવ્યસંગ્રહ 'અંતર્નાદ' જાણે કે કાવ્યોને કંડારવાની લગની લાગી હોય એવા પ્રકારના કાવ્યોથી સભર છે. અહીં સઘળાં કાવ્યો અછાંદસ હોવા ઉપરાંત તેની નિગૂઢ ભાષા શૈલીને લીધે અનોખી ભાત પાડે છે. નવા નવા ઉન્મેષો ધરાવનારાં આ કાવ્યોનો સંગ્રહ શ્રીમદ રાજચંદ્રને અર્પણ કરવામાં આવ્યો છે. આ પુસ્તક મહારાષ્ટ્ર રાજ્યની ગુજરાતી સાહિત્ય અકાદમીના અનુદાનથી પ્રકાશિત થયું છે. આ સંગ્રહમાં ચિત્રો પણ મુકાયાં છે, જે કવયિત્રીએ દોરેલાં ચિત્રો છે.

'મારી વાત' અંતર્ગત બહેન ફાલ્ગુનીએ જે વાતો કેફિયત રૂપે મૂકી આપી છે, એ સર્વથા કાવ્યસંગ્રહને શોભે એવી છતાં અધ્યાત્મની ભૂમિકાએ જીવિતવ્યક્તિને છાજે તેવાં વચનો છે. એ કવયિત્રીના વ્યક્તિત્વને નહી, અસ્તિત્વને દર્શાવે છે. એટલું જ નહીં આ બધાં કાવ્યોની સંરચના અથવા કાવ્યસૃજનનો યશ ગુરુ-સાધક ડૉ. રાકેશભાઈ ઝવેરીને કવયિત્રીએ આપ્યો છે, તે યથાર્થ છે. સંક્ષિપ્તમાં કહીએ તો જરા ઝીણી નજરે અથવા શાંતચિત્તે આ સંગ્રહને વાંચીશું તો કશુંક પામી શકીશું. ઉતાવળે તો કોઈ આનું વાંચન કરે તો તેમને કાવ્યો કદાચ દુર્બોધ જણાય પરંતુ સરવાળે તો આ બધાં કાવ્યો સાધિકા-ચિત્રકારની મનોવીણાના ઝંકાર જેવા સંગીતમય છે. એટલે આ સંગ્રહમાં તેમની વાત પણ ઊંચાઈ પર કે ઊંડાણમાં લઈ જઈને કરવામાં આવી છે. તેમનું ઊંડાણ અને ઉડ્ડયન છલાંગની મહારત ખૂબ સારી રીતે જણાઈ આવે છે.

કવયિત્રીમાં ચિત્રકળા અને કાવ્યકળા (સાહિત્યિકરુચિ) કેવાં મણિકાંચન સંયોગના જેવા સંયુક્ત છે-ઉભયનું જાણે કે સારુ જાય છે તેનું ઉદાહરણ આપું તો તે તેમના જ શબ્દોમાં વાંચો ''વર્ષો પહેલાં જ્યારે હું મરીન ડ્રાઈવ રહેતી હતી ત્યારે દરિયા કિનારે મને આખુંય અભ્ર એક વિશાળ કેન્વાસ જેવું લાગતું, જે ''લાર્જર ધેન લાઈફ'' ની અનુભૂતિ કરાવી જતું. તેની પાળી પર બેસતાં મારા હૃદયમાં ધબકતા નાનકડાં એકાંત ખુણાને અરબીસમુદ્રના વિસ્મયલોક જેવા તરંગોની જાળ નીચે સરકાવી દેતી ચિત્રકારનો જીવ, 'સ્વ'ની ઓળખ વિશે પ્રશ્ન પૂછતો, આ નિત્યક્રમ વર્ષો સુધી ચાલ્યા કર્યો, ધીરે ધીરે રંગ નીચે ભીનો રહેતો પ્રશ્ન સૂકાતો ચાલ્યો.

પ્રત્યેક કાવ્યમાં રચાયેલી શબ્દાવલી પદ્ધતિ જાણે કે ચિત્રોને કંડાર્યા હોય એ રીતે ઉતરી આવે છે. એને લીધે ભાષાનું વિલક્ષણ પોત બંધાય છે એમની ભાષાકીય સજ્જતાનો પરિચય તેમણે 'મારીવાત'માં બરાબર કરાવ્યો છે છતાં નમ્રતા પણ એમનામાં ભારોભાર પ્રગટતી રહે છે.

અધ્યાત્મ અંગેની વાત કરવામાં મોટું ભયસ્થાન કેટલીક શ્રધ્ધામૂલક વાતો હોય છે અને અધ્યાત્મપ્રધાન કવયિત્રીએ કરેલી કેટલીક આવી વાતો કે કાવ્યાલેખન બહુજ સ્વાભાવિક રીતે બધાને ન ગમે કે ગળે ન ઊતરે કિન્તુ અહીં તર્કની એરણે તમે તેને ચકાસો તો પણ આ કાવ્યો ઊણા ન ઊતરે એવાં રચાયેલાં છે, એમ જરૂર જણાશે બલ્કે ખરેખર અંતર ઝરો છે, એની પ્રતીતિ પણ થશે.

આ સમીક્ષક કોઈ દાવો કરનારો નથી કે અધ્યાત્મના પ્રદેશમાં નથી વિહાર કરનારો છતાં એટલું તો ચોક્કસ કે સમાનભૂમિકાએ જઈને કવયિત્રીએ કંડારેલાં કાવ્યો અને ચિત્રોને જો માણીશું તો જરૂર એ આપણાં આંતરસત્વને લાભાન્વિત-આંદોલિત કરનારાં બની રહેશે.

કાવ્યોમાં સર્વાધિક શ્રેષ્ઠ - 'મુંબઈ શહેરને' એ કાવ્ય મને જણાયું છે. એમાં મુંબઈનું મનોહર વર્ણન કાવ્યાત્મ બાનીમાં કવયિત્રીએ આપ્યું છે. જે શહેરના વિવિધ રંગને દર્શાવનારું જાણે કે ચિત્રકાવ્ય બની રહે છે. (કાવ્યશાસ્ત્રની દૃષ્ટિ ચિત્રકાવ્ય એટલે નિકૃષ્ટ કાવ્ય-અધમકાવ્ય કિન્તુ એ અર્થમાં લખ્યું નથી.) ઉપરાંત અન્ય કાવ્યોમાં ભિક્ષાંદેહી (પાના નં-૫૮) ગોવંશ (શ્લોક-૬૩), ખજુરાહો (પાના નં - ૭૩) ઈત્યાદી વૈવિધ્યસભર હોવાથી નોંધપાત્ર કાવ્યો છે.

'મુંબઈ શહેર' શીર્ષકમાં તેમણે અછાંદસ કાવ્યમાં ઝીણી-ઝીણી વિગતો મુંબઈના જન જીવન વિશે અને દૈનંદિન ક્રિયાકલાપ વિશે નોંધી છે, જેને લીધે સમગ્ર કાવ્ય મુંબઈનું સુંદર રીતે વર્ણન કરે છે. તેમજ એક ચિત્રકારની આંખ મુંબઈમાં શું શું જુએ ને અનુભવે છે એ અહીં દર્શાવાયું છે, જે સ્પર્શક્ષમ બને છે. 'ખોવાયેલો સામાન મુસાફરી કરે છે' એવા શબ્દો અહીં ધ્રુવપંક્તિ રૂપે દરેક કડીના છેડે આવે છે, જે કાવ્યને નવો જ અર્થ બક્ષે છે.

સીમાઓના બંધનને આંબવા મથતી એમની અલગારી મનોસૃષ્ટિનું અદ્‌ભુત નિરૂપણ એમની કેટલીક કૃતિઓમાં અત્ર-તત્ર તાદૃશ થાય છે. જેને લીધે એમનો આ ચિત્રકાવ્યસંગ્રહ એમની આગવી ઓળખ ઊભી કરે છે. એ અર્થમાં 'અંતર્નાદ' એમના આંતરસત્ત્વનો જાણે કે પોકાર છે.

કાવ્યોમાં એમની આંતરાનુભૂતિની અભિવ્યક્તિ આગવી ઓળખ ઊભી કરતી વિશિષ્ટ શૈલી બની રહે છે. જેને લીધે એનો સંસ્કૃત અનુવાદ કરવાનું બન્યું છે, જેને સંસ્કૃત પત્રિકામાં સ્થાન મળશે એ આનંદની વાત છે.

ક્યાંક આંતરબાહ્ય સ્થિતિનું સંયોજન તો ક્યાંક અગમ્યલોકની

*(અનુસંધાન પાનાં નં. ૪૯ ૫૨)*

# ભેટોની દુનિયા માણો

**ફાધર વર્ગીસ પૉલ**

મારા મિત્ર અને લેખક ફાધર હેડવિગ લ્યૂઈસે થોડા વખત પહેલાં એમનું એક પુસ્તક મને ભેટમાં આપ્યું. પુસ્તકનું નામ છે ''પર્સન્સ આર અવર્ બેસ્ટ ગિફ્ટ્સ'' (Persons are our Best Gifts) મતલબ છે કે, વ્યક્તિઓ આપણી સર્વશ્રેષ્ઠ ભેટો છે. આપણે આપણા મિત્રોની કદર કરીએ છીએ. એમનો પ્રેમ તથા તેમની મિત્રતાને આપણે ખૂબ કિંમતી ગણીએ છીએ. આપણા મિત્રો આપણા જીવનને ધન્ય બનાવે છે, સમૃદ્ધ કરે છે. પોતાના મિત્રોને સર્વશ્રેષ્ઠ ભેટ ગણતા મારા મિત્રના પુસ્તકમાં ભેટરૂપી માણસો અંગે એકસો ઉપર વૈવિધ્યસભર વાતો છે, વાર્તાઓ છે, અનુભવકથાઓ છે, આપણા વ્યક્તિત્વ અને સંબંધને પોષનાર બાબતો છે. આપણે એમાંથી પ્રેરણા અને પ્રોત્સાહન મેળવી શકીએ છીએ.

મારા આ લેખમાં ફક્ત માણસો નહિ પણ સર્વ કંઈ બાબતોને આપણા જીવનની અમૂલ્ય ભેટ ગણવાનો મારો વિચાર છે. દુનિયાની સૌ બાબતો મારા માટે ભેટ છે, દાન છે, બક્ષિસ છે. આખરે કોઈ પણ બાબત મારી પોતાની માલિકીની ન ગણી શકું. સૂર્યપ્રકાશ, વરસાદ, જીવજંતુઓ અને છોડવાંઓથી માંડી સૌ કોઈ ચેતન અને અચેતન બાબતો મારા માટે ઈશ્વરની અમૂલ્ય ભેટો છે, બક્ષિસ છે.

શું છે મારું જીવન? મારું જીવન ઈશ્વરે મને આપેલી અમૂલ્ય, કિંમતી ભેટ છે. નગ્નરૂપે મેં આ દુનિયામાં પ્રવેશ કર્યો હતો. મારે કોઈ કપડાં કે પહેરવેશ નહોતો. કોઈ આભૂષણ કે શણગાર ન હતાં. સૌંદર્યપ્રદાનનાં કોઈ સાધનો કે ચીજવસ્તુઓ નહોતી. આજે મારી પાસે જે કંઈ છે એ મને ભેટમાં મળ્યાં છે.

મારાં માબાપની વાત લો. મારા સર્જક ઈશ્વરે મને આપેલી અમૂલ્ય ભેટો છે મારી મા અને મારા બાપુજી. મેં મારાં માબાપને પસંદ કર્યાં નહોતાં. એ જ રીતે સગાંસંબંધીઓ, મારા મિત્રો તેમ જ મારા વિરોધીઓ તથા મારા દુશ્મનો પણ મને મળેલી ઈશ્વરની અમૂલ્ય ભેટો છે.

આપણને બધું જ ઈશ્વર પાસેથી ભેટરૂપે મળે છે, એનો વિચાર કરું છું ત્યારે વિશ્વસાહિત્યનું એક અમરપાત્ર મારા માનસપટ પર ઉપસી આવે છે. એ અમરપાત્ર એટલે બાઈબલનું ખૂબ જાણીતું પાત્ર યોબ. આર.આર.શેઠની કંપનીએ પ્રકાશિત કરેલું મારું પુસ્તક ''બાઈબલનાં પાત્રો''માં એક પ્રેરકપાત્ર તરીકે મેં યોબનું કથાચરિત આપ્યું છે.

યોબનો પરિચય કરાવતાં બાઈબલ કહે છે, ''એ નેક અને ઈમાનદાર હતો. આ ભગવાનથી ડરતો હતો અને પાપથી ભાગતો ફરતો હતો. એને સાત દીકરા અને ત્રણ દીકરીઓ એમ દસ સંતાનો હતાં. મિલકતમાં એની પાસે સાત હજાર ઘેટાં, ત્રણ હજાર ઊંટ, એક હજાર બળદ, પાંચસો ગધેડાં અને અનેક નોકરો હતાં. આખાયે પૂર્વમાં યોબનો હરીફ ન હતો.'' (બાઈબલનાં પાત્રો, પૃ.૩૬)

યોબ ૧૦ દીકરા-દીકરીઓથી, સાધનસંપત્તિથી, કુટુંબકબીલાં અને મિત્રોથી - હા, બધી રીતે સંપન્ન હતા, સુખી હતા. એમને કશું ખૂટતું નહોતું. વારે-તહેવારે યોબ અને તેનાં સાત દીકરાઓ અને ત્રણ દીકરીઓ વારાફરતી દરેક દીકરાને ઘેર ભેગાં મળીને ખાઈપીને મજા કરતાં હતાં.

યોબની આ સુખસાહેબી વચ્ચે આપત્તિઓની હારમાળા એમના પર તૂટી પડી. કુદરતી આપત્તિઓ તથા માનવસર્જિત આફતોથી યોબ એક દિવસ બધું જ - દીકરા-દીકરીઓ અને માલમત્તા-ખોઈ બેઠા. એટલું જ નહીં, પણ યોબનું શરીર પગથી માથા સુધી ફદફદી ગયું. એના વ્રણોથી તે પથારીવશ થઈ ગયા. યોબની આ દારૂણ પરિસ્થિતિ જોઈને એની પત્નીએ કહ્યું, ''તમે હજી પણ ઈશ્વરને વળગી રહ્યા છો? તમે ઈશ્વર પર શાપ વરસાવો અને જીવનનો ત્યાગ કરો.''

પરંતુ યોબની ઈશ્વરશ્રદ્ધા વિચલિત ન થઈ. તેણે પત્નીને કહ્યું, ''તું બકવાસ કરે છે! ઈશ્વર જ્યારે સુખ આપે છે ત્યારે આપણે એનો તરત સ્વીકાર કરીએ છીએ. પછી એ જ્યારે દુ:ખ આપે ત્યારે આપણે એનો કેવી રીતે અસ્વીકાર કરી શકીએ?''

યોબના મિત્રો પણ આવીને યોબને નિરાશામાં ડૂબાડી નાખે એવી વાતો કરે છે અને યોબ સ્વીકારે છે કે, ''હું ત્રાસી ગયો છું.'' પરંતુ યોબ ઈશ્વર પરની શ્રદ્ધામાં અડગ રહ્યા. યોબનો પ્રતિભાવ હતો કે, જીવનમાં બધું જ ઈશ્વરે આપ્યું અને બધું જ ઈશ્વરે પાછું લઈ લીધું. સર્વશક્તિમાન ઈશ્વરની સ્તુતિ હો!

ગાંધીજી પોતાની જાતને પોતાની પાસેની બધી સાધનસંપત્તિના માલિક નહિ પણ દેખરેખ રાખનાર વ્યવસ્થાપક કે કારભારી ગણતા. વ્યવસ્થાપક કે કારભારીની ભાવના પાછળ બે બાબતો આપણે ખાસ જોઈ શકીએ. એક, બધું જ ઈશ્વરદત્ત છે, ભેટ છે; અને બે, બધું ફક્ત ખુદ પોતાની જાત માટે નહિ, પણ બધાને માટે એટલે ખાસ તો જરૂરિયાતમંદો માટે છે.

આપણે લોકોને કહેતા સાંભળીઓ છીએઃ આ પૈસા મારા હક્કના છે, મારી કમાણીના છે, મારી મહેનતનું ફળ છે. પણ આપણે આપણી જાતને પ્રશ્ન પૂછીએઃ આ હક્ક કોણે તને આપ્યો? કમાણી કરવા કોણે તને તૈયાર કર્યો? આવા બધા પ્રશ્નો આપણી જાતને પૂછીએ તો આપણે કબૂલ કરવું પડશે કે, આપણા જીવનમાં

*(અનુસંધાન પાનાં નં. ૧૬ પર)*

# જ્ઞાન-સંવાદ

(ઉત્તર આપનાર વિદ્વાનશ્રી ડૉ. રતનબેન ખીમજી છાડવા.)

**પ્રશ્ન :** જગતમાં ધર્મ એ શું ધતીંગ નથી?

**ઉત્તર :** જગતમાં ધર્મ એ ધતીંગ નથી. પણ ધર્મની પાછળ વિચાર અને યોગ્ય ધોરણ રહેલું છે. ધર્મના કોઈ આચારનારામાં કે કોઈ કોઈ આચરણમાં દોષ હોય, તેથી ધર્મ દોષિત ઠરતો નથી. જીવનમાં જેમ ખાવું-પીવું, ઈન્દ્રિય-સુખોપભોગ, કૌટુંબિક જીવન, સામાજીક જીવન, રાષ્ટ્રીય જીવન આદિના સ્થાન છે તેમ ધાર્મિક જીવનનું પણ અવશ્ય સ્થાન છે. માત્ર ખાઈને બેસી રહેવું એ જ જીવનની સાર્થકતા હોય તો જંગલી જાનવર કે મનુષ્યમાં કશો તફાવત જ ન રહેત! ક્યારેક જંગલી જનાવર કે તેમ જ મનુષ્ય કટોકટીની વખતે ધર્મની પ્રેરણા મેળવતા પ્રયાસ કરતો જોવામાં આવે છે. ધર્મ ઉપર ભાર આપવામાં જ્ઞાનીઓની જનસમાજ પ્રત્યે હિતની દૃષ્ટિ છે. માનવીને તેના સુખ માટે જ્યાં ત્યાં ફાંફાં મારતો બચાવી યોગ્ય માર્ગે ચઢાવવાનો જ્ઞાનીઓ ધર્મ દ્વારા પ્રયત્ન કરે છે.

ધર્મનું સ્થૂલ શરીર સદાચારી છે, જ્યારે સૂક્ષ્મ શરીર સદ્‌વિચાર છે. કેટલાક નીતિને જ ધર્મનું સર્વસ્વ માને છે પણ વસ્તુતઃ નીતિ એ ધર્મનું ફળ છે. ધર્મ વિના નીતિની ઈમારત રેતીના પાયા ઉપર ઉભેલી છે. ધર્મભાવનાથી જ નીતિ ઉપર અખંડ શ્રધ્ધા ટકી રહે છે. જીવનના કટોકટીના પ્રસંગોમાં સહાયભૂત થનારા નીતિના સૂત્રો નથી પરંતુ ધર્મભાવના છે. ધર્મને સાચા હૃદયથી સ્વીકારનાર કોઈ અતૃપ્ત રહેતાં નથી. પરા કોટિની બુધ્ધિના વિદ્યાનો ધર્મમય જીવનથી જ સમાધિને પ્રાપ્ત કરી શક્યા છે. તેનું કારણ ધર્મ આત્મા ઉપર સીધી અસર કરે છે અને આત્મા એ જ આ જગતમાં અમૃતત્વ છે.

**પ્રશ્ન :** કયા ધર્મને સાચો માનવો? ધર્મમાં કલહ કંકાસ આપસમાં મતભેદ કે મતમતાંતરો એટલા બધા છે કે તેમાં સત્યધર્મ કયો તે કઈ રીતે નક્કી કરી શકાય?

**ઉત્તર :** ધર્મના મત-મતાંતરો, ભેદ પ્રભેદો કે કલહ-કંકાસો જોઈને ધર્મથી વિમુખ થવાની જરૂર નથી. અથવા તો ધર્મ પ્રત્યે અણગમો દર્શાવવો જરૂરી નથી. માનવ પ્રકૃતિ જ જુદી જુદી વિકાસભૂમિ ઉપર સ્થિત થયેલી હોય છે. તેથી તે તે પ્રકૃતિને અનુકૂળ ધર્મને તે સ્વીકારી જ લે છે. જેમ કે કોઈને ભક્તિમાં વિશેષ રુચિ હોય તો કોઈને જ્ઞાનાભ્યાસમાં વધુ રસ હોય છે તો કોઈને તપસ્યામાં. દરેકનો ક્ષયોપશમ કે શક્તિ અલગ અલગ હોય છે એટલે દરેક મનુષ્ય એક જ ધર્મ કે એક જ રીત સ્વીકારે એવું કદી બન્યું નથી અને બનવાનું પણ નથી. જુદા જુદા માણસોને જુદા જુદા સાધનો વિના ચાલે જ નહિ. પરંતુ એ સાધનો જો એક જ માર્ગે લઈ જનારા હોય તો એમાં વાંધો નથી. ધર્મ જગતમાં એકજ છે. દુર્ગતિમાં પડતાં જીવને બચાવી તેને શુભ ગતિમાં પ્રસ્થાન કરાવે તે ધર્મ. જેનાથી અભ્યુદયની સિધ્ધિ થાય અને નિઃશ્રેયસની પ્રાપ્તિ થાય તે ધર્મ. સંક્ષેપમાં અહિત-અકલ્યાણનો માર્ગ છૂટી જાય અને હિત-કલ્યાણનો માર્ગ નિર્વિઘ્ન બને એ ધર્મ. માત્ર તેની જુદી જુદી શાખાઓ જુદા જુદા ધર્મ રૂપે ભાસે છે.

એક મોટી વ્યાપારી પેઢી કે જનસમાજને ઉપયોગી એક મોટી સંસ્થાને જેમ મુખ્ય મથક ઉપરાંત શાખા-પ્રશાખા હોય છતાં એ બધી મળીને એક જ પેઢી કે એક જ સંસ્થા ગણાય છે. તેમ આત્માના વિકાસ સાધક જેટલા પણ રસ્તાઓ છે, માર્ગ છે તે બધા જો મહાવિકાસ મોક્ષરૂપ મથકને મળનારા હોય, સાધ્ય સુધી પહોંચાડનારા હોય તો તે બધા તેના જ ભેદો. પ્રભેદો હોવાથી એક જ છે. એ બધા ભેદા-પ્રભેદોથી લાભ તો અંતે ધર્મથી થયો જ ગણાય.

**પ્રશ્ન :** શું બધા ધર્મો મટીને એક જ ધર્મ ન બની શકે?

**ઉત્તર :** આ બધા ધર્મ માટેના ઝઘડા, કલહ-કંકાસ ખાતર માની લઈએ કે બધા ધર્મો મટીને એક જ ધર્મ બને તો પણ તે ધર્મ લોકોપયોગી નહિ બની શકશે. કારણ કે ધર્મને લોકોપયોગી બનાવવા માટે તો તેની જુદી જુદી શાખા-પ્રશાખાઓ ઉત્પન્ન કરવી જ પડશે. જેમ કે જગતનું બધું જ પાણી નદી-નાળાં વગેરેમાંથી લઈને એક જ સમુદ્રમાં ભરી દેવામાં આવે તો સમુદ્ર મોટો તો બનશે પણ લોકોના ઉપયોગમાં આવતું તે પાણી અટકી જશે. સરોવરનું કે ડેમનું પાણી પણ ઘેર ઘેર પહોંચાડવા માટે પણ જુદી જુદી ટાંકીઓ અને પાઈપો દ્વારા જ લઈ જવું પડે છે. તેમ એક જ ધર્મને સર્વ મનુષ્યો પાસે પહોંચાડવા માટે જુદાં જુદાં સાધનો વિના ચાલી શકવાનું નથી. એ સાધનોને પછી સંપ્રદાય, પંથ, મત કે સંસ્થા કોઈ પણ નામ આપો. એ દરેક સાધનો રૂપી ભિન્ન ભિન્ન ધર્મની શાખાઓ તરફ સુગ ધરાવવી એ વસ્તુ સ્થિતિનું અજ્ઞાન છે. મનુષ્ય સમાજમાં રહીને સર્વત્ર એક જ રીતિ કે વ્યવહાર દાખલ કરી શકાતા નથી. વિદ્યમાન વસ્તુઓ ઉપર અણગમો ઉત્પન્ન કરાવવા માત્રથી તે નાબૂદ થતી નથી પણ એકના બદલે તેની જગ્યાએ બીજી આવીને ઊભી રહે છે. જેમ કે નાત જમણની સામે અણગમો બતાવનાર ટીપાર્ટી, ઈવનીંગ પાર્ટી અને ગાર્ડન પાર્ટીઓ ગોઠવે જ છે. સાદું જીવન ગાળી નાત-જાત કે ધાર્મિક પ્રસંગોમાં જ ખર્ચ કરનારા પૂર્વજોની ટીકા કરનારાઓ, ખર્ચ ટૂંકું કરવાને બદલે તેનાં કરતાં બમણો ખર્ચ મોજ-શોખ, કપડાંલત્તાં, નાટક-સિનેમા તથા અન્ય ટાપ-ટીપમાં વધારતા જ જાય છે. આવા તો અનેક ઉદાહરણો જોવા મળે છે.

આમ એક વસ્તુ છોડી તો તેને લગતી બીજી વસ્તુમાં ગોઠવાયા વિના માણસથી રહેવાતું નથી. સર્વધર્મ ઐક્યની વાતો કરવા જતાં દરેક ધર્મમાં નવા નવા પંથ ઊલટા વધતા જ જાય છે. માનવ સમાજના મહા વિકાસ મોક્ષમાં સહાયક થવા માટે એક જ

મહાધર્મની અનેક શાખા-પ્રશાખાઓ દેશ-કાળ અને પુરુષની ભિન્ન ભિન્ન યોગ્યતા મુજબ જરૂરી છે. એ પેટા-ભેદોની સહાય વડે પણ મોક્ષ રૂપી મંજિલ સુધી પહોંચાશે. એ સત્ય સમજવાની જરૂર છે.

**પ્રશ્ન :** ધાર્મિક લડાઈઓ થવામાં મુખ્ય કારણો કયા છે?

**ઉત્તર :** ધર્મ સંબંધી વાદ-વિવાદો તથા ઝઘડાઓની આવશ્યકતા નહિ હોવા છતાં અમુક અમુક કારણોને લીધે ઝઘડાઓ ઉપસ્થિત થાય છે જેમ કે,

૧. અમુક જ પરિસ્થિતિના માનવોને ઉપયોગી થઈ શકે તેવા સાધન-સંયોગવાળો હોવા છતાં તે ધર્મ સર્વ માનવો માટે લાગુ કરવાની તેના અનુયાયીઓની વધારે પડતી લાલચોથી ઘર્ષણ ઊભું થાય છે.

૨. ધર્મનું મૂળ તત્ત્વજ્ઞાન છે. જે ધાર્મિક આચારોની પાછળ માનવીને સંતોષ આપી શકે તેવું તત્ત્વજ્ઞાન નથી, તે આચારો પાળવા માટે માનવી ધૈર્ય રાખી શકતો નથી. સમસ્ત વિશ્વની ઘટમાળ કઈ રીતે ચાલે છે? એનો વ્યવસ્થિત ખુલાસો કરવામાં ન આવે, તો ધર્મના જિજ્ઞાસુને કદી પણ સંતોષ થશે નહિ. આ રીતે ધર્મ અને તત્ત્વજ્ઞાનને નિકટનો સંબંધ હોવાથી તત્ત્વજ્ઞાન સંબંધી જે મતભેદો ઉભા થાય છે. તેને અજ્ઞાનથી ઝઘડાઓ તરીકે કલ્પી લેવામાં આવે છે. પરંતુ એ ઝઘડાઓ તો તત્ત્વબોધ માટે અત્યંત જરૂરી છે. વર્તમાન સાયન્સના શોધક વિદ્વાનોમાં પણ ગંભીર મતભેદ અને વાદવિવાદ હોવા છતાં તેને વિજ્ઞાનની પ્રગતિના રોધક માનવામાં આવતા નથી; કિંતુ જરૂરી માનવામાં આવે છે.

૩. ધર્મપ્રચારનાં સાધનો અને ગોઠવણોમાં તફાવત હોવાથી ઝઘડા ઉત્પન્ન થાય છે.

જગતમાં એક જ ધર્મ રહે અને બીજા બધા લોપ થઈ જાય, એ વાત પ્રથમ દર્શને બહુ સારી લાગે છે. તો પણ માનવ સ્વભાવ તે તો કદી બનતો નથી. એકનો લોપ કરવા જતાં બીજી લપ ઊભી થાય જ છે. મહાધર્મ મોક્ષ સાધક ધર્મની એકતા કે વ્યાપકતાને ક્ષતિ ન પહોંચે, તે રીતે ધર્મોની શાખા-પ્રશાખાઓ વધતી રહે એમાં મુખ્ય મથકને કાંઈ નુકશાન થતું નથી. બધા એક બને એ વાત માનવ પ્રકૃતિ જોતાં અસંભવિત છે. પરંતુ બધામાં એકતા રહે એ વસ્તુસ્થિતિ સર્વથા સુસંભવિત છે. બધા ધર્મને એક કરવાની વાતો કરવી એ ફક્ત બોલવા પૂરતુ જ હોય, જેને ધર્મનું આચરણ કરવું હોય એના મુખમાંથી આવી વાતો બહાર આવે નહિ. તે તો એમ જ કહેશે કે બધા ધર્મોમાં મારા આત્માનો વિકાસ શીઘ્ર સાધી શકે? એવો ધર્મ કયો છે? તેની પરીક્ષા કરીને તો મને તે સ્વીકારવા દો. ધાર્મિક લડાઈઓ દૂર કરવાનો આ એક જ ઉપાય છે. દરેક ધર્મોના ચઢતા-ઊતરતા ક્રમ હોય છે. સાધકે પોતાને યોગ્ય ઉચ્ચ કોટિનો ધર્મ કયો? તેની સ્વયં શોધ કરવી જોઈએ અને મધ્યસ્થ દૃષ્ટિથી પક્ષપાત રહિતપણે જે શોધાય તેને સ્વીકારવા તૈયાર રહેવું જોઈએ.

પૂજ્ય વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજ દ્વારા સંપાદિત 'આધ્યાત્મિક પ્રશ્નોત્તર'ના આધારે પ્રશ્નોત્તર આપ્યા છે. જિન આજ્ઞા વિરુધ્ધ કાંઈ લખાયું હોય તો 'મિચ્છામિ દુક્કડં'

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

## ગુજરાતી પુસ્તકો વિના મૂલ્યે

અત્યારે ઘણાને જૈન ધર્મ સાહિત્ય વાંચવાની જીજ્ઞાસા-ઈચ્છા હોય છે. ઘણાને કાનની તકલીફ હોય તેથી ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળી શકતાં નથી. ઘણાને પગની તકલીફ હોય તેથી દેરાસર ઉપાશ્રય આવી શકતાં નથી. ઘણાને નોકરી ધંધા માટે સવારે વહેલી લોકલ-ટ્રેઈન પકડવી પડે છે તેથી ધર્મ પામી શકતાં નથી.

બોરીવલી (વેસ્ટ)માં જામલીગલીમાં સંભવનાથ દેરાસર આવેલું છે. આ દેરાસરના ગ્રાઉન્ડ ફ્લોરમાં એક ટેબલ પર રોજની ૧૦૦ થી ૨૦૦ જૈન ધર્મની ગુજરાતી બુક રાખવામાં આવે છે. જેને જે બુક જોઈતી હોય તે લઈ જઈ શકે છે. પાછી આપવાની જરૂર નથી. જેને જેટલી જોઈતી હોય તે લઈ શકે છે. ઉપરાંત તીર્થંકર ભગવાન વગેરેના ફોટા પણ છે તે પણ લઈ જઈ શકે છે. ફક્ત આ બુક્સ કે ફોટા વગરની અશાતના ન કરવી. વાંચીને પ્રેરણા લેવી. આ દેરાસરમાં ત્રીજે માળે જૈન લાયબ્રેરી પણ છે. તમો વાર્ષિક ૧૦૦ રૂા. ભરી એક પુસ્તક ઘેર લઈ જઈ શકો છો. મેમ્બરશીપ ૧ એપ્રિલ થી ચાલુ થાય છે.

લાયબ્રેરી મંગળવાર થી રવિવાર રોજ સવારે દશથી બાર ખુલ્લી હોય છે.

સાચુ-સમ્યકજ્ઞાન તે જીવનનો ટર્નીંગ પોઈન્ટ છે જે મોક્ષ માર્ગ પર લઈ જાય છે.

**શાહ પ્રવીણચંદ્ર હરજીવનદાસ - મો. ૯૮૭૦૦૭૯૬૦૮**

# ભાવ-પ્રતિભાવ

યોગ પરનો પ્રબુદ્ધ જીવનનો વિશેષાંક મળ્યો. આપણે ત્યાં ગીતા પ્રેસ, ગોરખપુર દ્વારા પ્રકાશિત 'કલ્યાણ' માસિકના વિશેષાંકો અધ્યાત્મમાર્ગની જંગમ યુનિવર્સિટી બની ગયા હતા. પ્રબુદ્ધ જીવન એવી જ પ્રતિષ્ઠા ઊભી કરી રહ્યું છે. આ અંક જોતાં વેંત.. જૈન યુવકસંઘના વરિષ્ઠ મોવડીઓને એક વાતનુ અભિનંદન આપવુ છે કે તમારી દીર્ઘદ્રષ્ટિ થી ઠેઠ જમનાદાસ ગાંધીથી માંડી, પરમાનંદભાઈ થી લઈને સેજલબેન સુધી. તમે આ અદ્ભુત પ્રકાશનને લોકભોગ્યતાને નામે 'સસ્તું' બનવા નથી દીધું. લોકરુચિ તો અચૂક ચીલાચાલુ હોવાની...અને એમાં પણ આપણો વિશાળ વર્ગ વેપારી હોવાથી..બાળજીવોની શક્યતા વધુ. આ સંયોગોમાં પ્રબુદ્ધ જીવને લોકરુચિની કક્ષાને ઊંચે લઇ જવાનો જે માર્ગ લીધો છે એ કાબિલે દાદ છે..

ડૉ. રશ્મિબેન ભેદાએ એક રત્નપારખી દૃષ્ટિ થી યોગ વિષયક એક એકથી ચડિયાતા લેખો સંપાદિત કરીને એક 'collectors item' જેવા સંદર્ભગ્રન્થની ભેટ ધરી છે.

મારે ધ્યાન ખેંચવું છે પ્રબુદ્ધ જીવનનાં વયમાં યુવાન, તાજગીસભર પણ વિદ્વત્તા અને મૌલિકતામાં ખૂબ વરિષ્ઠ એવાં તંત્રી ડૉ. સેજલબેન શાહના 'પરમ સુખાય' અગ્રલેખ તરફ..કમાલ કરી છે. ગાગરમાં સાગર ભર્યો છે. આ લખનાર નો પાતંજલ યોગસૂત્રનો અને આચાર્ય હરિભદ્રસૂરિજીના ગ્રન્થો નો અભ્યાસ છેક ચૌદ વર્ષની વયથી ... તે પણ મૂળમાં... બહુજ મોટો પડકાર હતો આ વિષયને ઉદારતા અને 'અનાગ્રહવાદ'ની સુગંધનો પુટ આપીને સરળ બનાવવાનો અને સર્વગ્રાહી બનાવવા નો.. આખા અદભુત વિશેષાંકનો શિરમોર છે આ અગ્રલેખ... 'મિત્રાદૃષ્ટિ' કે 'યોગિ' જેવી કદાચ પ્રૂફની ભૂલો નિવારી શકાઈ હોત. (મિત્રદૃષ્ટિ. ..જોઈએ)

કેટલાંક જબરદસ્ત રીતે ટકોરાબંધ વિધાનો..'યોગ એ બાહ્ય બાબત નથી પણ આન્તરિક અનુભૂતિ છે' 'જૈનદર્શન એ તત્વદર્શન છે કારણ કે તે અનાગ્રહભાવના પાયા પર ઊભું છે'.. આખા લેખને એક મૌલિક આભા અર્પે છે.

સંદર્ભગ્રન્થોની સૂચિ સાથેનો સેજલબેનનો અગ્રલેખ. કેટલા પરિશ્રમ સાથે તૈયાર થયો હશે, એની કલ્પના કરી શકાય છે.

પ્રબુદ્ધ જીવન કોઈ સાંપ્રદાયિક કે મોટી જ્ઞાતિની આત્મવંચના પોષવા માટે ચલાવતુ મુખપત્ર નથી જ.. એ તો મહાન જૈન પરંપરાની સર્વસમાવેશક દૃષ્ટી ને સતત સંવર્ધિત કરતી 'સંસ્થા' છે. પ્રત્યેક અંક સાથે વધુ ને વધુ સમૃદ્ધ થઈ રહેલાં 'પ્રબુદ્ધ જીવન' માટે એનાં પ્રબુદ્ધ તંત્રી સેજલબેન ને તો અભિનંદન ખરાં જ, પણ જૈન યુવક સંઘના દીર્ઘદૃષ્ટિસંપન્ન પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, મંત્રીશ્રી અને તમામ મોવડીઓને દિલથી વંદન..આ પરંપરા ને આગળ ધપાવવા અને પ્રબુદ્ધ જીવનની ઉચ્ચ કક્ષાને સાચવવા માટે..

ડૉ. સર્વેશ વોરા - ફોનઃ ૯૯૬૭૩૯૮૩૧૬

Congratulations for one more exclusive excellent special issues, one after the other months including this Special Issues.

Sometime, in the obituary of the past editor we read that it will be long time that the vacuum created will be difficult or long time to come. But Dr Sejalben has proved that she is no less than her predecessors. It is moved from religious to spiritual thought provoking - be it Jainism or Gujarati language.

I am happy to suggest you to read this special issue. You will notice this by just reading the contents page (too many to listl), besides these being informative, these are very well researched understandable in an interestingly simple language written by authors from India and abroad. Few articles include connections with science and even Quantum Physic,

Congratulations to Dr Kumarpalbhai Desai, for one more award of Aachaya Tulsi Award (read page 77);

CONGRATULATIONS to Dr Mehubhail Sanghrajka for being prestigious award of MBE, by Queen of United Kingdom for his contribution in Jainism Education including Jainpedia.(read page 102)

Your attention is drawn about Catalogue (Bibliography) of Jan publications (read page 132);

You will enjoy reading quotes in boxes, specially on pages 28, 30, 32,62, 68, 94, 98, 109, 116,

Note on page 119 about Indian PM Narendra Modiji drawing global attention of India contribution to the world of YOGA at the 26th AGM of United Nations makes us proud Indian. Modiji has very high regard for Jains.& Jainism He got Indian Stamp and Coins commemoration 150th Birth Anniversary of Yugpururshs Shrimad Rajchandraji last year.

Articles by Columnists on other topics are equally good (read pages 110, 112, 114, 116, 120, 122, 125, (Bhavpratibhav) 127 (book review), 129 (Q & A- good section), 132 (interesting_

One good thing of this magazine is it provide contact info of authors making convenient of direct touch.

Thanking you for sparing your time for reading.

પ્રકાશ મોદી, અમેરિકા

આપની સંપાદન કલા સાચેજ સોળે કળાએ ખીલી રહી છે. આપના તમામ સંપાદકીય તત્ત્વ અને સત્વશીલતાથી સભર છે. હું સૌ પ્રથમ આપના બધા લેખો વાંચી આત્મસાત કરું છું. આપ એક સંવેદનશીલ સંપાદક છો. માનવ જીવનને પરમ શાંતિ અર્પે. તેવા લેખો પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થાય છે. આપનું તપ, સાધના, મમતા અને જ્ઞાનની ઊંડાઈઓ આપતા પ્રબુદ્ધ જીવનમાં ખીલે છે, ખુલે છે. મહેંકે છે તેની સૌરભ તમામ વાચકોમાં પ્રસરે છે. આવા ઉત્તમ સંપાદન માટે મારા હૃદયનાં અભિનંદન સ્વીકારશોજી. સંપાદન કરવું એ સહેલું નથી. તે માટે અંતરનો તલસાટ અને જાગૃતિ જરૂર છે. રાત-દિવસ સંપાદકે જાગરૂક રહીને તેનો ઘાટ ઘડવો પડે છે. આપના પ્રબુદ્ધ જીવનમાં બધાજ લેખો મનનીય, અભ્યાસી તેમજ ઊંડી ગહરાઈવાળા છે. ભૌતિક જગતમાં મનુષ્ય માટે સાચી અંતરની શાંતિ માટે પ્રબુદ્ધ જીવનનું વાચન-મનન અતિ અનિવાર્ય છે. ''પ્રબુદ્ધ જીવન'' ગગન ચૂંબી ઊંચાઈઓ સર કરે તેવી પ્રભુને પ્રાર્થના. કુશળ હશો.

**બી.એમ. પટેલના વંદન**

અમદાવાદ, ટેલિ. (૦૭૯) ૨૫૩૨૭૧૪૨

❁❁❁

પ્રબુદ્ધ જીવનમાં જાન્યુઆરી ૨૦૧૮ ના અંકમાં તમારો એક લેખ 'ગાંધી વાંચન યાત્રા'ના મથાળા નીચે 'પૂ. ગાંધીજીના અંતિમ દિવસો હત્યા, તપાસ અને કેસની તવારીખ' નીચે જે લેખ લખાયો છે. તે મારી દૃષ્ટિએ લખવાની કોઈ જરૂર હતી નહીં, કારણ કે આટલા નાનકડા લેખમાં શ્રી નાથુરામ ગોડસે નામની વ્યક્તિએ ગાંધીજીને પ્રાર્થના સભા શરૂ થાય તે પહેલાં જ મારી નાંખ્યા એ વાત પછી જે હત્યારાઓ પકડાયા હતા તેના ઉપર એક ખાસ જજ પંજાબ હાઈકોર્ટના તે વખતના ચીફ જસ્ટીસ ખોસલાની નિમણુંક કરીને એ કેસ ચલાવાયેલો અને શ્રી ખોસલાએ તે કેસનો ચૂકાદો આપ્યો ત્યારે જસ્ટીસ ખોસલાના મનમાં પણ બહુજ ઊંડો આઘાત અને અફસોસ એ ખૂનને કારણે થયેલો.

આગળ જતાં જસ્ટીસ ખોસલા રિટાયર્ડ થયેલાં અને એ દિવસે એમના મિત્રોએ એમને પુછ્યું કે, 'જસ્ટીસ ખોસલા તમારા જીવનમાં અત્યંત મહત્વનો કોઈ કેસનો ચૂકાદો તમે આપ્યો હોય તો તે અંગે લખો અને અમને જણાવો. એ વાતચીતના અંતે જસ્ટીસ ખોસલાએ 'મર્ડર ઓપ મહાત્મા' નામ નીચે જે ચોપડી લખી તે ચોપડીનું તે વખતે અત્યંત મહત્વ થયું હતું.' અને ભારતમાં ઘણી ભાષાંઓમાં તે ચોપડીનું રૂપાંતર થયું. ગુજરાતીમાં પણ એ ભાષાંતર ત્યારે થયેલું.

જસ્ટીસ ખોસલાની આ અત્યંત મહત્વની ઐતિહાસિક વાત પુસ્તકરૂપે ગાંધી શતાબ્દીના દિવસોમાં પ્રગટ થયેલી અને મે મંજુરી મેળવીને એનું ગુજરાતી ભાષાંતર કર્યા પછી તે પ્રગટ કરેલી તેની હજારેક નકલો છપાયેલી. અને તે છતાંય કેટલાંક વર્તમાન પત્રોના તંત્રીઓને તે જાણવું હતું એટલે તે મે ફરીથી પ્રગટ કરેલી. એ ચોપડીમાં જસ્ટીસ ખોસલાએ આ બાબતનું અત્યંત ઐતિહાસિક મહત્વ સમજીને તેના ઊંડાણમાં ઉતરીને જે ચૂકાદો આપેલો તે જગતના ઐતિહાસિક ચુકાદાઓમાંના એક હતો. મે એની એક હજાર નકલો છાપેલી અને તમામે તમામ લોકોએ મારી પાસે માંગેલી, પરંતુ ત્યાં સુધી એ ચૂકાદો આપણે વાંચીએ નહીં ત્યાં સુધી પરમપૂજ્ય ગાંધીજીની હત્યાની પાછળ કેટલું મોટું કાવતરું હતું તે જાણી શકીએ નહીં. અફસોસ તો એ વાતનો છે કે, ભારતની તે વખતની સરકારે પોતાના રાજકીય વિચારોને કારણે ઉપર જણાવેલાં પુસ્તકની અન્ય આવૃત્તિઓ ન થાય એવું વાતાવરણ સર્જેલું.

આપણે સૌ જાણીએ છીએ કે, મહાત્મા ગાંધી એકલા ભારતમાં નહીં પરંતુ સમસ્ત દુનિયામાં જાણીતા હતા, અને તેમને મારી નાંખવા થયેલા આ કાવતરાની જે ચોપડી ભારતમાં થયેલી એ ચોપડીમાંથી દુનિયામાં અન્ય યુરોપિયન ભાષાંઓમાં પણ તેનું ભાષાંતર પ્રગટ થયેલું અને સમગ્ર દુનિયા એ વાત જાણે એ રીતે એ પ્રગટ થયેલી.

આજે વર્ષો પછી દુનિયાની મહાન વિભૂતિઓમાં ગાંધીજીનું નામ હોવાને કારણે અને ગાંધીજીના જીવનમાં કરોડો લોકોને રસ હોવાને કારણે આ જાતનું ગાંધીજીને મારી નાંખવાનું કાવતરૂ એ પ્રગટ થયું તે મારી દૃષ્ટિએ દરેક વાંચવા જેવો છે. કોઈ દાનેશ્વરી જો નીકળે તો જસ્ટીસ ખોસલાએ આપેલાં ચૂકાદાને મૂળ સ્વરૂપમાં પ્રગટ કરવા માટે હું તૈયાર છું. એ રીતે મારી અત્યંત નમ્ર શ્રદ્ધાંજલિ પરમપૂજ્ય ગાંધીજીને આપવા માંગુ છું.

'પ્રબુદ્ધજીવન'નો વિશેષાંક ફેબ્રુઆરી-૨૦૧૮ એ માટે તમે મારા અભિનંદન સ્વીકારશો અને મારો વિશેષ આનંદ તો આ પ્રકાશન સાથે મારા સ્વ.-સસરા પરમાનંદ કુંવરજી કાપડીયા સંકળાયેલા હતા. એ દિવસો યાદ આવે છે. 'પ્રબુદ્ધ જીવન' એ વાંચનારને પ્રબુદ્ધ કરે એવું પ્રકાશન છે, તે માટે તમને અભિનંદન.

આજ અંકમાં પાના ૧૧૮ ઉપર 'ગાંધી વાંચન યાત્રા' એમાં સોનલબેન પરીખનો લેખ છે. 'ગાંધી જીવનના છેલ્લાં પંદર મહિનાની કરૂણ કહાણી' તે લેખ વાંચીને એક ગાંધીજન તરીકે આંખમાં આંસુ આવે છે, પણ પછી જગતના મહાન પુરૂષોના અંતિમ દિવસો યાદ કરું છું ત્યારે મોટાભાગના જીવનના અંત ભાગમાં કરૂણ પ્રસંગો જ બનેલાં છે. તમે શ્રી પ્યારેલાલજીએ લખેલી એ ચોપડીની ઓળખાણ આ લેખમાં કરી છે, તે માટે તમને અભિનંદન. હું જાણું છું કે, ગાંધીજી ઉપર સેંકડો પુસ્તકો લખાયા છે. અને હજી લખાશે, અને ગાંધીજીના જીવન અંગે સમગ્ર દુનિયા વધુમાં વધુ જાણે અને તેમના ખાસ ગુણો અહિંસા અને સત્ય એમાંથી કંઈક લે તો આપણા મનને સમાધાન થાય.

**સૂર્યકાન્ત પરીખ - સ્વાતંત્ર્ય સેનાની**

**નાસા ફાઉન્ડેશન અમદાવાદ**

ડૉ નરેશભાઈ વેદનો લેખ 'વસુધાન કોશ વિદ્યા' વિચાર્યો, ખૂબ ગમ્યો સૌને અભિનંદન. માણસનું મસ્તક-ખોપરી, ઊંધા ઘડા જેવું છે, ગળું તેનો કાંઠલો, તેમાં શક્તિ ઉપર જાય અને સ્ફૂર્તિ નીચે ઊતરે! કમાલ છે આ ટકોરાબંધ માટલાની. આંખ, નાક, કાન અને જીભનો તેમાં સમાવેશ જાણે ચામડીથી મઢેલો ચાડિઓ, ખેતરોમાં ઉભીને પાક્નું રક્ષણ કરતો ના હોય! સૂર્યનાં તડકાથી પાકેલું અનાજ, તે પણ પકૂવાનિ જ ગણાવ, આપણી જીભ-જીવ, તેને મિષ્ઠાન્ન બનાવે, છતાં પાકિસ્તાન આડું અવળું કાઢયા કરે એ કેવું? મને તો બધી સ્ત્રીઓ 'પાકીઝા' જ જણાય છે. તેનું મુસ્લીમ હોવું જરૂરી નથી હોતું! પવિત્ર કુટુંબમાં જન્મેલી કોઈપણ સ્ત્રી તે, 'પાકીઝા' જેને કમલ અમરોહિ સાહેબે પડદા પર જીવંત વિતરેલી મીનાકુમારી આજીવન દુઃખી જ રહી. પાકીસ્તાનનો અર્થજ પવિત્ર લોકોને રહેવાનું સ્થળ થાય. 'કુરાન' કે 'બાયબલ', ગ્રંથ સાહેબ કે જૈન આગમોનાં સંખ્યા બંધ પુસ્તકોમાં 'માણસ' ને સમાવવાની જરૂર ઉભી થઈ રહી છે. કે જે તેમાંથી બહાર નીકળી ગયો છે. આપણું પ્રબુદ્ધ જીવન જૈનેતરો પણ વાંચે છે. પુરાતત્ત્વ અને ઈતિહાસના વિધાનો પણ વાંચીને વખાણે છે. કારણ કે તેમાં માનવ હૈવું પળકતું હોય છે, તેનો પૂરાવો છેલ્લે પાને યોગેશ જોષીનાં લખાણે પુરો પાડયો. મને લાગે છે કે આપણે વધુ ને વધુ વિશાળ અને વ્યાપક બનતા જવાની જરૂર ઉભી થઈ રહી છે. જો નહીં થઈએ તો વિજ્ઞાન આપણને ફરજ પાડશે! સ્થળ-કાળ સાથે આજે તો રૂપિયો પણ પોતાનું રૂપ ગુમાવી રહ્યાં છે. ત્યારે....

**હરજીવન થાનકી**, સીતારામ નગર, પોરબંદર

❀❀❀

પહેલા તો ધન્યવાદ પાઠવું છું પ્રબુદ્ધ જીવનનો યોગ ઉપર વિશેષાંકમાં જે માહિતી પીરસી છે તે બદલ મારા અભિનંદન ખુબજ સરસ માહિતી ભેગી કરીને આપી છે, માણસ જો યોગનો આશરો લેતો જ તેને સાચી શાંતિ ને સુખ પ્રાપ્ત થાય છે. તે સો ટકા સાચી હકીકત છે, હું વરસોથી બે કલાક નિયમિત ધ્યાનમાં બેસું છું, જેથી મારામાં જે કઈ દુર્ગુણો અને દોષો હતા તે હું જાણું છું અને ઢગલા બંધ હતા આ બધાજ દોષો ગાયબ થઈ ગયા છે, હું કાઈ સારો માણસ હતો નહી, તેનો સહર્ષ આપની સમક્ષ સ્વીકાર કરું છું, પણ યોગ અને તેમાય ધ્યાનનો આશરો લેવાતા આજે તમામ દોષોમાંથી મુક્ત થઇ ગયો છું, એમ કહું તો કઈ ખોટું નથી, હું અનેક દોષોથી ભરેલો હતો, તે હું સારી રીતે સ્વીકાર કરું છું, પણ ધ્યાન યોગને કારણે જે કઈ ખરાબ વિચારો હતા, તે મનમાંથી નીકળી ગયા છે, એમ કહું તો કઈ ખોટું નથી, હું બહુજ સ્પષ્ટ છું કે જો માણસ પોતે જાતે પરિવર્તિત થવાનું નક્કી કરે તોજ તે પરિવર્તિત થઈ શકે છે બાકી ધાર્મિક સ્થળે આટા મારવાથી કે કથાઓ સાંભળવાથી કે સત્સંગોમાં જવાથી કોઈ પણ સુધરી શકેજ નહી તેતો રસ્તો જ ખોટો છે, એમ સ્પષ્ટ માનું છું આ મારી જાત ઉપરથી મેં નક્કી કરેલ છે આમે બાહ્યાચારોથી કોઈ માણસ ક્યારે પણ સુધરી શકેજ આ મારો જાત અનુભવ છે એટલે ધ્યાન એજ આંતરિક શુદ્ધિ માટે અસરકારક છે એવો મારો જાત અનુભવ છે હું સાદુ નથી કે બાવો નથી સંસારી છું પણ મનથી શુદ્ધ થયો છું એમ લાગે છે એટલે ધ્યાનેજ ઉત્તમ માર્ગ છે તે સોટકા સત્ય છે, બાકી બધું જુઠા છે એમ માનું છું.

**તત્ત્વચિંતક પટેલ, અમેરિકા**

❀❀❀

પ્રબુદ્ધ જીવનમાં એક એક લેખ વિચારણા માંગી લે તેવા હોય છે. વળી લેખો વિવિધતા સભર હોય છે.

પ્રવાસના અનુભવો હોય કે 'મા' વિશે હોય, તમારી બેગ તૈયાર રાખી છે ખરો? મહાત્મા ગાંધીના અંતિમ દિવસો, ભાષા અંગે હોય, તંત્રી સ્થાનેથી સુંદર લંબાણ પૂર્વકનો લેખ, રાજચંદ્ર વિષયક સાહિત્ય હોય આમ દરેક વખતે સમૃદ્ધ અંક બહાર પડે છે.

આ સામાયિક ૧૯૨૯થી આજ સુધી ચાલે છે તે નાની સૂની વાત નથી. સામાયિકના અત્યાર સુધીના તંત્રીઓ બુધ્ધિ પ્રતિભા સંપન્ન, ઘણા ઊંચા વિચાર ભૂમિકા, વિવેક પૂર્વક લેખોની પસંદગી, ધર્મ સમાજ, અધ્યાત્મ, ભાષા પ્રવાસ, જીવન ચરિત્ર, વિવિધ વિષયોને અંકમાં આવરી લેવામાં આવે છે. નવી લેખ માળા 'જો હોય મારો અંતિમ પત્ર તો' બહુ સરસ રીતે લેખકો આ અંગે લખે છે. 'આચમન' પણ ટૂંકુ છતા વિચારપ્રેરક હોય છે. અંગ્રેજી લેખોનો પણ સમાવેશ કરવામાં આવે છે.

ડૉ. સેજલબેન શાહ તમોને ખુબખુબ ધન્યવાદ.

શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)ના બે-ત્રણ પ્રસંગો - ધનવંતભાઈના કહેવાથી લખી મોકલેલ, જે પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશિત થયા હતા.

જો આપ આવા પ્રસંગો સ્વીકારશો, તો લખી મોકતાલીશ. કારણ કે દર્શકનો હું આઠ વર્ષ સેક્રેટરી રહ્યો હતો.

**મનુભાઈ શાહ**
ભાવનગર, ગુજરાત
મો. ૯૪૨૯૫૦૫૭૫૬

❀❀❀

માનનીય જે. કે. વોરાનો લેખ ચિંતનાત્મક હતો તે 'અખંડ આનંદ' જાન્યુઆરી ૨૦૧૮માં પ્રકાશિત થયેલો, જાણ્યું, વાચ્યું. અનહદ આનંદ થયો. જાણે કે ગર્ભિત રીતે માનવને જ કેન્દ્રમાં રાખી ને જ હોય. ચિંતન, મનન, સતત મળતુ રહે છે જ. જે ગુજરાતી ભાષાનું મુલ્યવાન અલંકાર કહેવાય.

- બેગ તૈયાર રાખી છે? શીર્ષક હતું. પત્રાચાર, વિનિમય સાહિત્યનું ટોનિક હું માનું છું.

**દામોદર નાગર,**
ઉમરેઠ, મો.નં. ૯૭૨૩૪૪૯૦૯૨

ખુબજ સુંદર વિષય ઉપર અંકની પ્રસ્તુતિ છે તેથી સંપૂર્ણ અંક ઉપર ટૂંકામાં મારી વિચારદષ્ટિ દર્શાવવાની ભાવના થઈ, તે આપને જણાવું છું. ડો. સેજલબેન શાહ અને ડૉ. રશ્મિબેન ભેદાને મારા અભિનંદન. આપણા સર્વના જીવનમાં સૌથી મોટો યોગ, મનુષ્યદેહની પ્રાપ્તી છે. પાંચ ઈન્દ્રિયો, મન અને બુધ્ધિનો આત્માની સાથેનો યોગ છે. કર્મનાં નિયમ પ્રમાણે આધ્યાત્મિક વિચારોની પ્રાપ્તી તે જીવનને ઊંડાણપૂર્વક સમજવા માટે અત્યંત સુંદર યોગ છે.

ભારતદેશમાં મુખ્યત્વે ષટદર્શનની વિચારધારા ઉપર વિદ્વાન સંતોએ મંતવ્યો રજુ કર્યા છે. તે ષટદર્શન વેદાંત, સંખ્ય, યોગ, જૈન બૌદ્ધ અને ચાર્વાક છે. વેદાંત અને સાંખ્યની વિચારધારા લગભગ એક છે મુખ્યત્વે સર્વ જીવ પરમાત્માનાં અંશ છે. જે યોગ પ્રાપ્ત થયો છે, એનો સદ્ઉપયોગ કરવો. યોગ અને નૈયાયિકની વિચારધારા લગભગ એક છે. મુખ્યત્વે પરમાત્મા છે અને યોગાસન અને આધ્યાત્મિક વિચાર પરમાત્માનાં દર્શન કરાવે છે. જૈન ધર્મ ત્યાગ અને વૈરાગની વિચારધારા છે. જેમાં સ્યાદવાદની દ્રષ્ટીએ સદ્ગુરૂ એટલે દેવ, ગુરૂ, શાસ્ત્રમાં શ્રધ્ધા રાખી પરમાત્માપદની પ્રાપ્તી છે. બૌદ્ધ ધર્મ આત્મા વસ્તુસ્વરૂપ નથી પણ ધ્યાન યોગથી સર્વ દુઃખ ક્ષય કરવાની પ્રક્રિયા છે. ચાર્વાક આત્માદિ પદાર્થને સ્વીકારતું નથી.

આ અંકમાં જૈન ધર્મની યોગ માટેની વિચારધારા મુખ્યત્વે આચાર્ય ઉમાસ્વાતીએ તત્વાર્થ સુત્રશાસ્ત્ર, શ્રી કુંદકુંદચાર્યએ સમયસાર, નિયમસાર, અષ્ટપાહુડ દ્વારા તથા શ્રી હરિભદ્રસૂરીજીએ યોગબિંદુ, યોગશતક, યો ગવિંશિકા અને યોગદ્રષ્ટિ સમ્મુચયદ્વારાની પ્રસ્તુતી છે. શ્રી આનંદઘનજી મહારાજ અને ઉપાધ્યાય યશોવિજયજીએ સ્તવનો દ્વારા યોગનું રહસ્ય સમજાવ્યું છે. આચાર્ય શ્રી બુધ્ધિસાગરસૂરિશ્વરજીએ જૈન યોગ, આચાર્ય મહાપ્રજ્ઞએ પ્રેક્ષાધ્યાન, ડૉ રમણભાઈ શાહએ કાયોત્સર્ગ અને આચાર્ય કલાપ્રભસૂરિજીએ યોગમાર્ગનું અધ્યાત્મિક રહસ્ય ઉપર સુંદર સમજણ આપી છે.

વેદાંતમાં અને ભગવતગીતામાં યોગ વિચાર અને સાધના, પતંજલિમાં અષ્ટાંગ યોગ શાસ્ત્ર, ગાયત્રીમંત્ર દ્વારા યોગસાધના, પ્રજાપતિ બ્રહ્માકુમારીમાં રાજયોગ તથા શ્રી રમણમહર્ષિ, સ્વામી શિવાનંદજી, શ્રી રવિશંકરજી, શ્રી અરવિંદ અને મુનિ મૃગેન્દ્રવિજયજીમાં હિન્દુ યોગ વિચારધારાને આવરી લે છે. અનુભવપુર્વકની અંતરઆત્માની સમજણ આપે છે.

બૌદ્ધ ધર્મની યોગસાધના તે વિપશ્યના ધ્યાનની સમજણ આવે છે.

ઈસ્લામમાં પાંચ વખતની નમાઝનો યોગ તે શારીરીક આસન પણ છે અને ખુદા (પરમાત્માની) બંદગી, ભક્તિ તે સમય પરાભક્તિ માટે ઉત્તમ છે.

યોગ તે જીવનયાત્રાનો રાજમાર્ગ છે. યોગ વિનય, વિવેકથી આધ્યાત્મિક વિચારોની ઉન્નતી કરી, જીવનમાં શાંતિ અને સંતોષ લાવે છે.

**સુરેશ શાહ**, મુંબઈ

●●●

સનાતન દર્શન/જૈન દર્શન હાલમાંજ શ્રી ચંદ્રહાસ ત્રિવેદીનો એક લેખ વાંચ્યો. જેમાં ઉદ્દાલક ઋષિ પોતાના પુત્ર શ્વેતકેતુને બ્રહ્મજ્ઞાન આપે છે, એ વિષયવસ્તુ છે.

આ ઉપદેશ સનાતન દર્શનનું વિવરણ છે. એના ૩ મુખ્ય સ્તંભો ને જૈન આગમો અને વર્તમાન વિજ્ઞાનના સંદર્ભમાં જોતાં, મને જે દેખાયું તે આમ છે.

ઋષી ઉદ્દાલક કહે છે કે શૂન્ય વિસ્તરે ત્યારે બ્રહ્મ (જગત-સૃષ્ટિ) બને અને બ્રહ્મ સંકોચાય ત્યારે શૂન્ય બને.

આનંદો! આ તો જાણે સૃષ્ટિના ઉદ્ભવ અંગેની Big Bang Theory ની સંકલ્પના જ છે.

જ્યારે જૈન આગમો પ્રમાણે સૃષ્ટિના આદિ અને અંત નથી.

ઋષી આગળ કહે છે; જે દેખાય છે અને જે નથી દેખાતું એ સઘળું બ્રહ્મની અંતર્ગત છે.

આ પણ Big Bang Theory અને જિવિત જગતની ઉત્ક્રાંતિના સિદ્ધાંત ને નજદીક છે. સઘળું અસ્તિત્વગત્ છે. સઘળું એકજ સ્રોતમાંથી આવેલું છે.

જ્યારે જૈન દર્શન આત્માને સ્વાયત સાર્વભૌમ અહમ તરીકે ગણે છે.

ઉદ્દાલક ઋષીના ઉપદેશનો ૩ જો સ્થંભ સઘળું બ્રહ્મની અંતર્ગત છે અને બ્રહ્મથી ભિન્ન કોઈ કર્તા કે ભોક્તા નથી.

જ્યારે જૈન દર્શન પ્રમાણે આત્મા પોતાના કર્મનો કર્તા અને ભોક્તા છે.

આ કર્મ-ધાર્મિક ચક્રનો કોયડો ગહનજ રહે છે. કર્મના સિદ્ધાંતની તરફેણ કે વિરુદ્ધમાં સચોટ જ્ઞાન મળે તો, જે પ્રશ્નો બચે તે માત્ર details નાજ છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં એમ લાગે છે કે, પ્રાચીનકાળમાં સનાતન /જૈન ઈ.ઈ. જુદા દર્શન નહિ હોય. પરંતુ કાળક્રમે મૂળ તત્વજ્ઞાનમાં મતભેદ થયા અને જુદા-જુદા દર્શન અસ્તિત્વમાં આવ્યા.

હવે મારી વ્યક્તિગત સમજણ.

હું Big Bang અને ઉત્ક્રાંતિની તારવણી માનવા લલચાઉં છું. પરંતુ ચેતના/ચૈતન્યને પદાર્થજગત અને Biological જગતથી નિરાળું અને ઉપરવટનું સમજુ છું.

બીજું સમગ્ર અસ્તિત્વને આધીન રહીને આત્મા સ્વતંત્ર છે અને નિજી કર્મનો કર્તા અને ભક્તિ પણ છે. વધુમાં અકર્તાભાવના કર્મનો સિદ્ધાંત સ્વીકારું છું.

વધુ પ્રકાશ માટે જ્ઞાનીઓ અને દાર્શનીકોને અર્પણ.

**કીર્તિચંદ શાહ**, મલાડ

'પ્રબુદ્ધ જીવન'નો 'જૈન ધર્મ અને અન્ય પરંપરાઓમાં યોગ' વિશેષાંક મળ્યો.

આનંદ થયો.

'પ્રબુદ્ધ જીવન'ના સામાન્ય અંકો તથા વિશેષ અંકો વાચનક્ષમ સામગ્રીથી ભરપૂર હોય છે.

પ્રૂફ રીડિંગ વધૂ ચીવટથી થાય તો વાંચવાનો વધુ આનંદ આવે.

ખરેખર, પ્રબુદ્ધ જીવનના એક એક અંકને આસ્વાદવાનો આનંદ અનેરો હોય છે. સુચારુ સંપાદન બદલ ધન્યવાદ.

**આચાર્ય યશોવિજયસૂરિ**

## બેજ દિનનાં છે ઘર જર સઘળાં

આપણે સૌ જાણીએ છીએ કે આપણા શરીરનાં અંગો ઘણું કરીને બે જ છે. જેમ કે બે આંખો, બે કાન, બે નાક, બે પગ, બે હાથ, બે હૃદય, બે કીડની, બે મગજ, બે સ્તન (પયોધર) અને બે મન વિગેરે.

વળી ઘડીયાળના લોલકનો બે વખત 'ટક ટક' થતો અવાજ એવો સંદેશ લઈને આવે છે કે આપણા બધાનો સમય સતત વહી રહતો છે. અને આપણા બધાનું આયુષ્ય પ્રત્યેક ક્ષણે 'ટક ટક'વ્ ઊંધો કરીને વાંચીએ તો 'કટ કટ' થઈ રહ્યું છે.

મારા મતે આ જિંદગી પણ ફક્ત ને ફક્ત બે જ દિવસની છે. તમે કહેશો કે કંઈ રીતે? તો સાંભળો હું તમોને જણાવું :

*બેજ દિનનાં છે ઘર જર સઘળાં,*
*બેજ દિન અહિં રહેવાનું છે,*
*બેજ દિનનાં છે આ સગા-સંબંધી,*
*બેજ દિન સુખ ભોગવવાનું છે*
*બેજ દિનનો છે આ પંખી મેળો,*
*અંતે સૌને ઉડી જવાનું છે.*

**રમેશચંદ્ર અમૃતલાલ ભાલજા**
મો. ૯૭૨૩૫૪૩૫૧૫

મૃત્યુ આવતાં પૂર્વે જ પરમાત્માનું
શરણ સ્વીકારી લો
જીવનમાં જે કંઈ ખોટું થયું હોય, ભૂલ થઈ હોય,
જાણ્યે અજાણ્યે, એનો ખરા અંતઃકરણથી પશ્ચાતાપ કરી લો.

**- મહાવીર સ્વામી**

**જાદવજી કાનજી વોરા**
**'પ્રતિભાવ ૨' પુસ્તકમાંથી**

*(અનુસંધાન પાનાં નં.૧૯ થી)*

વાછરડુ આટલુ સરસ રીતે ચાલે છે, તેની માતાનું દૂધ પીવે છે. મેં આ વાછરડુ જોયુ ત્યારે તેના દરેક અંગઉપાંગો વિકસિત થયેલા હતા. તેના પગ, તેનું માથુ, તેનું આખુ શરીર જાણે તે આઠ-દસ મહિના પહેલા જન્મ્યું હોય તેવો વિકાસ થયેલો અને આ વાછરડાની ઉંમર કેટલી થઈ તેની તપાસ કરી તો જાણ્યુ કે તેનો જન્મ આગલે દિવસે જ થયેલો એટલે તે શરીરનો આટલો મોટો વિકાસ ગાયના ગર્ભમાં થયો હોય તો તે ઈશ્વરની અદ્‌ભુત લીલા કહેવાય. આ વાછરડાનો વિકાસ ગાયના ગર્ભાશયમાં થયો હશે અને તેના બધા અંગઉપાંગો સાથે તેનો પ્રસવ થયો હશે. એ ધ્યાનમાં આવતા ઈશ્વરની આવી અદ્‌ભુત લીલા પાસે આપણું મસ્તક નમી જાય. આવી અનેક પ્રભુની લીલાનું વર્ણન આપણે કરી શકીએ તેમ નથી. માટે આપણે આ લખાણ ઈશ્વરની લીલાનું સચોટ વર્ણન કરતા ગીતથી સમાપન કરીએ.

*'ઉપર ગગન વિશાળ નીચે ગેહરા પાતાલ બીચમેં ધરતી*
*વાહ મેરે માલિક ક્યા તેરી લીલા તુને કીયા કમાલ!*
*એક ફૂંક સે રચ દિયા તુને સૂરજ અગન કા ગોલા*
*એક ફૂંક સે રચા ચંદ્રમા લાખો સિતારો કા ટોલા*
*તુને રચ દિયા પવનખટોલા યે પાની ઔર યે શોલા*
*યે બાદલ કા ઉડનખટોલા જિસે દેખ હમારા મન ડોલા*
*સોચ સોચ હમ કરે અચંબા નજર ન આતા એક ભી થંભા*
*ફીર ભી યે આકાશ ખડા હૈ હુયે કરોડો સાલ*
*માલિક તુને કીયા કમાલ!*
*તુને રચા એક અદભુત પ્રાણી જીસકા નામ ઈન્સાન*
*ઈતની નન્હી જાન કે ભીતર ભરા હુવા તુફાન*
*બડા જગત કા હૈ યે ખિલોના જિસકી નહીં મિસાલ*
*માલિક તુને કીયા કમાલ'!*

આ બધુ જ ઈશ્વરની લીલાનું પરિણામ છે એટલે આપણે કહેવુ પડે કે,

**"તારી લીલા અપરંપાર તેનો કોઈ નવ પામે પાર"**

❑❑❑

મોબાઈલ : ૯૩૨૧૪૨૧૧૯૨

આભને તું સાવ નીચું લાવ મા,
પાંખને તું આટલી ફેલાવ મા.
પાર મારાથી ગયો છું નીકળી,
સાદ દઈને તું મને બોલાવ મા.

**- અહમદ મકરાણી**

# સર્જન-સ્વાગત

## ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **શૂન્યાવકાશમાં પડઘા**
લેખક : જયંતિ એમ. દલાલ
પ્રકાશક : ગુજરાત પુસ્તકાલય સહકારી મંડલ લિ. સંસ્થા વસાહત, રાવપુરા,વડોદરા-૧.
ફોન. ૦૨૬૫-૨૪૨૨૯૧૬
મૂલ્ય : રૂા.૨૫૦/- પાના : ૩૪૪
આવૃત્તિ : બીજી ૨૦૧૬




'શૂન્યાવકાશમાં પડઘા' એટલે આતંકવાદ અને વૈજ્ઞાનિક સંશોધનોને કેન્દ્રમાં રાખીને જયંતિ. એમ દલાલની કસાયેલી કલમે લખાયેલી અદ્યતન નવલકથા. નોંધપાત્ર નવલકથાઓ અને વાર્તાસંગ્રહો દ્વારા ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નામના મેળવનાર જયંતિ. એમ. દલાલનું આ સર્જન વૈજ્ઞાનિક નવલકથાઓનું એક સીમાચિહ્ન છે.

વૈજ્ઞાનિક સંશોધન, ન્યુક્લિયર વિશ્વયુદ્ધ, કોમવાદ, આતંકવાદ, હિન્દુ-મુસ્લિમ એખલાસ, અને વિશ્વશાંતિ જેવા વૈવિધ્યસભર વિષયોજ ફલક પર નવલકથાકારો એક અજોડ કથા ગૂંથી છે.

'શૂન્યાવકાશમાં પડઘા' નવલકથામાં એક બાજુ આતંકવાદ અને ત્રીજા વિશ્વયુદ્ધના પડઘા સંભળાય છે તો બીજી બાજુ વિશ્વશાંતિ અને આંતરધર્મીય એકલાસની પ્રતિબદ્ધત્તા જોઈ શકાય છે. એમાં ધર્મ મનોવિજ્ઞાન, અને પર્યાવરણ - પ્રદૂષણની વાસ્તવિક ભૂમિ પર સનાતન અને ઈકબાલના મુખ્ય પાત્રોની આસપાસ દેશવિદેશના લોકોનું નિરૂપણ કરવામાં નવલકથાકાર સાહિત્યિક નિપુણતાથી વાચકને ક્ષિતિજવિનાની દુનિયાની અનુભૂતિ કરાવે છે.

'શૂન્યાવકાશમાં પડઘા' સુજ્ઞ વાચકને એક વિશિષ્ટ નવલકથા વાંચ્યાનો અનુભવ પૂરો પાડશે. એવી અપેક્ષા રહે છે. કોઈ કલ્પનાશીલ દિગ્દર્શકના હાથે આ નવલકથા કલાત્મક માવજત પામે તો તે તાજગીપૂર્ણ ફિલ્મ અથવા ટી.વી. શ્રેણીની ક્ષમતા આ નવલકથામાં નિહાળી શકાશે એવી આશા છે.

♦♦♦

પુસ્તકનું નામ : **પ્રતિભાવ**
લેખક-સંપાદક : જાદવજી કાનજી વોરા
પ્રકાશક : શ્રીમતી જ્યોતિબેન જાદવજી વોરા પરિવાર
મૂલ્ય : સ્વજન-સ્નેહ પાના : ૨૦૮
આવૃત્તિ : ૨૦૧૭





પ્રતિભાવ (ભાગ-૧-૨) પુસ્તક સાહિત્યના કોઈ ચોક્કસ સ્વરૂપના ચોકઠામાં ગોઠવાઈ જાય તેવું નથી. એમાં પત્ર છે, પ્રસંગો છે, પ્રવાસવર્ણન છે, પુસ્તક-પરિચય છે, જીવનચરિત્રની ઝલક છે, કાવ્યો છે, શ્રદ્ધાંજલિ છે, અને એ બધાને ઓવરટેક કરે એવો પ્રેમ તો પાને પાને અને શબ્દે શબ્દે મહેકી રહ્યો છે. શ્રી જાદવજી વોરાને એમનાં જીવનસંગિની શ્રીમતિ જયાબહેન ઉપરાંત એમનાં પુત્ર-પુત્રવધુઓ, પૌત્ર-પૌત્રી વગેરેના સંસ્કારી પરિવારની હૂંફ મળતી રહી છે. શ્રી જાદવજી વોરા સાહિત્યકાર હોવાનો દાવો કર્યા વગર સાહિત્યની ઉત્કૃષ્ટ સેવા કરી રહ્યા છે. એ કોઈ સામાન્ય ઘટના નથી. પોતે કાંઈ સારું વાંચે કે વિચારે તો એને સ્વજનો-મિત્રો સુધી પહોંચાડવા તેમની નિષ્ઠા પત્રરૂપે વરી નીકળે છે. એમની પત્ર ગંગોત્રી અનેક સહૃદયી ભાવકો માટે સંજીવની બની રહી છે. સોશ્યલ મિડિયા અને સાયબર યુગ સામે પત્ર લેખનની ટ્રેડિશનલ ધબકતી રાખવાનું પુણ્યકાર્ય તેઓ કરી રહ્યા છે.

લેખક પોતે કહે છે.

"કાંઈક સારું વાંચ્યુ હોય, કાંઈક સારું જોયું હોય એવા અનુભવ થયો હોય એમાં પોતિકાઓને સહભાગી બનાવવાનું મન થાય એવા મારા પ્રગટ-અપ્રગટ વિચારો-લેખો ૧૦૦-૧૨૫ જેટલા મિત્રોને પત્ર દ્વારા મોકલવાની શરૂઆત કરી. અનપેક્ષિત બહોળો પ્રતિસાદ મળ્યો. મિત્રોએ પત્ર શ્રેણીને આવકારી અને પત્રોને પુસ્તકરૂપે પ્રાપ્ત કરવાનું વિચાર્યું."

♦♦♦

પુસ્તકનું નામ : **સપ્ત માતૃકા**
લેખક : ઈલા આરબ મહેતા
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ -૩૮૦૦૦૧.
ફોન નં : ૦૭૯-૨૨૧૪૪૬૬૩
મૂલ્ય : રૂા.૨૬૦/- પાના : ૧૪+૨૫૦
પહેલી આવૃત્તિ : ૨૦૧૭




આ પુસ્તક નવલકથા છે અને નથી પણ. માતૃત્વ હંમેશા પવિત્ર અને આદરપાત્ર હોય છે. માતાની પ્રત્યેક સંવેદના -લીલા ચમત્કાર જ હોય છે.

'સપ્ત-માતૃકા'માં મહાભારત કથાની સપ્ત માતાઓની સંવેદનાનું મેઘધનુષ છે કોઈ જન્મદાત્રી માતા છે તો કોઈ પાલક માતા છે. પણ સંતાનને ખાનદાની અને ખુમારીના પાઠ જણાવવામાં એકેય માત્ર ઊણી અધૂરી નથી.

સ્વરૂપ કરતાં સંવેદનાની અધિક મહત્વ આપીને લેખિકાએ કલાત્મક અભિવ્યક્તિ કરી છે. પ્રસંગો, પાત્રો અને સંવાદોમાં તત્કાલિક પરિવેશ જાળવી રાખવામાં લેખિકા સફળ રહ્યાં છે. એમાં એમની સર્જક નિષ્ઠા છે.

આ કારણે વાચકોને એમાં ક્યાંક ક્યાંક અંગત અનુભૂતિ કે સ્વયંની સંવેદનાનું સરનામું મળી જશે. આવી કથાઓ લખાતી નથી. લખાઈ જતી હોય છે. અને એજ સાચી સર્જન લીલા છે.

♦♦♦

પુસ્તકનું નામ : ઝવેરીવાડ
અમદાવાદની એક આગવી અસ્મિતા
લેખક : પ્રમોદ શાહ
પ્રકાશક : સમતા પ્રકાશન
૧૨, પાંડવનગર, મીરામ્બિકા માર્ગ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૭૦૦૧૨.
મો. ૯૮૨૪૧૧૫૮૪૫
મૂલ્ય : રૂા. ૩૦૦/- પાના : ૩૩૨




આવૃત્તિ : પહેલી ૨૦૧૬

છેલ્લા કેટલાંક વર્ષથી અમદાવાદ ''હેરીટેજ સીટી'' તરીકે ઊપસી રહ્યું છે અને તેને વિશ્વસ્તરે પ્રોજેક્ટ કરવાના પ્રયત્નો ઈતિહાસ-કારને, સ્થતિઓ, સાહિત્યકારો, વહીવટ-કર્તાઓ અને રાજકરણીઓ કરી રહ્યા છે.

આ સંદર્ભમાં શ્રી પ્રમોદ શાહ પ્રસિદ્ધ કરેલ ગ્રંથ 'ઝવેરીવાડ' - અમદાવાદની એક આગવી અસ્મિતા' અત્યંત માહિતીપ્રદ, રસાળા તેમજ ઉપયોગી ગ્રંથ છે. આ ગ્રંથ તો ખરેખર ઝવેરીવાડનો સાંસ્કૃતિક ઈતિહાસ છે જે અમદાવાદની અસ્મિતાના પ્રતીકરૂપ છે.

લેખક-વિચારક તરીકે શ્રી પ્રમોદ શાહ ગુજરાતી વાચકોના મન અને હૃદય હંમેશા ઢંઢોળતા રહ્યાં છે. આ પુસ્તક અમદાવાદની પોળો, શેરીઓ અને મહોલ્લાના સાંસ્કૃતિક ધાર્મિક અને સાહિત્યિક ઈતિહાસનું મહત્ત્વનું સોપાન છે.

આ ગ્રંથમાંથી અમદાવાદના નગર શેઠે મહાજનો, દુકાનો, રહેઠાણો, દેરાસરો, અપાસરાઓ અને મંદિરોની વાત વાચકોને જકડી રાખે છે તે પ્રકારની શૈલીના દર્શન આ ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત ગ્રંથમાં દર્શાવવામાં આવેલ વિરલ ફોટોગ્રાફ ગ્રંથ આકર્ષણમાં ઉમેરો કરે છે.

ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **પીસ અને હાર્મની**
લેખક : ડૉ. ઉત્પલા કે. મોદી
પ્રકાશક : અર્હમ સ્પિરિચ્યુલ સેન્ટર સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફીલોસોફીકલ અને લીટરરી રીસર્ચ સેન્ટર -મુંબઈ
ઈ-મેઈલ-gunvant.barvalia@gmail.com
ફોન : ૦૨૨-૪૨૧૫૩૫૪૫
મૂલ્ય : રૂા. ૧૫૦/- પાના : ૧૨૦
આવૃત્તિ : પહેલી, ઈ.સ. ૨૦૧૬
ભાષા : અંગ્રેજી

ડૉ. ઉત્પલા મોદીએ આ ગ્રંથમાં પોતાના ૩૮ વર્ષનો શૈક્ષણિક અનુભવનો નિચોડ આપ્યો છે. તેઓ ભવન્સ કોલેજમાં (સોમાની) ફીલોસોફી ડીપા.ના H.O.D. અને ત્યારબાદ વાઈસ-પ્રિન્સિપલ તરીકે સેવાનિવૃત્ત થયા. મુંબઈ યુનિ.ના જૈનોલોજી કોર્સમાં ફાઉન્ડર ફેકલ્ટી મેમ્બર ઉપરાંત સોમૈયા કોલેજ તથા K.V.O. સંસ્થાના જૈનોલોજીના કોર્સમાં પણ સેવા આપે છે. તેમનું એક ગુજરાતી પુસ્તક 'જૈન જ્ઞાન સરિતા' ૨૦૦૭ માં પ્રકાશિત થયું જે સર્વત્ર આદર પામ્યું. તેમને મળેલા ઘણા એવોર્ડમાં 'શ્રીમતી સાવિત્રીબાઈ ફુલે આદર્શ શિક્ષિકા' અને 'બેસ્ટ ટીચર' મુખ્ય છે. તેમનું વર્ષોવર્ષ 'જૈન સાહિત્ય સમારોહ' અને 'જૈન જ્ઞાનસત્ર'માં મહત્વનું યોગદાન રહે છે.

પ્રસ્તુત ગ્રંથમાં તેમના નવ શોધ-પ્રબંધોનો સમાવેશ છે જે તેમણે વિવિધ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં રજૂ કર્યા હતા. જૈન ધર્મના મૂલ્યવાન સિદ્ધાંતો - અહિંસા, અનેકાંત અને અપરિગ્રહને કોઈપણ વ્યક્તિ અપનાવી શકે છે. આ સર્વમાન્ય સિદ્ધાંતો માનવીય મૂલ્યો અને સંસ્કાર પર આધારિત હોવાથી તેનાથી સમાજમાં શાંતિ અને સહઅસ્તિત્વની ભાવનાને પ્રબળ વેગ મળે છે. આ ઉપરાંત આ ગ્રંથમાં લેખિકાએ દેવોને પણ દુર્લભ એવો મનુષ્યજીવન મળ્યા પછી એને કેવી રીતે સાર્થક કરવું એની ગુરુચાવી સંપૂર્ણ ગ્રંથમાં ઠેર ઠેર આપી છે. તેઓ જણાવે છે કે, ''કોઈના તરફ પણ દુર્ભાવ રાખ્યા વગર 'Live and let live'. - 'જીઓ અને જીવવા દો'નું વલણ માનવીને હિંસા, ચોરી, જુગાર વગેરે બદીઓથી દૂર રાખી સાત્વિક જીવનશૈલી તરફ દોરી જાય છે.''

તેમનો લેખ 'શક્તિ ઈન જૈન ફિલોસોફી'માં તેમના બહુવિધ જ્ઞાનનો પરિચય થાય છે. તેઓ લખે છે કે આત્મામાં સંઘરાયેલી અનંત શક્તિને ચેતનવંતી કરવાથી માનવી મુશ્કેલીઓથી દૂર રહી શકે છે, માટે માનવીએ અન્ય પરિબળો પર આધાર રાખીને બેસી રહેવાની જરૂર નથી. જગતકર્તા તરીકે વૈદિક માન્યતા અને શ્રમણ પરંપરાના વિચારો લેખિકાએ તેમના આ ગ્રંથમાં ઉદાહરણો સહિત વણી લીધા છે. તીર્થંકરોની પૂજા-અર્ચના આપણે ઐહિક માંગણીઓ માટે નહિ પરંતુ તેમને આદર્શ લઈ જીવનમાં નિષ્કામ ભક્તિ, સાધના અને તપ દ્વારા મોક્ષ પ્રાપ્તિનો જ હેતુ માટે કરતા હોય છે.

લેખિકાએ યોગ વિશેના લેખમાં યોગને તંદુરસ્તી ઉપરાંત વિજ્ઞાન સાથે સમન્વય કરીને એના વડે તન-મન સ્ફૂર્તિમય કેવી રીતે રહે તે વર્ણવ્યું છે.

ઉત્પલાબહેને અંતીમ લેખ 'પીસ અને હાર્મની'માં વિવિધ ઉપાયો દર્શાવી શાંતિ માટેના મહાપુરુષોના મંતવ્યો આપ્યા છે. લેખિકાના આ લેખમાં વિશ્વશાંતિ માટેની માનવીની ખોજ પૂર્ણતાએ પહોંચે છે. એને માટે માનવે સ્વપ્રયત્નો થકી જ આગળ વધવું એવું દર્શાવી શાંતિનો માર્ગ ચિંધ્યો છે.

ડૉ. રેણુકા પોરવાલ
૦૯૮૨૧૮૭૭૩૨૭

કૃતિ નામ : **આરાધના સમુચ્ચય**
રચયિતા : શ્રી રવિચંદ્રમુનીન્દ્ર
મૂલ્ય : રૂા. ૧૫૦/-
મુદ્રક : સોમૈયા પબ્લીકેશન પ્રા. લી.
સંપાદક/અનુવાદક : ડૉ. શુદ્ધાત્મપ્રકાશ જૈન
એક્ટિંગ નિર્દેશક, કે.જે. સૌમૈયા સેન્ટર ફોર સ્ટડીજ ઇન જૈનીજમ, વિદ્યાવિહાર, મુંબઈ - ૭૭.
પૃષ્ઠ : ૧૫૦

આ કૃતિમાં કુલ ૨૫૨ શ્લોકો છે જેમાં સમ્યકદર્શન, સમ્યકજ્ઞાન, સમ્યક ચારિત્ર અને સમ્યકતપ - આ ચાર આરાધનાઓનું વિવેચન કરવામાં આવ્યું છે. ગ્રંથનો પ્રારંભ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ પંચપરમેષ્ઠિને નમન કરીને થયો છે. ગ્રંથની વિષયવસ્તુ અત્યંત સુવ્યવસ્થિત અને ક્રમિક રૂપ થી બતાવી છે. આ ગ્રંથમાં કેવળ મોક્ષનો ઉપાયજ નિરુપિત કર્યો નથી પરંતુ એમ પણ સિદ્ધ કર્યું છે કે આ ગ્રંથના પઠનથી ઇહલૌકિક જીવનને પણ સુખ શાંતિ પૂર્ણ બનાવી શકાય છે. આજના અશાંત અને સંતપ્ત માનવ માટે આ ગ્રંથ એક અનોખો ઉપહાર છે. લગભગ ૪૦ શ્લોક સમ્યકદર્શનપર છે જેમાં તેના પ્રકાર અને ઉત્પત્તિની પ્રક્રિયા બતાવી છે. ત્યાર બાદ સમ્યકજ્ઞાનની આરાધનાર્થે સમ્યકજ્ઞાનના આઠ અંગ બતાવ્યા છે. સમ્યક ચારિત્રની આરાધનાની ચર્ચા કરતા સામાયિક વગેરે પાંચ પ્રકારના ચરિત્રનું વર્ણન કર્યું છે. તપના અંતરંગ ભેદ બતાવતા ધ્યાનનું વર્ણન કરતાં ધર્મધ્યાનના નિમિત્ત ભૂત દ્વાદશાનુપ્રેક્ષાનું પણ વર્ણન કર્યું છે. અંતમાં આરાધ્ય, આરાધક, આરાધનાનો ઉપાય અને આરાધનાનું ફળ બતાવી ગ્રંથનું સમાપણ કર્યું છે.

ગ્રંથની ભાષા સ્પષ્ટ છે. આચાર્યે વિષયનું પ્રતિપાદન બહુ જ સુંદર રીતે કર્યું છે. એમના પદ્યમાં આચાર્ય કુંદકુંદનો પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે. આ સમસ્ત ગ્રંથ પ્રાયઃ કોઈ પણ જૈન દર્શનના પાઠ્યક્રમમાં સમ્મિલિત થવા યોગ્ય છે. આમ આ ગ્રન્થ એક મહત્ત્વનો ગ્રંથ પૂરવાર થાય છે. ❑❑❑

## કરી દો!

જે જે મારું ગમે ન તમને, તાબડતોબ હી લો;
જે જે મારું રાશ ન આવે, તેને ખતમ કરી દો! -
કોઈ ન તમને પજવે માટે ચૉકી માથે લીધી;
અને લેખી ડખલ, કફોડી હાલત મારી કીધી!
તાળું બનવું નથી બારણે, ખુલ્લો મને કરી દો!-
કોઈ ન ઠોકર ખાય એટલે એટલે દીવો થઈ જો આવ્યો;
તમે ટપાર્યો : ભલો સૂરજ તેં અંધાપામાં વાવ્યો!
નથી દેખવું, નથી દાઝવું, પડદે મને ભરી દો! -

**ચંદ્રકાન્ત શેઠ** 'હદમાં અનહદ' પુસ્તકમાંથી

## કીડી સમી ક્ષણો....

કીડી સમી ક્ષણોની આ આવજાવ શું છે?
મારું સ્વરૂપ શું છે, મારો સ્વભાવ શું છે?
ઋતુઓનો રંગ શું છે, ફૂલોની ગંધ શું છે?
લગની, લગાવ, લહરો, આ હાવભાવ શું છે?
લયને ખબર નથી કૈં, આકાર પણ અવાચક,
શું છે રમત પવનની, ડાળીનો દાવ શું છે?
પર્વતને ઊંચકું પણ પાંપણ ન ઊંચકાતી,
આ ઘેન જેવું શું છે, આ કારી ઘાવ શું છે?
પાણીની વચ્ચે પ્રજળે, કજળે કળીકળીમાં,
એનો ઈલાજ શું છે, આનો બચાવ શું છે?
ચિંતા નથી કશી પણ નમણાં નજૂમી કહી દે,
હમણાં હથેળી માંહે આ ધૂપછાંવ શું છે?

**રાજેન્દ્ર શુક્લ**

## એ પણ સાચ!

રમતાં રમતાં પગમાં ગદાય કાચ,
– એ પણ સાચ!
સપનાંથી ભીતરમાં લાગે આગ,
– એ પણ સાચ!
જે જે રસ્તા જડ્યા, આપણે ત્યાં ત્યાં ચાલ્યા;
જે જે સન્મુખ થયાં, બધાંને કીધાં વ્હાલાં!
જડ્યો રોટલો, ઠીક છે!
મળ્યો ઓટલો, ઠીક છે!
પાણી લેવા કરે તરસનો તાગ,
– એ પણ સાચ!
જુએ ઝાંઝવે એ પોતાનો ભાગ,
– એ પણ સાચ!
ટાઢતાપવર્ષાથી કેવી માટી રહી ગૂંદાતી!
છત્તરછડીએ કેટકેટલી કળીઓ અહીં છૂંદાતી!
ધરતી માથે આભ, ઠીક છે!
તળિયે બહુ તરખાટ, ઠીક છે!
ઢળે પાનખર પાસે પ્હોંચી બાગ,
– એ પણ સાચ!
ભરી સભામાં પડે છોડવી પાઘ,
– એ પણ સાચ!

**ચંદ્રકાન્ત શેઠ**
'હદમાં અનહદ' પુસ્તકમાંથી

# Fate, Circumstance, Destiny!!

**Prachi Dhanvant Shah**

Sunday morning, February 2nd, 2018 was a regular Sunday until I discovered something unusual and scandalous... awful! Just as every second Sunday, I was all ready to step out, heading with my kids to Pathshala. But as I open my house door, my eyes and heart wouldn't believe what I discovered. My car was not there in my driveway. For instance, I rubbed my eyes and stepped back thinking about where my car would be, until the fact hit me hard that my car was stolen. What? Why? How? These gongs of assertions were throbbing hideously in my mindset. Swirls of emotions were twirling around me. But it was the fact. My car was filched by may be a destitute or insatiate individual. I was furious, distressed and woeful. In life, when we attach a word "MY" to anything or anyone, it expectedly sprouts a sensitivity of possession and fondness. For me it was "MY" car along with "MY" favorite music collection for long drives, few personal accessories and much more. And now to assimilate the datum that the so-called "MY" car was swiped away from my possession, it was like an abhorrent misery for me. Police authorities came over, recorded the report and handed me a copy of it. When I asked them, what would be the certainty of finding my car, he assured me not by saying "We would try our best" but by saying "Ma'am, forget about your car, it is next to impossible to find your car. Insurance would pay you and you should be good". These confident assurances for not taking any efforts to even trying to find a car put me off and aggravated me even more. I posted about this episode on social media and my bitter experience with law and jurisdiction. Comments hovered in, some constructive, some confident and some pessimistic with criticism and much more! Days passed by and in these days of anguish I mournfully missed my father. He was my strength and the only one who could console me during my mood swings. I felt helpless without him. I kept imputing him as his indulged daughter, why did he not teach me to live without him? How do I find answers to my queries and concerns? And so, I picked one of his books ***"Vichaar Manthan"***, gazed at that book visualizing his image on that book and opened it to read few of his words. I thought maybe his words could reveal me some comfort. As I opened the book, the first word my eyesight witnessed was *"Niyati"* (Fate), and I got my answer. I felt his presence around me and my anguish camouflaged into serenity. Was it a coincidence? Or a daughter's stanch love and plea to her father? I realized my imprudent distress for the loss of a mere car. A distress for irresponsible attitude of a Government officer who is abound by his jurisdiction? I discovered myself to be a miniscule entity with a confine scrutiny. My father's words endowed me with the fact that what I have and what I lost is nothing but my fate and destiny. The car was destined to be in possession of that stranger. Scrutinizing this fact, I realized that it was destined that on that night it was only my car which was to be taken away as a gift to that stranger's destiny. When there is so much of distress and sufferings around the world, people losing their life for no rationale, losing their homes in an accident, losing loved ones from their life, then it is fatuous of me moaning over a materialistic substance!

As I read through my father's (Dr. Dhanvant Shah) article on *"Niyati"* (Fate) it influenced to a blissful smile on my face and contentment to my soul. Allow me to share few of his keynotes included in that article.

Over an instance of his life through its ups and downs, he was very much inspired by a book by an author Sant Amitabh namely ***"Niyati ki Ananta Rekhayen"***. The wordy meaning of *Niyati* – Fate is proceeding which is destined to ensue and not in our constraint. Occurrences that are abounding to happen will occur and that is not to happen will never befall no matter what. All this is bound and destined. A seed will rest assured sprout into a tree or a plant but nothing else. Similarly, we all are committed to our destiny. Destiny cannot be altered and if it can be altered, then it is not destiny. None of the occurrences has the freedom of independence. In life, we perceive that many people achieve abundance in no span of time and with minimal efforts, and at the same time, there are many people who despite an enormous amount of efforts they do not achieve expected

outcomes in their life. This is what is Fate! Many individuals, after achieving all the success and dreams, lacking nothing that could deprive them of worldly happiness, they take a detour in their life and peruse spirituality, give up worldly life to become a monk, this indeed is fate!

One big rock is broken into three pieces. One piece could be used to sculpt a monument and worshiped, one piece could be used to be protruded as a stair and be scrubbed and one piece could be used into the toilet. This is the destiny of each piece of rock. Killing is a form of violence but when encompassed by military man for self-defense and protecting the country, it is not considered as violence. The action is the same, but perceptions and outlooks are different. This is nothing but fate!

Legendary Meera, Jesus, Mahatma Gandhi are known for amity and benevolence, leading to only good karmas in their life, then why did their life end with poison, the cross, and bullet? Their life did not accomplish into any bad karmas, then why a dreadful end? This is fate!

Nothing is inconceivable and accidental in life, accident word itself is a coincidence. A belief in coincidence is an accident. Everything is destined and abound to ensue. And your fate is not constructed by any divine or intelligent individual but by destiny itself. The karmic particles that you behold is responsible for your fate. Hence accepting the ideologies and moralities of fate would elope you from egoism and selfish motives of your life. Understanding and accepting the entities of fate would assure you of serenity and peace. Success and failure is nothing but just quintessence of fate and destiny then why does it lead to exhilaration and grief in life?

Accepting fate enables us not to position a thief or a sinner as a prey. No-one is a culprit, and no one is innocent. Whatever he is, is because of his fate and is destined to be one. Then why would we curse anyone if he harmed us or why would we praise someone if he went out of his way to help us? Everything is just fate!

After the physical decease, the soul is compelled to go through the cycle of rebirth and death and that is the destiny of that soul. Every *Avsarpini* and *Utsarpini Kaal* (time) include 24-24 Tirthankars for sure. This is destiny. There wouldn't be 23 or 25 Tirthankars, the number 24 is accurate and that is destiny. The names of the future Tirthankars is known which evidently connotes the fact that everything is destined. Every individual is enforced to perform an act or not to perform an act and that is controlled by fate. This world is an enduring showcase of fate and we are the artists performing our destined acts.

Don't be fearful or be traumatic. Do not mourn over something that happened against your favor. Your agony would not change your fate and will worsen, neither improve your fate. Whatever is destined will transpire because that is fate. So why stress yourself with grief and worries? Would that change your fate and destiny? The answer is apparently 'NO'. And yes, weather for you to understand and accept the codes of fate or not, is also destined. If destiny denotes you to be at peace accepting the factual of fate, then you would. And if not, then do what so ever, you would not be destined to accept life as fate. This is called the theory of Fatalism or Predestinarianism, and we cannot seepage out of it. But this theory absolutely does not indicate that we constraint ourselves from any action and putting best efforts for good. We cannot wait for fate to open his cards and let the destiny fall its way. Fate is what transfers you, from what you are, to what you want to be. The only difference between fate and destiny is "your choice". Fate is not in our hands, but effort and determination are, which eventually will contour into your destiny as per your fate. It is for you to make a choice. Because we are spinning the globe of our own fate, noble or malicious and never to be negated. *Harry S. Truman once said, "Your actions are the seeds of Fate and your deeds grow into destiny!"*

So, lets endure this theory of fate, experience solace in our life, be healthy and content, make a choice and contour our destiny!

***I do not believe in a fate that***
***falls on Men however they Act ;***
***But I do believe in a fate that falls***
***on them unless they Act !!***

**• Gautam Buddha**

❑❑❑

49, wood ave, Edison, N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
+1-9175825643

# JAINISM THROUGH AGES

Dr. Kamini Gogri

## LESSON - 6

**In this article we will study the spread of Jainism in Maharashtra**

Although Maharastra has no history of royal patronage to compare to that of Gujarat, Jainism flourished there at an early date because of the missionaries sent by Samprati. The language of many Jain writings is today known as Jain Maharastri **Prakrit**. Maharastra was, for a time, under the domination of the Calukya and Rastrakuta dynasties and this allowed Jainism to flourish for a long period. Some places, such as **Kolhapur,** still have large Jain population. The early popularity of Jainism in Maharastra is shown by the fact that beautiful Jain caves at **Ellora** were excavated in 800 CE. The epigraphic evidence suggests that Jainism was very popular in the Kolhapur district and had royal patronage (Chatterjee 1984: p. 60-64).

We can trace existence of Jainism in Maharashtra from ancient period. Lot of Jain caves, rock inscriptions and copper plates found in various parts of Maharashtra prove that Jainism was a prominent religion in this region.

Maharashtra is situated at western part of India. It is a part of the Plateau of Deccan. In ancient time Maharashtra included Northern parts of present day Karnataka and Andhra Pradesh. The word Maharashtra is not found in any Vedic literature, Ramayan or Mahabharat, but it is mentioned at many places in Jain and Buddhist literature and some Hindu purans.

Maharashtra has worked as a link between north and south India. This region is called a gateway to South India. Jainism oriented in North and eventually became a major religion of South India. Thanks to the Jain missionaries of North who migrated to South. For these missionary Jain monks of North India, there were at least two major routs to reach southern part of India, i.e. one from Eastern parts of India passing through Orissa, Andhra Pradesh and another passing through Maharashtra. The earliest known migration was in 3rd century B.C.E., when Acharya Bhadrabahu and thousands of Jain monks left North India and went to Karnataka. The only way for them was through Maharashtra as they left from the city of Ujjaiyini, which is in neighboring northern state Madhya Pradesh.

### Archeological Evidences

Migration of Jain monks to south India through Maharashtra took place as early as 3rd century B.C.E. The earliest inscriptional evidence of the presence of Jain monks in Maharashtra is the Jain cave at Pale (Paaley) in Pune district. This cave is situated on the famous ancient rout passing through Naane Ghaat. A rock inscription is carved in this cave, which is in Prakrit language and Brahmi script. The first line of this inscription is 'Namo Arhanta Nam'. No other lines of Namokar Mantra are written in this inscription. Scholars like Sankliya have dated this inscription back to 2nd century B.C.E. This is the earliest rock inscription found in Maharashtra. So the first inscription in Maharashtra is a Jain inscription. Interestingly, the first inscription in Marathi language, although it is not in Maharashtra, is also an inscription related to Jains.

There are many other caves and rock inscriptions related to Jainism in Maharashtra carved in later period. The most important Jain caves in Maharshtra are situated at Dharashiv and Ter in Osmanbad district, Ellora in Aurangabad district, Mangi-Tungi, Gajpanth, Ankai-Tankai and Patan in northern Maharashtra, Paaley in Pune district and Kundal in Sangli district.

Further, history of the most of the Jain pilgrimage centers in Maharashtra goes back to ancient or medieval period.

### Literary References

Many literary references also prove the presence of Jainism in ancient and medieval Maharashtra. The earliest Jain literature in India was written in Ardhmagadhi language, a language of ancient Magadh (Bihar). But later on many sacred texts and other important Jain literature was written in Maharashtri, a Prakrit language spoken in Maharashtra. The volume was so high that in later period this language was named as Jain Maharashtri language. In later centuries Jain literature in Maharashtra was written in Maharashtri Apbhransh language. All these languages are predecessors of present day Marathi language, the most important and official language of Maharashtra. Notable thing is that the old Marathi was known as a Prakrit language.

**To Be Continued In The Next Issue**

❑❑❑

76-C, Mangal Flat No. 15,
3rd Floor, Rafi Ahmed Kidwai Road,
Matunga, Mumbai-400019.
Mo : 96193 / 79589 / 98191 79589.
Email : kaminigogri@gmail.com

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

**દ્વારા**

# 'જીવનતીર્થ' સંસ્થામાં ચેક અર્પણ વિધિ

ધર્મ અને કરુણા એકબીજાના પર્યાય છે. ઉત્કૃષ્ટ કરુણા જ તીર્થંકર નામ કર્મનો બંધ કરાવે છે એ જ કરુણા આપણા સૌના હૃદયમાં સ્થાન લે અને જીવનને ઉન્નત બનાવે એ માટે શ્રી રમણભાઈ શાહ કે જેઓનું જીવન ધર્મમય હતું અને તેથી જ તેમની કરુણાભીની આંખમાં એક સ્વપ્ને આકાર લીધો અને જેના પરિણામરૂપ અંક શુભ મુર્હુતે તેમને સ્ફુરણા થઈ કે આપણે કોઈ આવું કાર્ય કરીએ. પર્યુષણ દરમ્યાન એક એવી સંસ્થા લઈએ જ્યાં શિક્ષણનો અભાવ છે, ગરીબી ઘરમાં ડોકિયા કરી રહી છે, સ્વાસ્થ્ય અંગે જાગૃતિ નથી, તો તેમાં સૌ તેમનો યથાશક્તિ ફાળો નોંધાવીને ધનરાશિ એકત્ર કરવામાં મદદરૂપ થાય, જે તે સંસ્થાને અર્પણ કરીને તેમના જીવનમાં પ્રકાશ પાથરીએ.

ઈ.સ. ૧૯૮૫ થી શરૂ થયેલી આ પ્રવૃત્તિ અવિરતપણે ચાલી રહી છે. આ વખતે 'જીવનતીર્થ' નામની સંસ્થા જેના ટ્રસ્ટી રાજુભાઈ પુરોહિત તેમજ દીપ્તિબેન છે. તેના માટે ટહેલ નાખી હતી. તેના પરિણામ રૂપે ૨૭ લાખ દસ હજાર ભેગા થયા, તે રકમ સંસ્થાને અર્પણ કરી.

ગુજરાતમાં આવેલા ગાંધીનગરની પાસે જુના કોબા મુકામે 'જીવનતીર્થ' સંસ્થામાં તા. ૧૭-૧૮-૧૯મી ફેબ્રુઆરીએ ચેક અર્પણ કરવા ગયા હતા. અગિયાર વ્યક્તિ આ કાર્યક્રમમાં સહભાગી થઈ હતી.

બાળમંદિરનું ઉદ્‌ઘાટન જૈન યુવક સંઘના સભ્યો દ્વારા કરાવ્યું. બાળમંદિરની પ્રવૃત્તિ સૌને પ્રભાવિત કરી દે તેવી છે. અહીં એક રૂમમાં બાળકો માટે લાયબ્રેરી જેમાં ગુજરાતી-હિંદી તેમજ અંગ્રેજી પુસ્તકો રાખ્યા છે. જે બાળકો હજુ શાળાએ ગયા નથી, તેમને શાળામાં જવા માટે તૈયાર કરવા, તેઓ ડરી ન જાય - તે માટે તાલિમ આપવી આ અભિગમ બહુજ પ્રભાવિત કરી જાય તેવો છે. રોજના વપરાશમાં આવતી વસ્તુ દ્વારા અક્ષરજ્ઞાન આપવામાં આવે છે. જેથી બાળકોને સહેલાઈથી યાદ રહે. કુલ ૫૦૦ બાળકોને ૧૫ બાળસંસાર દ્વારા શિક્ષણ અને ઘડતરની તાલીમ આપવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

ત્યાંની જ વસતિમાં મોટા થયેલા કમલેશભાઈ આજે શિક્ષક થઈને સંસ્થાની ખુબ જ નિષ્ઠાપૂર્વક સેવા કરે છે.

રાજુભાઈ તેમજ દીપ્તિબેન તેમજ તેમના કાર્યકરોએ બહુજ સુંદર રીતે આવકાર આપીને, તેમના સ્નેહની અનુભૂતિ કરાવી.

પ્રવિણભાઈએ પણ પ્રસંગ સારી રીતે થઈ જાય માટે ઘણી જ જહેમત ઉઠાવી હતી. કલ્પાબેન ન આવી શક્યા છતાં પણ બેનો માટે ચાલીસ સાડી મોકલાવી હતી. ઉપપ્રમુખ નીતિનભાઈ સોનાવાલાના અધ્યક્ષ હેઠળ ચેક અર્પણવિધિ બહુજ સન્માનપૂર્વક તેમજ ઉત્સાહપૂર્વક કરવામાં આવી. નીતિનભાઈ સોનાવાલાએ પોતાની આગવી શૈલીથી બાળકોનું મનોરંજન કર્યુ અને ગીત ગાઈને બાળકોને ખુશ કરી દીધા. ચંદુભાઈએ પણ બાળકોને પ્રોત્સાહિત કરતું સુંદર મજાનું ગીત ગાયું.

આમ આ અવિસ્મરણીય પ્રસંગ રહ્યો.

જીવનતીર્થ એટલે રાજુભાઈ, દીપ્તિબેનનો સેવાયજ્ઞ.

**રમા મહેતા**

*(અનુસંધાન પાનાં નં. ૩૪ થી)*

સફર એમની અધ્યાત્મની ઊર્ધ્વગામી સ્થિતિ દર્શાવે છે. ક્યાંક મીરા જેવી ભાવ દશા તો કયાંક ગોપીભાવ ક્યાંક ઓધ્ધવજી તો ક્યાંક વિદેહી રાજા જનક જેવી ભાવદશામાં એમનો માંહ્યલો ડુબકી લેતો જણાય છે. ક્યાંક ભોમિયા જેવી મનોસૃષ્ટિમાં વિચરણ, ક્યાંક ગગનવિહારી હંસ જેવું વિહરણ, તો ક્યાંક અનંત ની સફરે પ્રયાણ શબ્દોના માધ્યમથી નિઃશબ્દમાં સરકાવી દે છે. એમની અનેક કાવ્ય-કણિકાઓ ધ્યાનની પરાકાષ્ઠા પામી પ્રેમમાં પરિણત થવા મથે છે. પૂર્ણતાને પામવાની જોર પકડતી માનવ ઝંખના તેમની કૃતિઓમાં ઠેકઠેકાણે ઉજાગર થાય છે.

❑❑❑

વિભાધ્યક્ષ, સંસ્કૃત વિભાગ
આર્ટ્સ કોલેજ, શામળાજી, મો. ૯૪૨૭૬૯૩૫૫૪

## સમય સરે છે, આવો !

સમય સરે છે, આવો !
મારી માટીમાં જે વાવ્યું તેનો ફાલ બતાવો ! –
ઉંબર દીવો ધરતાં પૂછે : ક્યારે દર્શન દો છો ?
દીવાલ પૂછે : અમને ક્યારે કુમકુમ થાપા દો છો ?
ઘર દીધું જો મને, હવે ઘર મારું સરસ ચલાવો. –
મને સુવાડો, મને જગાડો, મને જમાડો હેતે,
જેની જેની મને જરૂરત, લાવી દો છો તે તે !
આટઆટલું કર્યા પછી પણ રૂ-બ-રૂ કેમ ન થાઓ ? –

**સૌજન્ય : ચંદ્રકાન્ત શેઠ**

'હદમાં અનહદ' પુસ્તકમાંથી

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-વર્તમાન કાર્યવાહક સમિતિ - ૨૦૧૭-૧૯

## હોદ્દેદારો :

**પ્રમુખ** : શ્રી ચંદ્રકાંત દિપચંદ શાહ

**મંત્રીઓ** : શ્રીમતી નિરુબેન સુબોધભાઈ શાહ

**સહમંત્રી** : શ્રીમતી વર્ષાબેન રજ્જુભાઈ શાહ

**ઉપપ્રમુખ** : શ્રી નીતીનભાઈ કાંતિલાલ સોનાવાલા

**મંત્રીઓ** : ડૉ. સેજલબેન મનીષભાઈ શાહ

**કોષાધ્યક્ષ** : શ્રી જગદીપભાઈ ભૂપેન્દ્ર જવેરી

## સમિતિ સભ્યો :

શ્રી લલિતભાઈ પોપટલાલ શાહ
શ્રી બિપિનભાઈ કાનજીભાઈ જૈન
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા
શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
શ્રી પન્નાલાલ કે છેડા
શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
કુ. મીનાબહેન શાહ
શ્રી બકુલભાઈ એન. ગાંધી
શ્રી હસમુખભાઈ ડી. શાહ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
શ્રી પ્રવીણભાઈ કે. શાહ
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ
શ્રી ચંદુલાલ જી. ફેમવાલા
શ્રી રજનીકાન્ત સી ગાંધી

## કો-ઓપ્ટ સભ્યો

શ્રી શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી વિનોદ વસા
શ્રી શાંતિભાઈ કરમશીભાઈ ગોસર
શ્રી હિતેશ મફતલાલ સવાણી
શ્રી પૂરબ ડી. શાહ
શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ
ડૉ. રેણુકા જિનેન્દ્ર પોરવાલ

## નિમંત્રિત સભ્યો

શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
કુ. રેશ્માબેન બિપિનભાઈ જૈન
શ્રી પ્રકાશભાઈ જીવનચંદ ઝવેરી
શ્રી ભરતભાઈ પારેખ
શ્રી કિરન શેઠ
શ્રી ગીરીશ આર. વકીલ
કુ. વસુબહેન ચંદુભાઈ ભણશાલી
ડૉ. સ્નેહલ સંઘવી
ડૉ. કામિની ગોગરી
શ્રીમતી ભારતીબેન પારેખ
શ્રી સુરેશભાઈ વી. શાહ
શ્રી મહેન્દ્રભાઈ શામજીભાઈ ગોસર
શ્રી કાકુલાલ છગનલાલ મહેતા
ડૉ. યોગીની શેઠ
શ્રીમતી કલ્પનાબેન શાહ
શ્રી દિનેશભાઈ બી. શાહ

## ફંડ રેઈઝીંગ કમિટી

શ્રી ચંદ્રકાંત દિપચંદ શાહ
શ્રીમતી સેજલબેન એમ. શાહ
શ્રી દિલીપભાઈ એમ. શાહ
શ્રીમતી રમાબેન વી. મહેતા
શ્રી વિનોદ વસા
શ્રી નીતીનભાઈ સોનાવાલા
શ્રી જગદીપ બી. જવેરી
શ્રી લલિતભાઈ પી. શાહ
શ્રી કિરણભાઈ શાહ
શ્રી હસમુખ ડી. શાહ
શ્રીમતી નીરૂબેન એસ. શાહ
શ્રી પિયુષભાઈ કોઠારી
શ્રીમતી ઉષાબેન પી. શાહ
શ્રી શાંતિભાઈ ગોસર
શ્રી બીપીનભાઈ જૈન

## રસધારા સોસાયટી કમિટિ

શ્રી ચંદ્રકાંત દિપચંદ શાહ
શ્રી જગદીપ બી. જવેરી
શ્રી શાંતિભાઈ ગોસર
શ્રી નીતીનભાઈ સોનાવાલા
શ્રી વિનોદ જે. વસા
શ્રી લલિતભાઈ પી. શાહ
શ્રી બિપિનભાઈ જૈન
શ્રી ચંદુલાલભાઈ જી. ફેમવાલા
શ્રી પન્નાલાલ કે. છેડા

## પર્યુષણ સમયે અનુદાન માટે સંસ્થા પસંદ કરવાની કમિટી

શ્રી નીતીનભાઈ સોનાવાલા
શ્રીમતી મીનાબેન શાહ
શ્રી પ્રકાશભાઈ જવેરી
શ્રી ચંદ્રકાંત ડી. શાહ
શ્રી વિનોદભાઈ વસા
શ્રીમતી ઉષાબેન પી. શાહ
શ્રી શાંતિભાઈ ગોસર

## અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
9819372908

**ફેબ્રુઆરી-એપ્રિલ ૧૯૬૦ના અંકોમાં ''ધર્મ વિચાર'' ૧ થી ૬ લેખો રજૂ થયેલ છે.**

૧. ધર્મ શું છે અને તેની જરૂર ખરી? શું ધર્મ અને સમાજવ્યવસ્થા વચ્ચે આંતરિક વિરોધ છે? ધાર્મિક સંગઠનો અને સાધુસંસ્થાની જરૂર છે? માનવીએ સામાજીક, આર્થિક અને રાજનૈતિક વિચારોમાં નિરંતર વિકાસ સાધીને નવો ઇતિહાસ રચ્યો; પરંતુ ધર્મનો ઇતિહાસ મૂળે આજ પણ, જેવો શરૂઆતમાં હતો, એવો ચાલ્યો આવે છે. જ્ઞાનનો સ્વભાવ સતત પરિવર્તન અને પ્રગતિ છે; ઇશ્વર અવિનાશી, અવિકારી અને અપરિવર્તનકારી તત્વ છે; અપરિવર્તનશીલતાને પોતાનો ગુણ માની લીધો. ધર્મને પોતાની જાતને બુદ્ધિથી તપાસી-પારખી શકાય એવી ચીજ નથી માનતો. ધર્મની આ ભુમિકા આજ સુધી ટકી રહેલી છે. **– ભંવરમલ સિંઘી.**


૨. ''ધર્મની પ્રેરણા ભલે કોઇ ઇન્દ્રાતીત નિગુઢ તત્વમાંથી મળી હોય, પરંતુ ધર્મનું સંગઠન એ તો માનવીની પોતાની કૃતિ છે. એમાં ખામીઓ, દોષો અને વિકારો જન્મે જ છે. એટલા માટે જ સમયે સમયે ધર્મનું સંસ્કરણ, શુદ્ધીકરણ અને નવીનીકરણ કરવું અનિવાર્ય થઇ પડે છે. આ બધું કરવાની હિંમત જ્યારે ધર્માનુયાયીઓ અને ધર્માભિમાનીઓ દાખવી નથી શકતા, ત્યારે દરેક જમાનામાં નવા નાના-મોટા સંપ્રદાયો પેદા થાય છે'' **– કાકાસાહેબ કાલેલકર**

૩. ''બીજાના દુખે હું દુખી કેમ થાઉં છું? બીજાને સુખી જોઈ મને કેમ સુખ થાય છે? આનો જવાબ નીતિ નહીં આપી શકે, અધ્યાત્મ આપે છે, હું અને બીજી વ્યક્તિમાં કોઇ મૂળભૂત એવી એકતા છે જેની મને પ્રતીતિ છે. જીવ માત્ર સાથે આ એકાત્મકતાની પ્રતીતિ તેનું નામ અધ્યાત્મ અને આ એકાત્મતાને જીવનમાં ઉતારવાનો પ્રયોગ તેનું નામ ધર્મ....'' **– દાદા ધર્માધિકારી**

૪. ધર્મવિચાર સાયન્સ જેટલો જ સત્ય છે. જેમ સાયન્સને તેમ જ ધર્મવિચારને આપણે છોડી શકતા નથી. દુનિયાભરના સુથાર, લુહાર..સાયન્સના નિયમો અનુસાર કામ કરે છે જો એ નિયમો છોડી દે તો તેમનું કામ નહિ થાય. તેમાં એમનો અટલ વિશ્વાસ હોય છે. જ્યારે ધર્મ-વિચારોમાં એ પ્રકારની અટલ શ્રદ્ધા પેદા થશે ત્યારે કહી શકાશે કે દુનિયામાં ધર્મની સ્થાપના થઇ છે'' **– વિનોબા ભાવે**

૫. ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ, તેમ જ એ બે તત્વોની દોરવણી નીચે ઘડાતો જીવનવ્યવહાર. આ જ ધર્મ પારમાર્થિક છે. બીજા જે વિધિનિષેધો, ક્રિયાકાંડો, ઉપાસનાના પ્રકારો વગેરે ધર્મની કોટિમાં ગણાય છે, તે બધા જ વ્યવહારિક ધર્મો છે અને તે જ્યાં સુધી પારમાર્થિક ધર્મ સાથે અભેદ્ય સંબંધ ધરાવતો હોય ત્યાં સુધી જ ધર્મને પાત્ર છે. પારમાર્થિક ધર્મ એ જીવનની મૂલગત તેમ જ અદ્રશ્ય વસ્તુ છે. તેનો અનુભવ કે સાક્ષાત્કાર ધાર્મિક વ્યક્તિને જ હોય છે..'' **– પંડિત સુખલાલજી**

૬. શુદ્ધ વૃતિ અને શુદ્ધ નિષ્ઠા નિર્વિવાદપણે ધર્મ છે, જ્યારે બાહ્ય વ્યવહારોના ધર્માધર્મપણામાં મતભેદો છે. તેથી બાહ્ય આચારો કે વ્યવહારો, નિયમો કે ધર્મ રીતરિવાજોની ધર્મયતા કે અધર્મયતાની કસોટીએ તાત્વિક ધર્મ હોઇ ના શકે. **– પંડિત સુખલાલજી**


પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ધર્મ વિચાર : ૧

ધર્મવિચાર : ૨

ધર્મ-વિચાર : ૩

પ્રબુદ્ધ જીવન

ધર્મ વિચાર-૪

ધર્મ વિચાર-૫

ધર્મ વિચાર-૬

ધર્મ-વિચાર ૧-૬ લેખો ફેબ્રુઆરી-એપ્રિલ ૧૯૬૦ વેબસાઇટ www.prabuddhjeevan.in ઉપર ઉપલબ્ધ છે.

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2018. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

નરોત્તમ પલાણ

મારા યુવા વિદ્યાર્થીઓ, વર્ષ પુરું થતું અને આપણે જુદા પડતાં તેમ આજે મારું જીવન પૂર્ણ થાય છે અને આ હું અંતિમ પત્ર તમને લખું છું.

તમે સહુ જાણો છો કે મારું જે કંઈ હોય તે તમે છો. આમ તો આપણા સહુનું લક્ષ્ય આપણા પ્યારા બાપુનું રામરાજ્ય છે. 'રામરાજ્ય' એટલે શાંત સ-રસ સામાજિક જીવન અને 'નિર્ગ્રન્થ જીવન દૃષ્ટિ'- આપણે એક બીજાને સતત ચાહતા રહીએ, ડોળઘાલું લાંબા લાંબા ઉપદેશવચનો અને કૃતકજ્ઞાનની આતશબાજીથી બચીએ - માત્ર અને માત્ર સરળ સહજ જીવન આ પણ આપણું રામરાજ્ય છે.

ચાલો, આવજો ! પરસ્પર હેત વધારજો, ખાદી પહેરજો અને વૃક્ષ વાવજો. જો વૃક્ષ વાવી ન શકો તો આજુબાજુના વૃક્ષોને પાણી પાજો. ઘર આંગણે તુલસી ક્યારો અને ફૂલ છોડ રાખીને દીવાબત્તી કરજો અને આ પણ ન બની શકે તો જિંદગીભર, ભૂલેચૂકે પણ લીલું પાન તોડતા નહિ ! પથ્થરની મૂર્તિમાં જરૂર પરમ તત્ત્વ છે, નાના મોટા પ્રત્યેક શરીરધારીમાં છે, પરંતુ શુદ્ધ સાત્ત્વિક સ્વરૂપે વૃક્ષ પૃથ્વી ઉપરનો પ્રત્યક્ષ દેવતા છે.

યાદ રાખજો - લીલું પાન ન તોડાય !

બસ, તમારું જીવન પણ લીલા પાન જેવું સદાય લીલું રહે - એવી પરમ તત્ત્વ-સત્ત્વને પ્રાર્થના સાથે -

લિ.
આપ શિક્ષક +
નરોત્તમ પલાણ
આશિષ

Postal Authority Please Note : If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai - 400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 Printed at Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. Editor : **Sejal M. Shah**
**Temporary Add.: 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai - 400004.**